ગુલઝારે પારસ.

પારસી દીન, દલેરી, અને દેશભક્તિ, તથા
વતન પ્રાન, શાએર ફીરદોસી.
ઇત્યાદિ. બાબતો પર ગુજરાતી
તથા અંગ્રેજી મનોરંજક
કાવ્યો

કર્તા—જેહાંગીર બરજોરજી સંજાણા, બી. એ.

રેવીન્યુ ફીનાન્શીઅલ ડીપાર્ટમેન્ટ, સેક્રેટેરીએટ.
ના રીટાયર્ડ વડા સુપ્રીન્ટેન્ડન્ટ, પુનાના માજી
ઓનરરી મેજીસ્ટ્રેટ, બાલાસીનોર સ્ટેટના માજી દીવાન,
સુરતની પારસી પંચાએત બોર્ડના માજી સેક્રેટરી.
ઇત્યાદિ

કિંમત રૂ. ૨-૮-૦

મુંબઈ
૧૯૩૭.

સાંકળિયું.

પેશરવદ.

મી. જેહાંગીર બરજોરજી સંજાણાનું આ બીજું પુસ્તક છે કે જેને પારસી વાંચનારાઓ સન્મુખ રજુ કરવાને હું શરૂઆતમાં બે બોલ બોલું છું.

"સરોદે અવસ્તા" નામનું એક પુસ્તક આસરે ૩૦ યા ૪૦ વરસ પર એક ભલા લખનાર મી. ફીરોઝે બાહેર પાડયું હતું. અવસ્તાનાં શિક્ષણોને અને અવસ્તાની બંદગીઓને લોકપ્રિય કરવાની તે, હું ભુલતો નહિં હોવું તો, પેહેલી કોશેશ હતી. ત્યાર પછી અવારનવાર કેટલીક તરફથી કોશેશો થઇ છે. તેમાં આ પુસ્તક એક નવી અગતની કોશેશ ઉમેરે છે, અને તે આપણી કોમના એક ભલા અને ભણેલા પુરૂષ તરફથી છે, કે જેવણનો દીની શિક્ષણો અને લખાણો તરફનો ચાહ ઉમરના વધારા સાથે વધતો અને વધતો રહયો છે. આપણે આપણા પુરાણા જરથોસ્તી ધર્મ, તવારિખ અને સંસાર વહેવાર માટે અવારનવાર ઘણું બોલાતું સાંભલ્યે છીએ. આગળા બે પાંચ દાહેકા કરતાં હાલમાં વધુ બોલાય છે અને લખાય છે. તે બોલાવાના અને લખાવાના જથ્થાનાં પ્રમાણમાં ખરેખરો ખુદા તરફનો ભક્તિભાવ વધતો જાય તો કોમનું ઘણું કલ્યાણ થવાનો સંભવ છે. તે ભક્તિભાવ ફકત શબ્દોમાંજ નહિ પણ કાર્યોમાં પણ રૂપ લે તો કોમનું વધુ ભલું થાય અને કોમની નામના વધે. મી. જેહાંગીર સંજાણાનાં આ કામની નેમ એવાજ પ્રકારની છે. તેથી તેને આપણે આવકાર લાએક ગણશું. આ પુસ્તક વિવિધ બાબદો ઉપર છે. એમાં ખુદાની પ્રાર્થના, તેની કોઇક નુરી પેદાયશોની સેતાયશ, દીનની સ્તૂતિ, કોમની તવારીખના કોઇક બનાવોની યાદ, કોઇક ફરજોનું શિક્ષણ, એવી વિવિધ બાબદોનું મનન કરવા જોગ લખાણ છે, અને તે દેલના એવા ઉંડા ઉભરાઓ સાથનું છે કે જે છાપ મેળવવાને તૈયાર થયલા (receptive) જીવડાઓને કાંઇક આનંદ આપે. વળી તે એક પહરેઝ અને ઠહરેલ કસાયલી કલમ

તરફથી છે જેવાં ઉલટમંદ હૈડાંનાં આ ઉદ્દગારો છે તેવાં ઉલટમંદ હૈડાંનાં વાંચનારાંઓનાં મન ઉપર કોઇક મજબુત છાપ મારે એવું આ પુસ્તક છે. એવાં કોઇક લખાણો કાંઇ નહિં તો પાંચ પચીસ જીવડાઓને જીવનનો કોઇક રૂડો ખ્યાલ આપે તો તે ઘણું આવકાર લાયક છે. માટે આવાં આ પુસ્તકને હું મે બોલથી ખુશી સાથે આવકાર આપી તે ઘણુંક ઘરોની વાતાવરણને ભલી અને સ્વચ્છ કરે એવી દુવા ગુજારૂં છું.

૨૧૧ પાઇલટ બંદર રોડ, કોલાબા. તા૦ ૨૭મી માર્ચ ૧૯૨૭.	જીવનજી જમશેદજી મોદી.

આભારના બે શબ્દો.

દેશ પ્રદેશમાં વિદ્દવતા માટે મોહોટી વિખ્યાતિ મેળવનાર વયોવૃદ્ધ વિદ્વાન શમ્સુલઓલમા ડૉ. જીવનજી જ. મોદી, બી. એ., પીએચ. ડી., સી. આઇ. ઇ., એ ઉપલો ફોરવર્ડ લખી આ પુસ્તકને આવકાર આપ્યો છે તે બદલ એમનો હું મોહોટો આભાર માનું છું.

માહારા મેહરબાન ને ખેરખાહ મિત્રો શેઠો સર હોરમસજી અને કએકોબાદ કાવસજી દીનશાહ, ધી ઑનરેબલ સર ફીરોઝ ખુરશેદજી શેઠના, શેઠ નોશરવાનજી સોરાબજી ગઝદર, તથા શેઠ બાપુજી પાલનજી લાલકાકા તે શ્રી શેહેંગાઇની પારસી અંજુમનના પ્રેસીડંટ આ પુસ્તકની સારી સંખ્યામાં આગમચથી નકલો ખરીદીને માહારા આ પ્રયાસને ટેકો આપ્યો છે તે વાસ્તે એ સાહેબોનો હું અંતઃકરણ પુર્વક ઉપકાર માનું છું.

મરહુમ એરવદ કાવસજી એ. કાંગાના અવસ્તાઓના તરજુમાઓ તથા શેઠો મોતીવાળા અને સહીઆરનાં પુસ્તક "Enlightened Non-Zoroastrians on Mazdayasnism" માંથી મેં જે મદદ મેળવી છે તેનો હું ખુશી સાથ સ્વીકાર કરૂં છું.

કર્તા.

દિબાચો.

પારસી ધર્મનું મહત્વ.

અરે માહારા પારસી બંધુઓ! તમારો પેગમ્બર મુવો નથી, તે ફના થયો નથી. જે ધર્મનો એ સ્થાપક હતો તેના ઉપર એ હજી તકેદારી રાખે છે, અને તેની હાલની ઉતરી પડેલી હાલતમાંથી તેને પાછો ચઢતી હાલતમાં ચઢાવવા, તેનુ ખોવાઈ ગયલું જ્ઞાન અને તેના ગુમ થયલા પ્રભાવો તેને પાછા સોંપવા, એ હંમેશાં તક જોતો રહ્યો છે. હાલના જરથોસ્તીઓ માટે, પોતાના ભાઇબંધોમાં પુરાતન આતશનો રગેરગ પ્રસાર કરી તેઓનાં હૈયડાંઓના આત્મિક યજ્ઞકુંડ ઉપર તેનો ભભુકો ફરીથી રોશન કરવા કરતાં, બીજું કીયું કામ વધારે ઉમદા હોય? પોતાનાં ધર્મ-પુસ્તકોનો અભ્યાસ કરીને બહાર પડી તે પુરાનું શિક્ષણ, જે પોતાના સાંભળનારાઓનો મઝહબીજ જોઇતી સત્તા તથા મજબૂટીથી શીખવી શકે, તે શીખવવાનાં કામ કરતાં વધારે ઉમદા કામ બીજું કીયું હોય? આતશ હજી બુજાઇ નથી ગયો, તેનાં કદીમ યજ્ઞકુંડો ઉપર તે હજી પજરતો રહ્યો છે, તેની રાખો હજી ગરમ છે અને ભભુકો લઇ ઉઠવા તૈયાર છે. અને હું તે દહાડાનું સ્વપ્નું જોઉં છું કે જયારે મહાન જરથોસ્ત પેગમ્બરની ફુક તેના આતશકદેહો ઉપર પાછી જોસબંધ ફુકાઇ, તે પુરાનાં પવિત્ર મકાનોનાં યજ્ઞકુંડો ઉપરની રાખને રોશન કરશે, અને હરએક યજ્ઞકુંડમાં આતશ ઝલકાત કરતો ઉઠશે અને તેનો જવાબ વાળતા ભભુકા આકાશેથી ઉતરીને ઇરાન્યન ધર્મ જેવો હોવો જોઈએ તેવો, એટલે કે મનુષ્યોના આત્માઓને માટે રસ્તો

બનાવનારી દિવાદાંડી જેવો, અને દુનિયામાંના સહુથી મોહોટામાં મોહોટા ધર્મમાંનો એક, બનાવશે.

ઉપલા ઉદગારો, ઉપલી ઉત્કંઠા, ધર્મોની વિદ્વાન અભ્યાસી બુઝોર્ગ મીસીસ ઍની બેઝંટ "ચાર મોહોટા ધર્મો" ઉપરનાં પોતાનાં ભાષણમાં બહાર પાડે છે.

પ્રખ્યાત ભાષાશાસ્ત્રી પ્રોફેસર વીલ્યમ્સ જૅકસન "કદીમ ઇરાનનો પેગમ્બર, જરથોસ્ત" નામની ચોપડીમાં એવાજ ઉદગારો બહાર પાડે છે. એઓ કહે છે કે "તે પવિત્ર આતશનો તનખો કદી પણ બુઝાયો નથી, તે પવિત્ર ભભુકો અદયાપિ ચાલુ પ્રકાશતો રહ્યો છે, જરથોસ્તનો ધર્મ હજી જીવતો જાગતો છે. હા, કીસ્મતના ગમે એવા રંગ થાય, તોય એ ધર્મ જીવતો જાગતો રહેશે જ્યાં વેર એ મહાગુરૂનાં નામને જેબ આપે એવા એના વારસો, જેવા કે કદીમ ઇરાનના એ પેગમ્બરની દીનને એકીનથી પાળનારા આજના પારસીઓ છે તેવા, હયાત હશે.

સને ૧૮૯૧ની પેહેલી માર્ચે ડૉ. માર્ટીન હાઉએ એક ભાષણમાં ખુલ્લાં મનથી કહ્યું છે કે પૃથ્વી ઉપર સહુથી મોહોટામાં મોહોટા થઇ ગયલા મહા પુરૂષોમાંનો તથા મનુષ્યજાતના ખરેખરા ભલું કરનારાઓમાંનો એક જરથોસ્તને માનવોજ જોઇએ. એજ વિદ્વાને બીજી જગોએ કહ્યું છે કે સચાઇનો એ પેહેલો પેગમ્બર હતો જેણે પૃથ્વી ઉપર દેખાવ દીધો અને એવો આતશ સળગાવ્યો કે જેને હજારો વર્ષ બુઝાવી શકયાં નથી.

"તવારીખ અને સાહિત્ય સંબંધી ભાષણો"માં જૉન ઇગ્નેશીઅસ વૉન ડુલીન્જર, ડી. ડી., કબુલ કરે છે કે જરથોસ્ત ખરેખરો

(ખોદા તરફથી મોકલેલો) પેગમ્બર અને અનેક દેવમત (પૉલીથીઇઝમ) વિરૂધ્ધની એક અજબ સ્વચ્છ દીનનો ઉપદેશક હતો.

રેવરંડ ડૉ. મોલ્ટને ૧૦મી જુન ૧૯૧૦એ લન્ડનમાં એક મેળાવડામાં કહી સંભલાવ્યું કે જરથોસ્ત ખરેખરો ખોદાએ મોકળી આપેલો પેગમ્બર હતો એમ હું માનું છું અને એવા પ્રાચીન કાળમાં એણે જાહેર કીધેલી દીનની બુલંદી અને પકવતા ભારી અચંબો પમાડે છે.

પ્રોફેસર એલ. એચ. મીલ્સે મત આપ્યો છે કે મહા ગુરૂ જરથોસ્તનાં ખાસ લક્ષણ જાણવાં હોય તો હું એમના ગાથા બતાવીશ જે તમામ સાહિત્યમાં એ જાતના એકલા એજ છે, અને આપણે જયાં સુધી કશી શહાદત ધરાવીએ છીએ ત્યાં સુધી એ અરસામાં કોઇ પણ મનુષ્ય થઇ ગયો નથી જેણે જરથોસ્તના ગાથાઓમાં જે વિચારો સમાયલા છે તેવા કદીય ઉચ્ચાર્યા હોય, અને એમાંના કેટલાએક વિચારો શીલસુશીલવાળા ધર્મના હવે સામાન્ય મહાન સિધ્ધાંતો છે, પરંતુ એમના વખત પર્યન્ત તે અગુસ્તા (કોઇને બી કાને નહી પડેલા) હતા. ગાથામાં જે જાતનું બ્રહ્મજ્ઞાન આવ્યું છે તેવું તે જમાનામાં કેવળ અસાધારણ હતું. ખોદા બાબત ગાથામાં જેવું નિરૂપણ (delineation) છે તેવું બાઇબલનાં જુનાં ટેસ્ટેમેંટમાં કદીબી નથી અને નવાં ટેસ્ટેમેંન્ટમાં ભાગ્યે હોય.

માત્ર થોડા માસ ઉપર, ૧૯૨૬ના મે માસમાં, પ્રોફેસર વીલ્યમ્સ જૅકસને કરાંચીમાં જે કહ્યું છે તે જુઓ:– "સીસ્તાનમાં મુસાફરી કરતાં અવસ્તાનાં જાણીતાં કાસવ તે હાલનાં હામાન સરોવરનાં પાણી મેં જોયાં. માન્યતા મુજબ એ જગ્યેથી સોશીયંત બહાર પડશે અને આખેરી હજારમાં જગત અને માનવીનાં ભલાં

કાર્જ ફ્રશોગર્દ કરશે. જરથોસ્તના વફાદાર અનુયાયીઓને આશાથી ભરપુર અને ઉત્તેજીત કરે એવો આ સંદેશો છે. પારસીઓ, તમારી આસ્થામાં મજબૂટ રહો. તમારા ધર્મગુરૂ વર્ગનો ઉધ્ધાર કરો. ખરા ધર્મના તરીકા મુજબ તમારાં બાળકોને કેળવો, અને દુનિયાનો મહાન ઐતિહાસીક ધર્મ સ્થાપનાર તમારા મહાનમાં મહાન સુધારક પેગમ્બરે શીખવેલા આદર્શો મુજબ જીંદગી ગુજારો. જરથોસ્તના અભ્યાસમાં જીંદગી ગુજારેલા એક ખ્રીસ્ટી તરીકે આ બધું હું તમુને કહું છું."

આની બે માસ પેહેલાં મુંબઇમાં એ વિદ્વાન અમેરીકને કામા ઇનસ્ટીટયુટના તખ્તા ઉપરથી આપણુને જે ઉપદેશ કીધો હતો તે જુઓ:— જરથોસ્ત પેગમ્બર ગેબી રીતે જોઇ શકયા હતા કે દુનિયામાં મનુષ્યજાતને રોશની અને અંધકાર વચ્ચે, નેકી અને બદી વચ્ચે, સારી અને બુરી શકિતઓ વચ્ચે, લડત કરવાની છે. *** અવસ્તામાં એઓ સાહેબે જે ઉંચ નૈતિક ઉપદેશોનો સમાવેશ કીધો છે તે માણુસ જાતની ઉન્નતિ અને બેહેતરી માટે, તેમજ તેને અંધારાંમાંથી ઉજાળાંમાં લાવી એકજ ખોદાની બંદગીમાં મશગુલ રહેવા ફરમાવે છે. *** એક ગ્રીક વિદ્વાને જરથોસ્તને દુનિયાના સેતારાની ઉપમા આપી છે, જે વાકય મને બહુ સુંદર લાગ્યો છે. જરથોસ્તી ધર્મ અત્યોત્તમ અને ખોદાઇ લાગણી બરપા કરનારો છે. *** જેઓ જરથોસ્તનાં ફરમાનોને સાચા રહ્યા છે તેઓ માટે આખી તવારીખ ઉપરથી કહી શકાય છે કે તેઓ ભુતકાળમાં પોતાનાં ફળદ્રુપ કામોથી પ્રસિધ્ધ હતા તેવીજ રીતે આજના પારસીઓ તેઓનાં કામોથી જાણીતા છે. માહારા જરથોસ્તી શ્રોતાજનો! તમુને હું શુધ્ધ અંતઃકરણથી સલાહ આપું છું કે ઇરાનના તમારા મહાન પેગમ્બરે સ્થાપેલી અને ઇતિહાસમાં પ્રખ્યાત થયલી તમારી દીનનાં બુલંદ ફરમાનો તથા આદર્શોને વલગી રેહેજો. એક

કિમતીમાં કિમતી મીરાસ તરીકે તમારા મહજબને મજબુટ ચોંહોટી રહેજો, અને હૃદય અંદર તમારા ઉમદા ધર્મની જોત સદાકાળ રોશન રાખજો."

ખુદ ખ્રીસ્ટી ધર્મગુરૂઓ અને વિદવાનો આવી ઉંડી પિછાણ અને સ્તુતિ આપણા કદીમ ધર્મની અને તેના અશો સ્થાપક સત જરથોસ્ત સાહેબની કરતા રહ્યા છે. એ મોહોટા સુધારક મહા દાનેશ જરથોશ્તની, તેમજ જ્ઞાનથી ભરપુર મેન્જાઇઓની, વખાણો આગળા કાળથી ગ્રીક તવારીખનવેશો, મુસાફરો, અને તત્વજ્ઞાનીઓ લખી ગયા છે.

કોઇક વાર આપણા કેટલાક ભણેલા મિત્રો તરફથી આપણે સાંભળીએ છીએ કે આપણાં ધર્મશાસ્ત્રમાં ફીલસુફી જેવું કશું નથી. એવા આપણા ભાઇઓને હું ડૉ. મીલ્સના ઉપલાં મતોનો હવાલો આપીશ. ચેમ્બર્સ એન્સાઇક્લોપીડીઆમાં એક લેખકે બતાવી આપ્યું છે કે જરથોસ્ત બેશક ઉંડા અને મહા વિચારવંતા ફીલસુફ (a deep and great thinker) હતા; પોતાના સમકાલિકો કરતાં તેમજ એવણની પછીના જમાનાઓના સહુથી વધુ પ્રકાશિત જ્ઞાની પુરૂષોમાંના ઘણાએકોનાં કરતાં બહુ બહુ ચઢયાતા હતા. એ લેખકના કહેવા પ્રમાણે, આગળા ગ્રીકો તથા રોમનો, જેઓ પારકા મુલ્કોની વિદ્વતા અને દાનાઇની જોઇએ તેથી જાસ્તી પ્રશંસા કરે એવા તો નજ હતા, તેઓ જરથોસ્ત માટે ઘણું ઉંચામાં ઉંચું મત ધરાવતા હતા તે એ લોકોએ એઓ સાહેબની દાનાઇની ફરી ફરીથી જે તારીફો કીધી છે તેથી સ્પષ્ટ જણાય છે. પ્લીની લખી ગયો છે કે શેહેનશાહ ઝરકઝીઝ જ્યારે ગ્રીસ પર ચઢાઇ લાગ્યો ત્યારે તેની સાથે ઓસ્થેનીસ નામનો એક મેન્જાઇ (મોબેદ) હતો જેણે ગ્રીશીઅનોને જરથોસ્તી શિક્ષણો સાથ પેહેલી પિછાણ કરાવી હતી, અને તે

ઉપરથી એ એલ્મ માટે યુનાનની પ્રજાઓમાં અતિ ઈચ્છા, બલકે ખરેખરો જુસ્સો, ઉશ્કેરાઇ રહ્યા હતા. પીથેગોરાસ, એમ્પી-ડોકલીસ, ડેમોક્રીટસ અને પ્લેટો દરિયાઓ ઓળંગીને એ એલ્મ હાંસલ કરવા ગયા હતા, તેમજ બીજા પણ ઘણા યુનાનીઓ, જેઓ સ્વદેશમાં પાછા ફર્યા બાદ એ નવી હાંસલ કીધેલી વિદ્યાને ઘણી કિમતી ગણી તેને એક ભેદી રહસ્ય (mystery) તરીકે લેખતા હતા, હજી સુધી આપણે જરથોસ્તીઓ આપણા પેગમ્બર સાહેબને રમ્ઝગો એટલે ભેદોના કહેનારના એલકાબથી ઓળખીએ છીએ.

"ઝંદ અવસ્તાની કિમત" એ બાબતના વિષયમાં ડા. માર્ટીન હાઉ વાજબી સવાલ કરે છે કે ત્રણથી ચાર હજાર વર્ષો આગમચ જે ફીલસુફીવાળાં મતો (doctrines) ગાથાઓમાં પ્રગટયાં છે તેવાંજ મતો છેક હમણાંના વખતના કેટલાક મોહોટા ફીલસુફો, જેઓ જરથોસ્તી કદીમ શિક્ષણોથી નાવાકેફ છે, તેઓ બહાર પાડે છે, ત્યારે જરથોસ્ત સાહેબને દુનિયામાં કોઇબી વખતે થઇ ગયલા સહુથી મોહોટામાં મોહોટા વિચારવંત પુરૂષોમાંના એક તરીકે ગણવામાં શું આપણે વાજબી નથી?

પ્રોફેસર મોન્યર વિલ્યમ્સ ૧૮૮૧ની જાન્યુઆરીનાં નાઇટીન્થ સેનચરીમાં લખે છે કે પ્રાચીન ઇરાનીઓ જેઓ એક શેહેનશાહાત બરપા કરનારી પેહેલીજ આર્ય કોમ, અને એક વખત તમામ પૃથ્વિ પર સહુથી વધારે આગળ પડતી અને પ્રસિધ્ધ પ્રજા, હતી, તેઓએ પોતાના ધાર્મિક અને ફીલસુફીના આદર્શોથી તેમજ પોતાનાં સાહિત્ય, કાયદાઓ, અને સંસારી સંસ્થાઓથી, તમામ માણસજાતની બુદ્ધિની ખીલવણી ઉપર અસર ફેલાવી છે.

પારસીઓની પવિત્ર ભાષા, લખાણો અને ધર્મ ઉપરના રેસાલાઓમાં ડા. માર્ટીન હાઉ જરથોશ્તના ગાથાઓ વાસ્તે કહે છે કે એમાં આત્મજ્ઞાનની બાબતો પર ફીલસુફી ભર્યા અને ગૂઢ વિચારો સામાન્ય કરીને જાહેર કીધેલા છે.

મોસ્યુ હાર્લે કહે છે કે આગળા બધા ધર્મોમાં જરથોસ્તી ધર્મ આ બાબતમાં ચઢે છે કે એમાં નીતીનો ક્રમ છે અને ફીલસુફીવાળા નિયમો ઉપર એ રચેલો છે.

ડૉ. એલેકઝાંડર વીલ્ડર, એમ. ડી., "જરથોશ્તોની ફીલસુફી તથા નીતિશાસ્ત્ર"માં જણાવે છે કે બેબીલોન જીત્યું તે પેહેલાં પણ ઇરાનનું રાજ હિંદુસ્થાનથી તે હેલેસ્પોન્ટ સુધી લંબાયલું હતું, અને તેજ વખતથી મનનશીળ વિચારમાં નવી શકિત દેખાવા માંડી, તથા જયાં જયાં જરથોસ્તી મત દાખલ થતું ગયું ત્યાં ત્યાં ફીલસુફીએ કારકિર્દી શરૂ કીધી, અને આએજ તવારીખી વખતથી આઇઓનીક (યુનાની) અને બીજી ફીલસુફીની સંસ્થાઓ સ્થાપાઇ. એ લખનાર ઉમેરે છે કે સદીઓના ઉંડામાં ઉંડા વિચારો સાથે ઝોરોસ્ટ્રીએનીઝમ મળી ગયું છે અને જયાં બી એ હાજર હતું ત્યાં એણે સ્વચ્છતા પાંથરી છે,

મુસાફર અને નૉવલીસ્ટ જેમ્સ બી. ફ્રેઝર ઇરાનના તવારીખી અને બ્યાનરૂપી એહેવાલમાં કહે છે કે પ્રખ્યાત દાનાવ જરથોસ્તનાં બ્રહ્મજ્ઞાન અને ફીલસુફીનાં શિક્ષણો આગળી પ્રજાઓને સારી રીતે જાણીતાં હતાં.

અંગ્રેજ ફીલસુફ વીલ્યમ ડવાઇટ વ્હીટનીએ મત દરશાવ્યું છે કે એની ફીલસુફીનાં ઉંડાણના સબબે, તેમજ એના આદર્શો અને શિક્ષણોનાં આત્મીકપણાં તથા એનાં નીતિશાસ્ત્રની નિર્મળતાનાં કારણે, જરથોસ્તી દીન સૌથી ઉમદા અને વધારે વખાણવા લાયક છે.

ઑકસફર્ડ યુનીવર્સીટીમાં ડૉ. લૉરન્સ મીલ્સે ભાષણોની હાર-માળા આપી હતી, જે "પ્રાચીન ઈરાનમાં આપણો પોતાનો ધર્મ" નામનાં પુસ્તકમાં ખ્ર. સ. ૧૯૧૩માં એણે પ્રગટ કીધી છે. એની અંદર એ વિદ્વાન પ્રોફેસરે ગાથામાં સમાવેલા મહા સિધ્ધાંતો અને ઉંચ ફીલસુફી માટે જે સુંદર શબ્દો લખ્યા છે, તેમાંથી થોડો ઉતારો અહિયાં ઉતારવાની જીજ્ઞાસા હું અટકાવી શકતો નથી. દિબાચામાં એ કહે છે, "Take what I regard as the finest product of the entire system, next after or next before, the beautiful thought of the 'Attributes' as the 'Archangels';—I refer to the 'subjective recompense';— how many myriads of refined disciples need just such relief as this doctrine offers, namely that both Heaven and Hell lie chiefly within ourselves? It is nothing less than splendid as an intellectual result, making Avesta far and away the deepest and most refined lore of all equal antiquity. * * * Where has even the early Bible anything to compare with it? It is now wide spread, of course, among the more enlightened of the clergy, but I very greatly doubt whether the main body of the laity feel it as they should. The threats of a flaming Hell may be more effctive toward the embruted masses, but the time has surely come when every human body should understand that his good or evil thoughts, words, and deeds are actually preparing and moulding his eternal future destiny; that they

constitute the very quintessence of Heaven or Hell ;— and they will surely bring their own reward or their own revenge, as being the central element in the 'great assize' and the 'last sentence.' Not only does the Avesta preserve the first effective application of these vital opinions, but we actually need Avesta to-day to enforce them upon us. We are not all fully 'used' to them as we suppose,- far from it." પોતાનાં બીજા ભાષણમાં એ કાબેલ પ્રોફેસર કહે છે:— "Of all the ancient religions of the earth the Persian should be the dearest to Jews and Christians on account of its close intimacy with their own, and also because of its depth, *i. e.*, its 'interior' spirit."

વેદ અને અવસ્તાનો પ્રસિધ્ધ સ્કૉલર પ્રોફેસર આર. વૉન રોથનાં વજનદાર મત પ્રમાણે વેદ ઘણું વધારે કવિતાઈ પુસ્તક છે, પણ અવસ્તામાં બહુજ વધારે બ્રહ્મજ્ઞાન (theology) છે.

આ હિંદુસ્થાન દેશમાં આપણા વડીલો જરથોસ્તી ધર્મના કાનુનોની બરકતથી જબરી કીર્તિ, તેમનાં કામોથી, સાહાસથી, અને પરમાર્થથી, મુકી ગયા છે, જેનો મઘમઘાટ હજી તુરીક કાયમ છે. પારસી પરમાર્થના જાણવા જોગ દાખલાઓ યુરોપ્યન મુસાફરો અને લેખકો લાંબી મુદતો થયા નોધતા રહ્યા છે. જેમકે—

(૧) ૪થી અક્ટોબર ૧૭૯૦ના બોમ્બે હેરલ્ડ પત્રમાં શેઠ સોરાબજી મંચેરજી રેડીમનીનાં પરોપકારી કામોની નોધ લેતાં કહ્યું છે કે એ શેઠની વર્તણુક ઇન્સાનિયતને બુઝોર્ગી આપનાર છે અને એઓની સખાવત અને એઓનો પરમાર્થ આ પ્રસંગે દેખાડી આપવાને હમોને સંતોષ ઉપજે છે; હાલ ખોરાકીની તંગી ચાલે છે તે સમયે નિતરોજ એઓ પોતાને ખર્ચે જુદી જુદી ગ્નાતનાં બે હજારથી વધુ ગરીબ આદમીઓને જમાડે છે.

(૨) ૧૬૮૯ના સાલમાં સુરત તરફની દરીયાઇ સફર નામની ચોપડીમાં મેજર ઓવીંગટન લખે છે કે જે લોકો તંગી ભોગવતા પણ કામ કરવાની શક્તિ ધરાવતા હતા, તેવા હાજતમંદોને સર્વ ચીજ પુરી પાડવાને પારસીઓ તત્પર રહેતા; જેઓ રોજગાર વગરના હતા અને કામ કરવાને શક્તિ ધરાવતા હતા તેઓને નોકરી રોજગારે લગાડતા, જેઓ અપંગ અને દળિદ્ર હોય તેવાઓ ઉપર વખતસરની ઉદાર સખાવતની નવાજેશો કરી, તેઓ સર્વે ઉપર માયાળુપણું બતાવતા. એથી એઓની કોમમાંથી કોઇબી નિરાશ્રિત કે ભીખારી નજરે પડતો નહી હતો.

(૩) ૧૮૦૫ તથા ૧૮૦૬માં ફેલાયલો દુકાળ હિંદુસ્થાનના મુલકની પાયામાલી કરતો હતો તે વખતે પારસી વેપારી શેઠ અરદેશર દાદીએ ત્રણ મહિના સુધી ૫૦૦૦ ગરીબ ગુરબાંઓને ખાધખોરાકી પુરી પાડી હતી.

(૪) કેપ્ટન લીટલની ટુકડીની લશકરી હીલચાલો નામની ચોપડીમાં મેજર મુર જણાવે છે કે દુખ્યારી હાલતમાં આવેલા યુરોપ્યન વતીકને પારસીઓ ખોરાકી પોશાકી પુરી પાડતા હતા, ઉદ્યોગ તથા વેપાર વડે ઓહોળી હિમતથી ઘણા પારસીઓ પુષ્કળ નાણું જમાવ કરી શકયા છે, જેનો ઓહોળો ઉપયોગ સખાવત

તથા પરોપકારનાં કામોમાં તેઓ કરે છે; હિંદુસ્થાનની અંદર સર્વેથી સુંદર વાહાણો તેઓ બાંધી જાણે છે; ઉપયોગી રોજગારમાં ગરીબ હમજાતીઓને તેઓ ધંધે નોકરીએ લગાડે છે. એજ મેજર વળી લખે છે કે મેં એક પણ પારસી ભીખારી જોયો નથી, તેમજ એકબી બદકાર પારસણને જોઇ નથી, અને પતિવ્રતાનો નાદર ગુણ જે દરેક દેશમાં માન પામેલો છે તે ગુણ એશીઆની ઓરતોમાં હિંદુસ્થાનના પારસીઓમાં તથા ઇરાનના ગબરો (જરથોશ્તીઓ) માં ખાસ હસ્તિ ધરાવે છે, અને ઇરાનના મુસલમાનોએ માહારી આગળ કબુલ કીધું છે કે જરથોશ્તી કોમ મોગલ પાદશાહાતની સરહદમાં વસતી સર્વેથી નીતિમાન, સદગુણી, ઉદયોગી અને નિર્દોષ પ્રજા છે.

દૂરના ભુતકાળમાં તેમજ નજદીકના ભુતકાળમાં, માજદયરની ધર્મની બરકતથી, તેનાં અનુપમ નીતિદર્શક, નીતિઉત્તેજક, અને તે સાથે ખરેખરાં વેહેવારૂ ફરમાનો અને શિક્ષણોના પ્રતાપે, પૃથ્વી ઉપર પારસી પ્રજાએ પોતાની નીતિરીતિ, સદાચાર, પરોપકાર, પતિવ્રત, ઉદ્યોગ, અને નિર્દોષાપણાંનો જે મજબૂટ છાપ પાડયો છે તે છાપ શું હવે આપણે ભુસાઇ જવા દઇશું કે ઓર તે વધારે દિપાવતો બનાવીશું? આપણા વડીલો જે જસ જમાવી ગયા, સુગંધ પાંથરી ગયા, તે ઝાંખાં પડવા દઇશું, કે તે ઓર વધારે વધરાવીશું.

જે મહા કષ્ટો, વિઘ્નો, ને જપ્રાકારીમાંથી પારસીઓને પસાર થવું પડયું છે, તે છતાં તેઓ જે આગેવાન દરજ્જો કરોડોની વસ્તીવાળાં હિંદુસ્થાનમાં મેળવવા પામ્યા તે આપણા ધર્મનાં પાકીજગે તેમજ વેહેવારૂ આદર્શો તથા શિક્ષણોના પ્રતાપે. નામીચો ભાષણશાસ્ત્રી જેમ્સ ડારમસ્ટેટે "પારસી ધર્મ અને ઇતિહાસમાં તેની જગો" વાળાં ભાષણમાં આમજ કહે છે, "પૂર્વ તરફનાં જુદાં જુદાં

દેશોમાં મુસાફરીઓ" નામની ચોપડીમાં સર વીલ્યમ આઉઝલી, એલએલ. ડી., પણ આપણી તરફ આવ્યા બાદ પોતાના જાતી અનુભવના આધારે લખે છે કે પારસીઓનો ધર્મ સદાચારી વર્તનોની માત્ર ભલામણ કરીને નથી રહેતો; પરંતુ એનામાં એવી ખુબી છે કે જેને લઇને એ સદ્‌ગુણી ખાસિયતો ખરેખરી ઉત્પન્ન કરે છે, જેથી કરી એ ધર્મ પાળનારા મર્દો પ્રમાણિક અને ઓરતો પતિવ્રતા બને છે. એડીનબરો રિવ્યુ જેવાં ધરખમ માહવારીના અકટોબર ૧૮૯૫ ના અંકમાં "ઇરાનના એતેકાદ" ઉપર એક લેખમાં એવુ જણાવ્યું છે કે પૃથ્વી ઉપર હજી એક કોમ રહેલી છે જે ઇરાનના પુરાણા મજહબના સ્થાપક જરથોસ્તની દીનનો અને તેનાં પવિત્ર પુસ્તોકોનો તેની સ્વચ્છતામાં અમલ કરે છે, અને જેઓ એ દીન હજી પાળે છે (યાને પારસીઓ) તેઓ બ્રીટીશ તાજ હેઠળની સહુથી વધુ ઈજતદાર, નીતિમાન, અને ઉદ્યોગી પ્રજાઓ માંહેલા છે. એપ્રીલ ૧૮૯૬ નાં ધી થીઓસોફીસ્ટમાં મી. બેકર હડસન જણાવે છે કે આખી દુનિયામાં પારસીઓ પ્રમાણીકપણું, ઉંચી નીતિ, મગજની ચબરાકી, તથા પરોપકાર માટે પ્રખ્યાત છે, તે જોતાં આપણને ખચીત લાગે છે કે અવસ્તામાં શિક્ષણોનો જે જથ્થો છે તે બેશક એક અમૂલ્ય ખજાનો છે.

"હાલના વખતનો એક જરથોસ્તી" નામની બહુ વિદ્વતાથી લખાયલી ચોપડીમાં તેનો કાબેલ કર્ત્તા સેમ્યુઅલ લેંગ કહે છે તેમાં કશી અતિસ્યોક્તિ નથી કે કોઇબી ધર્મમાં મળી આવે તે કરતાં જરથોસ્તી ધર્મમાં સૌથી વધારે સંપૂર્ણ અને બોહોળી નીતિરીતિની કાયદાપોથી છે, અને બુધ્ધીસ્ત, યાહુદી તથા ખ્રિસ્ટી ધર્મોની નીતિની કાયદાપોથીઓમાં જે કાંઇ ઘણું સારૂં છે તે બધું એમાં આવી ગયું છે, તથા તે ઉપરાંત ઘણી નેકીઓ ને બુરાઇઓ એમાં ખુલાસાથી સમજાવેલી છે કે જે બાબતમાં ખુલ્લાં ફરમાનો ખ્રિસ્ટી ધર્મમાં પણ અપાયાં નથી.

માજદયસ્ની દીન જેટલી પવિત્રાઇથી છળછળ થાય છે તેટલી તે વળી વેહેવારૂ છે. ટુકમાં, એનો મુદ્રાલેખ કહો તો આ છે કે જોરેમંદ થવા કાજે અશોઇ અખતયાર કરો અને અશો થવા કાજે જોરેમંદ બનો. ઝંદ અવસ્તાનાં ભાષા અને ગ્રંથની બાબત પર લખતાં મો. બરતુક વિવેચન કરે છે કે "ઘણીખરી યશ્તોમાં જે એકી વખતે લડાયક અને ધાર્મિક સ્વરૂપ જણાય છે તેની ખુબીવંત અસરથી એ લોકોની મર્દાની તાલીમ એવી હતી કે જેથી ફરી સાઇરસે સ્થાપેલી પાદશાહાત જાહોજલાલીએ ચઢી." પારસી શેહેનશાહ દાર્યવુશે નકશે રૂસ્તમ પાહાડ ઉપર લેખો કોતરાવ્યા છે તે સિધ્ધ કરે છે કે એની હકુમત પાસે, હિંદ, અરબસ્તાન, મીસર, યુનાન, સીથ્યા, બેકટ્રીઆ, વિગેરે ત્રીસ મુલ્કો ઉપર ચાલતી હતી. અર્દેશીર બાબેકાને નેવું રાજાઓને તાબે કીધા હતા, એમ અરદાવિરાફનામાંની શરૂમાં આવે છે. થોડા મહિના ઉપર પ્રોફેસર અરનેસ્ટ હર્ઝફેલ્ડે રૉયલ એશિઆટીક સોસાયટી સમક્ષ ભાષણ કરતાં જણાવ્યું કે નક્શ આરસપાહાણની દિવાળો ઉપર ઇ. સ. ત્રીજી સદીમાં કોતરાયલા પેહેલવી લેખો એઓએ શોધી કાહાડયા છે જે સાબેત કરે છે કે આખું ઉત્તર-પશ્ચિમ હિંદુસ્થાન તે વેળા ઇરાની શેહેનશાહતનો એક પ્રાંત હતો, અને તેની ઉપર ઇરાની અમલદારો અમલ ચલાવતા હતા, અને ઠેઠ દીલ્હી વેર તેઓની સત્તા ચાલતી હતી. એ પ્રોફેસરે જે મેહેલો, પુલો તથા કીલ્લા શોધી કાહાડયા છે તેમાં સાથી વધારે ધ્યાન ખેંચનારો બાદશાહ અર્દેશીરનો મેહેલ છે. અકટોબર ૧૮૯૩નાં કૉર્નહીલ મેગેઝીનમાં એક લેખક લખે છે કે દુનિયાનાં સહુથી મહાભારત જંગ, મેરેથોનની લડાઇએ ગ્રીસની અખંડતા બચાવી ખરી, મગર જરથોસ્તનાં વધારે સ્વચ્છ શિક્ષણો જે ઇરાની ક્ષત્રપો મારફતે પંથરાયા વના રહેત નહી તે પશ્ચિમનાં મુલ્કોમાં આવતાં અટકયાં. તવારીખનવેશો કબુલ કરે છે કે ઇરાનીઓનો અમલ ઇનસાફી અને પ્રજાપાળક હતો. આપણા ઇરાની શહેનશાહોએ પોતાના તાબેની ઇઝરેલાઇટ પ્રજા ઉપર કેવી અતિ ઉદાર મેહેરબાનીઓ બતાવી હતી,

તેના અચૂક દાખલાઓ ખ્રિસ્ટી બાઇબલના ઓલ્ડ ટેસ્ટેમેન્ટમાં હંમેશ માટે જળવાઇ રહેલા છે. પ્રતાપી પાદશાહ શ્રોસ્રોસ ધી ગ્રેટ, નૌશીરવાન અદલ, ના અમલમાં ઇસ્લામી પેગમ્બર સાહેબ હઝરત મુહમ્મદનો જન્મ થયો હતો એ બીના એઓએ પોતાની હદીસે શરીફમાં હરખભર જણાવી છે.

"આજે અને કાલે—ગોરી પ્રજાની અજમાએશ થવાનો હીંગામ" નામની નવી પ્રગટ થયેલી ચોપડીમાં તેનો કર્તા મી. જે. એચ. કર્લ એવો મત જાહેર કરે છે કે દુનિયાનું ભવિષ ગોરી પ્રજાઓ ઉપર લટકે છે. ગોરી પ્રજાઓમાં મી. કર્લ પારસીઓનો પણ, તેઓની કુશળતા (efficiency) ના સબબે, સમાવેશ કરે છે, અને ચેતવે છે કે ભવિષ્યમાં ગોરી પ્રજાઓની શ્રેષ્ટતા ઉઠલાવી નાખી શકે એવી જે અસરો યા શકિતઓ (influences) હોય તેને ચોકસપણે અને છેવટની કાબુ અંદર લાવવા વાસ્તે ગોરી કોમોએ અત્યારથી પોતાનાં ઘર વ્યવસ્થા પુર્વક બનાવવાં જોઇએ. આ ચેતવણી કિંવા સુચના ઉપર, આપણી કોમને લાગે વળગે છે ત્યાં સુધી, આપણા હિતેચ્છક નેતાઓએ કાળજી પુર્વક ધ્યાન પુગાડવાની ખુલ્લી જરૂર છે. નભરવસ રહેવાનો વખત નથી. પેલી અંગ્રેજી કહેણી ભુલવી નહી જોઇએ કે The race is to the swift, the battle to the strong.

કઇ નામાંકિત શેહેનશાહી પ્રજાની આપણે ઓલાદ છઇએ તથા કયા સર્વોત્કૃષ્ટ ધર્મના આપણે પારસીઓ વારસો તેમજ પાસ્બાન છઇએ, અને તેથી કરીને આપણી સાચી ફરજો શું છે, તેનું ઉઘરતી ઓલાદને કંઇ સ્મરણ કરાવવાના હેતુથી આ માહારૂં પુસ્તક બહાર પાડવાની હું રજા લઉં છું. દીનકર્દનાં છઠાં પુસ્તકમાં કહ્યું છે કે દીનની મોતેબરી પિછાણથી માથ્ર ભણવાની હુલટ પેદા થાય છે, માથ્ર ભણવાથી ધર્મી પેશાવાળાઓનો તથા યજદાનની

આરાધનાનો વધારો થતો રહે છે, ધર્મી પેશાવાળાઓનો તથા યજદાની આરાધનાનો વધારો થવાથી દુનિયામાંથી બદી દૂર થાય છે, **અને** દુનિયામાંથી બદી દૂર કર્યાથી અમર્ગી, ફ્રશોગર્દ, અને રિસ્તાખેઝ થશે.

નમસ્કાર દાદાર હોરમજદને.

ગઝલ.

(રાહ—દીવાના તેરા આશકે ઝાર હું મએં,
ફીદા તુજપે મુદ્દતસે ઓ યાર હું મએં.)

નમસ્કાર હજાર તને કરૂં, ઓ હોરમજદ!
મુજ સર ઉપર ઢાલ તાહારી ધર તું, ઓ હોરમજદ! *

ગોલાબની સીફતમાં કરે ગાણું બુલબુલ,
ન કાંય તુજ સીફતમાં હું ગીત ગાઉં, ઓ હોરમજદ!

સૌ યઝદ, અમેશાસ્પંદ, ને મનુષ્ય માત્ર,
ખુદ દમ ફુંકે તુંથી જ હું માનું, ઓ હોરમજદ! †

શું વનચર, કે જળચર, કે પંખી પરંદાં,
બનાવનાર ન તું સિવાય જાણું, ઓ હોરમજદ!

---

* સરોશ યશ્ત હાદોખ્તમાં જણાવ્યું છે કે જે બંદગી ખરાં દીલથી કીધેલી તથા બદ નિષ્ટાથી દૂર તે માણસને માટે એક બચાવ છે, દરૂજની સામે એક ઢાલ છે.

† હોરમજદ યશ્તમાં પેગમ્બર જરથોશ્તને દાદાર હોરમજદ એવું કહેતો જણાવ્યો છે કે અય જરથોશ્ત! બહમન અમશાસ્પંદ માહારી પેદાયશ છે; અરદીબેહેશ્ત અમશાસ્પંદ માહારી પેદાયશ છે; શેહેરેવર અમશાસ્પંદ માહારી પેદાયશ છે; અસ્પંદાદ અમશાસ્પંદ માહારી પેદાયશ છે; ખોરદાદ અને અમરદાદ, જેઓ બીજી હયાતીમાં જનારા અશો લોકોનો બદલો છે, તેઓ બી માહારી પેદાયશ છે. અય અશો જરથોશ્ત! તે કેમ છે તે તું જાણ. માહારી અકલથી તથા ડહાપણથી દુન્યાં શરૂઆતથી હતી તેજ પ્રમાણે દુન્યાં છેડે સુધી રહેશે."

અનાજ, આબ, વનસ્પતિ, રોશની ને ધરતિ,
બનાવ્યાં તેં સુંદર, વખાણું, ઓ હોરમજદ ! *

તને તાહારી પેદાયશ પેહેલાં નમસ્કાર
હું વાંકો વળી ત્રણ વાર કરૂં, ઓ હોરમજદ ! †

ભલી સર્વે ન્યામત બખશનારો તું છે,
એ બક્ષેશનો બદલો કેમ વાળું, ઓ હોરમજદ !

તું ખોલ તાહારી દરગાહનો દરવાજો, દાદાર ;
ઉમેદવાર હું દરવાજે થોકું, ઓ હોરમજદ !

તરી જવા ભવસાગર આસાની સાથે,
દે યારી રે તાહારી, હું વિનવું, ઓ હોરમજદ !

છે જંગલની જાલમાં સખ્ત જકડાયલો જહાંગીર ;
ઓ કહે "તારીશ જંજાલો ઝટ હું", ઓ હોરમજદ !

---

* ઈથા આત યજમઈદે અહુરેંમ મજદાંમ, યે ગામચા અષેમચા દાત, અપસચા દાત, ઉર્વરાઓસચા વંઘઉહીશ, રઓચાસચા દાત બૂમીમચા, વીસ્પાચા વોહૂ. (જમવાની બાજ.)

† નેમસે-તે અહુરમજદ, નેમસે-તે અહુરમજદ, નેમસે-તે અહુરમજદ, થ્રીશચિત પરો અન્યાઈશ દામાન. (ખોરશેદ નીઆએશ.)

ઈશ્વર—સ્તુતિ.

જીહોવા કોઇ કહે છે, કોઇ બ્રહ્મા, ઇશ્વર,
કોઇ કહે અહુર્મજદા, કોઇ અલ્લાહ અકબર.

હજોર તાહારાં નામો, મગર તું છે એક,
હા એક, પણ છે તુજમાં સમાયું હરેક.

વિચાર્યું તેં "બન" અને બન્યું બરહક,
હા બન્યું, બને છે, ને બનશે બેશક.

નથી તને આદિ, નથી તને અંત,
રહ્યા, રહે છે, રહેશે તું હમેશ પર્યંત.

તું છે સર્વ વ્યાપક, છતાં છે અનંગ,
નથી તને રૂપ કે નથી તને રંગ.

કીધાં પેદા તેં ઝાડ, મનુષ, પ્રાણીને,
કીધાં ખાક, હવા, અગ્નિ, ને પાણીને.

મોકલ્યો અહિયાં તેં પેગમ્બર નેકનામ,
પુગાડવા અમોને પવિત્ર પેગામ,

શિખાડવા અમોને શુદ્ધ નીતિના પાઠ,
ને હૃદયમાં એકતાન થવા તાહારી સાથ. *

---

* શીરાઝના જગવિખ્યાત શાએર હાફીઝની નીચલી બે મધુર લીટીઓ બહુ જાણવા જેમ છે:-

હાફીઝા ! ચું વસ્લ ખાહી સુલેહ કુન બા ખાસો આમ,
બા મુસલમાન અલ્લાહ અલ્લાહ, બા બરેહમન રામ રામ.

આ લીટીઓનો તરજુમો હું બેતમાં નીચે આપું છું:-

THOUGH GOD'S NAMES BE MANY, HE IS BUT ONE.

As Hormazd the Parsis have known Thee since ages;
Jehovah * wast named Thou by Israelite sages.

As Rām or Shree Mahādev the Brahmin both name Thee;
As Father in Heaven Christ's followers claim Thee;

As Parmātmā Vedantists do Thee avow;
To Allāh the Merciful Islamites bow.

Though various Thy names, Mazda! Thou art but One;
Thou madest the Earth and Thou madest the Sun.

Whatever exists far on high, or below
To Thee, oh Almighty!, its existence doth owe.

મુરાદ તાહારી હોય, હાફીઝ, વરલે અલ્લાહ,
તો ખાસ તેમજ આમ સાથે કર તું સલ્લાહ.

પોકાર અલ્લાહ અલ્લાહ મુસલમાનો સાથ,
અને રામ રામ પોકાર તું બ્રાહ્મણો સાથ.

જરથોશ્ત સાહેબ ૩૪મા હાના બીજા ફકરામાં ખાહેશ જાહેર કરે છે કે અ‍ો હોરમજદ! તાહારે લાયકની બંદગીથી હું તાહારા નજદીક પોહોંચું.

* જીહોવા અથવા યાવેહ એ ખોદાનું નામ હીબ્રુ પવિત્ર પુસ્તકોમાં આપવામાં આવ્યું છે, એ નામ unpronounceable ગણાય છે, એટલે કે એ નામ લખાય, પણ એ ઉચરાઈ શકાય નહિ. જ્યાં એ નામ લખાયલું કે છપાયલું હોય ત્યાં વાંચતી કે બોલતી વખતે યાહુદીઓ એલોહીમ (Elohim) નામ બોલે છે.

Yea, Thou wast, and Thou art, and Thou ever shalt be; *
The Soshyants from old have borne witness to Thee.

Men may worship in temple, in mosque, or in church;
For Thy Presence their innermost soul they must search.

ખોદાનાં નામો જપવાનું ફળ.

ગઝલ.

(રાહ—ભલાઇ કર ચલો જગમે, તુમારા ભી ભલા હોગા.)

પરોઢિયાંમાં હું ઉઠતાં સાથ પઢું "યથા" "અશેમ" સુસ્વર,
દાદાર હોરમજદનાં બખ્તાવર હું નામો લઉં જબાન ઉપર.

સકાળેથી વમાસતાં શુભ, વિચાર શુભ રેહે દિવસ આખો,
ને જે જે કાર્યો કરવાનાં કરી શકીએ તે હિમ્મતભર. †

---

* હમા બુદ ઓ હમા હસ્ત ઓ હમા બેદ.

† મીસીસ ફ્રાન્સીસ પાવર કૉબ "મનુષ્ય જાતની ઉમેદો" નામની ચોપડીમાં લખે છે કે પારસીઓનું સંસ્કારશાસ્ત્ર વાસ્તવિક એવું રચેલું છે કે દરેક દિવસ શરૂ થતાંમાં પ્રથમ વિચાર નીતિને ઉત્તેજન આપનારો, તેમજ રોશાનીની અંધકાર ઉપર, નેકીની બદી ઉપર, આનંદની ગમી તથા દુ:ખ ઉપર, છેવટે ફતેહ થશેજ એવી ખાતરીની આશા દેનારો બને છે.

જેનાં હોઠ પર અહૂરનાં નામ ન બદકારી તેને બાઝે, *
અહૂરનાં નામો આપે હામ, વળે શાંતિ હૃદય અંદર.

જે જણુ જીગરમાં હર ઘડી અહૂરનું નામ રેહે ભરડી,
થશે એકસૂર અહૂર સાથે, અશોઈમાં વધશે સરબસર.

જે શખ્સ ભકિતની ભેટો સાથ ભજે હોરમજદને દીસ ને રાત,
તેની ખુશી ને યારી કાજે આવશે એ ભલો પરવર. †

સગન માંગતી સજની.

ગઝલ.

(અગર હમ બાગબાન હોતે તો ગુલશનકુ લુટા દેતે.—રાહ).

સકાળ પ્રહરે મહારે કાન ધીમો સાહાદ પડયો મીઠાસદાર,—
ઉઠો માહારા ભલા ભર્થાર જાગો, પડી છે ખુશ સહવાર.
રે જાગો, જાન, તમે નીંદથી, ઉઠો મલકાતા મુખડા સાથ,
સૂરજની નીકળી અસ્વારી, ઝઝકળું થઇ રહ્યું છે બાહાર.
જુઓ પંખીઓ જાગે છે, સુનો હારમોન્યમ વાગે છે,
મળસકેથી સરોદ સુંદર તમુને આપે છે આવકાર.
કીધાં આંગણે મેં ચોક ચંદન, સારા માંગ્યા છે મેં સગન,
ખુશી તમામ રેહે આપણે ઠામ, વણુજ વ્યાપાર વધે બીસ્યાર.

---

* હોરમજદ યશતમાં દાદાર હોરમજદને એમ કેહેતો જણાવ્યો છે કે "યેજી વષિ જરથુશ્ત્ર અવાઓ ત્બએષાઓ તઉર્વયો ... અથ ઈમાઓ નામેનીશ દ્રેનજ્યો ફ્રેઓવ વિસ્પાઇશ અયાંનઘં ક્ષફ્નસચ" (એએ જરથોશત ! તું ચાહે કે આએ ખરાબીઓ તોડનારો થાય તો આએ માહારાં નામો મનમાં યાદ કરનારો થઈને દરેક દિવસ તથા રાત તું મોહોટે સાદે ભણ.)

† હોરમજદ યશતમાં કહ્યું છે કે "યજએષ માંમ જરથુશ્ત્ર પઇતિ અસ્ની પઇતિ ક્ષફ્ને યસ્ના-બેરેતાબ્યો જઓથ્રાબ્યો. જસાની તે અવંઘહુએચ રફ્નંઘહુએચ અજેમ યો અહુરો મજદાઓ" (એએ જરથોસ્ત ! ઈજશને કરવા માટે લઈ ગયલી ભેટોથી દહાડો અને રાત મને ભજવો જોઈએ; હું હોરમજદ તાહારી મદદને માટે તથા ખુશીને માટે આવીશ.)

પુરા પ્રેમથી, પતિ માહારા, કપાળ પર તમ કરૂં ચુંબન,
કરૂં અપણુ હું રાતો દન, અખંડ તમુને માહારો પ્યાર.
પમરતાં ફુલો વાડીથી વધાવવા વીણી લાવી છુ,
બનો બિદાર, માહારા સિરદાર, દુઆ માહારી કરો સ્વિકાર.
ઉઠો હસતા વીરા વ્હાલા, પીઓ પાવોજી સુખ–પ્યાલા,
શુભ ઇચ્છાના ખીલે કયારા, થાય સુખમાં દી હરેક પસાર.

———:o:———

ચાંદરણી.

સેતારાથી રાત્રી છે હીરાજડિત,
આકાશ ઉપર ચંદ્રમા છે ચકચકિત.
ધીમો ધીમો ફુકેછે ઠંડો પવન,
પગ આગલથી વેહેતું છે ઝરમર ઝરણ.
મીઠાં પારબતીનો આવે મઘમઘાટ,
પીપળપાન પવનથી કરે ખણખણાટ
ને પાડેછે ભોંય ઉપર ધ્રુજતા ચિતાર;
ધીરો, મીઠો સંભળાય દુર વાગતો સિતાર.
છે વાગોળતી ઉભી વિચારવંતી ગાય,
તેનું વાહાલું વાછરડું ધાવતું જણાય.
બસ શાંતિ, પુરી શાંતિવાળી છે રાત,
એ ટાંણે હું સાંધું માહ યઝદનો સાથ.
વખત ચાંદરણીનો છે પ્રેમને અર્પણ,
ખોદાઇ ખાલેસ પ્રેમના તુરંગ લાવે મન.
એવે ટાંણે, સ્થળે, મન માંગે મુરાદ,
કે ગુંચવણ ને ભ્રાંતિથી બન્ને આઝાદ.
ખોદાથીજ માહતાબ વધે, ઘટે છે; *
ખોદાથીજ અધર આભ ટકેછે.

---

* કે યા માહ્‌ઓ ઉફ્ઝાઇતિ નેરેકસઇતિ થ્વત=તારા સિવાય કોણ છે જેનાથી માહતાબ વધે છે તથા ઘટે છે? (યજશ્નેનો હા ૪૪, ફ. ૩)

એકીન, મોહોબત, ને એકસંપી.

ગઝલ.

(રાહ—સમનખુયાન ગુબારે ગમ ચું એનશીનન્દ એનશાનન્દ.)

ખુશીના ઉદગાર કહાડો, ભજન ભજવા હવે માંડો,
નવો ઉગ્યો છે શુભ દાહાડો, ભલાં તમ કામો ઉપાડો.

ઓ જરથોસ્તીઓ! તમ પૂર્વજ સમજતા ધર્મની ફરજ;
કરૂં તમુને હું અરજ કે ચિત્ત ધર્મ પર ચોહોંટાડો.

બનો ભેગા આતશબેહેરામ, ભણો પાક માથ્રના કલામ,
સફળ બને તમારાં કામ, બર આવે નેક મુરાદો.

શુરાતન ને સખાવતમાં, અનાથોની હિમાયતમાં,
દાદાર હોરમજદની મોહોબતમાં, હરેક પળ તમ ગુજરવા દો.

જો ભુખ્યાંઓની ભાંજશો ભુખ, જો દુઃખ્યાંનાં મટાડશો દુઃખ,
બીજાંનાં સુખમાં જાણશો સુખ, તો મેળવશો આશીર્વાદો.

કરોડોની ને પચરંગી આ દેશમાં વસ્તી છે જંગી,
બધા સાથે રહી એકસંગી, સુલેહ ભર્યાં દિવસ કહાડો.

હરેક કોઇબી સવાલ ઉઠતાં, ધિરજ જરાય નહીં ખુટતાં,
જનુનથી તે નહિં ચુંથતાં, આસાન સેવટ ઉતરવા દો.

જગકર્ત્તાને જરથોશ્તના સવાલો.*

અરે હોરમજદ! સર્વજ્ઞ, નેગેહબાન!
છે ખાહેશ મને તુંથી મેળવવા જ્ઞાન.

ખરો આપ જવાબ મજને, પરવરદેગાર!
અશોઇનો શરૂમાં કોણ પેદા કરનાર?

સેતારા ને સૂર્યોના માર્ગ મુકરર
કીધા કોણે, હોરમજદ, મને કર ખબર.

અરે કોણ એવો છે બસ તહારા સિવાય
જેનાથી વધવું ઘટવું ચંદ્રનું થાય?

અધર ધરતિ આકાશ ટેકાવનારો કોણ?
ને આબ તથા ઓરવર બનાવનારો કોણ?

ઝડપ બખ્શી કોણે વાદળ, પવનને?
કીધું છે પેદા કોણે ભલાં મનને?

અરે પાક હોરમજદ! મને જાણ કર
કોણ અજવાળાં, અંધકારનો છે કારીગર?

બનાવી કોણે નિંદ તથા જાગૃતિ?
અને કોણે સહવાર, બપોર, રાત કીધી?
અશોઇને વધારે છે શું આર્મઇતિ †?

ને શું તાહારૂં રાજ્ય તેં નેક મનશ્ની
પર સ્થાપિત કીધું છે, અએ જગધણી?

તેં પેદા કીધી કોણને વાસ્તે ધરતિ
ખુશાલી ઉપજાવનારી અને ફરતી?

---

* જુઓ ગાથા ઉશ્તવદ, હા ૪૪, ક. ૩-૬.

† આર્મઇતિ એટલે તાબેદારી, તેમજ સંપૂર્ણ મનશ્ની.

કુદરતની કરામતો કરનાર કોણ?

દબાય છે જે પગ તળે રોપો નરમ,
યા વડ જેવું વૃક્ષ ઉગતું ઉંચું, મક્કમ,

હરેક લીલું પાન ને દરેક પુષ્પ-કલી,
ને ભપકાદાર મોરલો કે સાદી ચલ્લી,

ખડો પ્રૌઢ પર્વત કે વેહેતી નદી,
સૌ ખુલ્લો પાઠ શીખવે છે એમ હર ઘડી,

કે કોણ છે એ સઘળી કરામત કરનાર,
એ બધું બનાવનારો કોણ સરજનહાર?

સમાવી શકે છે સુગંધનો ડુંગર
કોણ અંબરની બારીક એક રજકણ અંદર?

કોણ ઘહું, ડાંગર, જવ, તલને શકિત આપે
કે એકમાંથી પેદા થાય લખ્ખો માપે?

અરે હમ ખોદાનો એવો એજમતી,
કે "થા" કહેતાં સમેત થઇ ઉત્પત્તિ. *

તમામે તમામ ઓહોળાં બ્રહ્માંડ અંદર
એક બિંદુ જેટલું બી ન એના વગર.

એ અંદર પણ છે તથા બાહેર પણ છે,
એ અદ્રશ્ય છે તેમજ જાહેર પણ છે.

નથી જોઇ શકાતો એ આંખો વડે,
પણ શ્રદ્ધાથી અંતઃકરણમાં જડે.

---

* દસ્તુરાન દસ્તુર શોહેરમર્દ મલેકશાહ એક કેતાબમાં લખે છેઃ—

કિરતારનો ભેદ અગાધ.

(દોહરા)

જીવ કોણે જગાડયો? કોણ મોકલાવે મોહોત?
ભરતીને ભરનાર કોણ? કોણ આણે છે ઓટ?

ધરણી ફરે છે કોણથી? કોણથી ફરે આકાશ?
તારા પ્રકટે કોણથી? કોણથી સૂર્ય-પ્રકાશ?

દિ પુઠે કોણ રાત્રી, મોકલે છે અચૂક?
વારી ચાર રૂતો તણી, બાંધી કોણે અમુક?

કોણ મોકલાવે મેઘને? કોણ પકાવે ધાન?
કોણ પત્થરનાં પેટમાં, પકવે હીરા-ખાન?

કોણથી સાગર-તળમાં, પળાય મચ્છી લાખ?
કોણે ગેંડા, હાથી, કોણે બનાવી માંખ?

પંખી ભમે આકાશમાં, વનચર ભટકે વન,
એ હરેક હરેકને, કોણ પોહોંચાડે અન્ન?

બનામે ખુદા યજદે રેહનમુન
કે ગેતી બરપા કર્દ અઝ કાફો નુન,

યાને, રેહબર ખુદાના નામથી શરૂ કરૂં છું કે જેણે 'કુન' (કાફ વ નુન) યાને 'થા' એમ એક બોલના હોકમથી જહાનને પેદા કીધી.

કોણે દીધું છે ભાન ને કોણે અંતઃકરણ ?
તારણ, મોક્ષ કોણથી ? કોણનું કરવું ચિંતન ?

ગાથા લખાયા પાંચ ને ચાર ગૉસ્પલ, વેદ ;
એ છતાં કિરતારનો, પુરો પમાય ન ભેદ. *

"હું" અને "તું"

જબાન પર હંમેશ લઉંછું દાદારનું નામ,
ને ચાલુ પઢુંછું અવસ્તા કલામ.

અવસ્તા બી વાંચ્યા ને બાઇબલ, કુરાન,
વેદાંત ને ગીતામાંથી લીધું કાંઇક જ્ઞાન,

---

* "ફ્રીમેસનરીની તવારીખ"ના છઠા વૉલ્યુમમાં ડૉ. મેકાઈ અને ડબલ્યુ. આર. સીંગલટન સાચું અવલોકન કરે છે કે ખોદાની અનંતા આપણે માનવી જોઇએ ; પણ આપણી સમજ શકિતની હવડાંની સંકોચવાળી સ્થિતિનાં કારણે અનંત ખોદાને સમજવા આપણે અશકત છીએ, એને આપણે માત્ર કલ્પી શકીએ; જે ખોદા સમજી શકાય તે ખોદા જ નહી; અનંત ખોદા બેહદ ગુઢ છે; જે આપણાં જ્ઞાનની બહારછે તેને વમાસવાનું સાધન આસ્થા યા શ્રધ્ધા છે.

મરહુમ શેઠ ખ, ર. કામા જરથોશ્ત સાહેબના જન્મારાના એહેવાલમાં યજશ્નેના હા ૨૮ તથા ૩૧ ના સંબંધમાં સમજણ આપે છે કે જરથોશ્ત જ્યારે બહુમનની ખેરદની બક્ષેશ ઈચ્છે છે અને તેની મારફતે હોરમજદને જોવા ઈચ્છે છે ત્યારે તેની મતલબ અકલ તથા જ્ઞાનની મારફતે હોરમજદને જોવાની યા પિછાનવાની સમજાય છે; જરથોશ્તે મનની આંખે હોરમજદને જોયો હતો; 'હયત થવા હેમચ્યઅમઈની હેઉ. ગ્રબેમ' (હા ૩૧, ૮) એ એબારત આવે છે જેનો અર્થ જ્યારે મેં તને મારી આંખની અંદર પકડી લીધો (conceived) એવો થાય છે, જરથોશ્તે હોરમજદને જોયો હતો ખરો પણ તે કામ તેનાં મનની આંખે બન્યું હતું.

ને વાંચી બુદ્ધીરત, શીન્તો, ફીલસુફી કંઇ,
પણ મનમાનતો મને જવાબ જડતો નહી,

ને ચાલુ એક ગુછવણમાં હું રહ્યો છું,
કે હું કોણ છું ને અરે કોણ તું ?

હું આદમ કેહેવાઉં છું અને તું ખુદા,
શું આદમ ને ખુદા એ બે છે જુદા ?

અગર એ બે જુદા તો એક કયારે થાય ?
"ખુદામાં મલી જવું" તે શું કેહેવાય ?

હરેક હરેકમાં જે "હું" છે તે કોણ ?
એ "હું" થી "તું" જુદો, તો તું છે તે કોણ ?

બુઝોર્ગ કીર્તિમાન જમશીદ પેશદાદીઆન,
અજબ જેનું ખોરેહ, એલાહી ઉત્તમ ભાન,

કહ્યું તેણે પ્રજાને હું છું ખુદા,
મને અને તેને ન જાણો જુદા.

પણ પ્રજા ખીજવાઇ આથી, આ શો અહંકાર !
આ મગરૂર કેહેવાડે પોતાને કિરતાર !

સેતારો હવે થયો જમશીદનો! અસ્ત,
જમાનો હવે તેનો આવ્યો બરગસ્ત.

અમીરો, સીપાહો, થયા બેવફા,
એને છોડી ઝોહાક સંગ ભેગા થયા.

ઘણી કીધી કોશેશ એ શાહે, મગર
ન ઝીલી શકયો ઝોહાક સામે ટક્કર.

તે પામ્યો અંતે એક જબરદસ્ત હાર,
ને નાઠો, છુપાતો, સંતાતો, હાડમાર.

જેને કેહેતી પ્રજા ખુદાવીંદ સરતાજ,
તે નાનના એક ટુકડાનો બન્યો મોહોતાજ.

ન કોઇએ દીઠો તેને સો વર્ષો તક,
થયો જાણે દુનિયાથી ગુમ મુતલક.

સોમે વર્ષે ચીન દેશના દરીઆની પાસ
જણાઇ આવ્યો એક દી એ બાદશાહ ઉદાસ.

બેડી ઘાલી પગ હાથમાં કેદી મીસાલ,
ગયા ઘસડી ઝોહાક પાસ તેને તત્કાળ.

તે જાલમના જીગરમાં જાગ્યો હસદ,
ઘણું ઘાતકી મોહોત દેવા કીધો કસદ.

મંગાવ્યાં તેણે પાટીયાં લાકડાંનાં બે,
બંધાવ્યો શાહ જમશીદને તેની વચ્ચે.

મંગાવી એક લોખંડી કરવત ધારદાર,
તે કમનસીબ શાહને વેહેરાવ્યો આરપાર.

વળી આરબ ફીલસુફ, મનસુર જેનું નામ,
જે ચાલુ 'અન અલ હક્ક' નો ગોખતો કલામ,

જે પોતાને કિરતાર સાથ જોઇ એકતાર,
"ખુદા હું છું" કેહેતો હતો બાપોકાર,

ગણી તેને નાસ્તિક ને પાપી અધમ,
ખલીફે જબેહ કરવા આપ્યો હોકમ.*

વળી બોલતો એમ જીજસ પેગમ્બર નેક
કે હું ને ખુદા, મુજ પીતા, છઇએ એક.

અરે શું પવિત્ર એ પેગમ્બરે
એમ બોલવામાં કીધા ગરૂરી ખરે?

અરે યાહુદીઓએ તો અવધી કીધી,
ખીલા થોકી જીજસને શૂળી દીધી.

શરીર એજ ખોદાનું મંદિર.

વસે છે ખોદા પાક આપણાં હૈયે,
તો મંદિર ખોદાનું ખુદ આપણે છૈયે.

ભલે ભકિત માટે જાઓ આતશબેહેરામ,
દેવાલયમાં ઇષ્ટ દેવને કરો પ્રણામ,

---

* બગદાદ શેહેરનો સૂપ્રસિધ્ધ સુફી મનસુર પોતાના આત્માને પરમાત્મા સાથે એટલો એકરાગ જોતો કે "અન અલ હક્ક" (હું ખુદા છું) એમ બોલ્યા કરતો. તે વેળાના એસ્લામી મુલ્લાંઓએ એ વાકયને ખુદાનો તિરસ્કાર કરનારો અને અભિમાન ભર્યો સહુમજી, અને સુફી સાહેબને દીનનો વિરૂધી ગણી, નામદાર ખલીફાનો હોકમ મેળવી ઈ. સ. ૩૦૯ના સાલમાં એને જબેહ કરાવ્યો. કેહે છે કે મનસુરનું ધડ કપાઇ તનથી છુટું થતાં પણ "અન અલ હક્ક" એમ બોલતું રહયું, અને તે ઉપરાંત એનું લોહી ભોંય પર પથરાતાં તે વડે આપમેલે "અન અલ હક્ક" "અન અલ હક્ક" એવા શબ્દો લખાતા રહ્યા. હીંદુભાઇઓનાં વેદાંતમાં આ વાકયને મલતું વાકય અહ્મ બ્રહ્માસ્મી (હું બ્રહ્મ છું) છે.

કે દેવલમાં ક્રૉસ આગળ વાળી ઘુંટણ,
ને હાથ બન્ને જોડીને કરો નમન.

ખોદા ભજવા વાસ્તે એ બાંધ્યાં મુકામ,
તે વાસ્તે કેહેવાય એઓ ઇશ્વરનાં ધામ.

પણ જાણો કે હરએકનું આપણું શરીર
છે પાક પરમેશ્વરનું તે પણ મંદિર.

હા, ઇશ્વરનું મંદિર ખુદ આપણે છેયે,
અહર્નીશ ખોદા વસે આપણાં હૈયે,

એ હૈયાંમાં ઉંડાં ઉતારતાં નજર,
દેખાશે રે સાક્ષાત ત્યાં પરમેશ્વર.

ઉતારશું એ હૈયાંનાં ઉંડાણમાં ધ્યાન,
ખોદાનો આવાજ પડશે સ્પષ્ટ આપણે કાન.

તમો બેશક વાંચો, દઇ માનપૂર્વક ધ્યાન,
અવસ્તા, ગીતા, બાઇબલ, તાલમદ, કુરાન,

છે આત્મિક જ્ઞાનની એ સહુ બોહોળી ખાન,
પણ કમ નથી અંતઃકરણ દેતું જ્ઞાન.

છે અંતઃકરણમાં ખુદ ઇશ્વર—આવાજ,
જે આવાજને દેવો ચલાવવા તમ રાજ.

એ રાજ્ય વિરૂદ્ધ ના તમ કરશો ફિતુર,
ફિતુરીનો ફેજ હોય છે બુરો જરૂર

સર્વ જન એક બાપનાં ફરઝંદ.

ગઝલ.

(રાહ—અગર આં તૂર્કે શીરાઝી.)

ગમી થાય દુર અને આવે હવે આનંદની ફેરી;
કરો વિનંતી દાદગરને મટાડે દીલની અંધેરી.

ખરી જીતી જગત તેણે હોય મેળવી જેણે પંડ પર જીત,
હરાવ્યા જેણે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, એ છ વેરી.

છે એક કિરતાર પિતા સહુનો બધા ધર્મો એમ માને છે,
તો ખોટું છે કે પંથ પંથને જુદાઇ ભાંજગડ રાખે ઘેરી.

પિતા સઘળાંનો જગદેશ્વર ને પ્રત્યેક જન એનાં ફરઝંદ,
તો એક બાપનાં બચ્ચાં વચ્ચે વસે શા કાજ અંતર ઝેરી?

તોડો અંતર, વિવાદ છોડો, અને સ્વીકારો ભાઇબંધી,
બનો પ્રેમાળ, સહાયકારી, નાખો ખંખેરી મતફેરી.

THE LOVING FATHERHOOD OF GOD.

Oh tell me art thou happy not?
If not, would'st thou not like to be?
Oh do not say dark is thy lot!
Shines not the Sun for thee and me?

The songsters decked in plumage bright
Warble they not for thee and thine?
The stars that stud the sky at night
Say do not they for thee too shine?

The palm lifts high its tufted head,
Its fronds nod gaily to the breeze;
The banyan spreads its grateful shade;
Aren't they for thee, these glorious trees?

The lily decked in colours gay,
The pure white mogra and champak,
Offer their charms to thee: then say
Why shouldest thou bewail thy luck?

The garden-queen, the sweet red rose,
Its perfume sheds for thine and thee.
Stand not apart, come close, come close,
Inhale its fragrance, happy be.

The rice and bajri and jowár
Have their ears bursting with rich grain.
Oh! take thy fill; abundant are
Nature's good gifts, then why complain?

Thou needest not have parchéd lips;
See, luscious grapes weigh down the bough:
Take of their generous fluid full sips,
So may thy cheeks with red health glow.

Happy the man who virtue prizes,
And dares do what is right and good;
Happy is he who recognises
Hormazda's loving Fatherhood.

ZARTHUSHTRA, PROPHET, SAINT AND SAGE.

In ancient Bactria, in a far-off age,
Flourished Zarthushtra, Prophet, Saint and Sage.
Lo! at the birth of this cherubic child
The kine and beasts rejoiced, Dame Nature smiled:
Trees burst with leaf and blossom's bright display,
The feathered tribe responding warbled gay. (1)
Rare is th' advent on this sublunar sphere
Of such true, saintly, God-sent messenger. (2)
He laughed, 'tis said, a winsome laugh at birth,
And from his person rays of light shone forth. (3)
Aye render thanks, give praise unto the Lord, (4)
The Prophet came with Ahunavarya's sword
To smite the Devas and foul Druj repel
With holy Manthra-Spenta's powerful spell. (5)
"Hark ye," said he, "who come from far and near, ( )
Judge well and know the One without a peer;

---

(1) See Farvardin Yasht, *v*. 93.

(2) "Among the men whom God sends but rarely charged with this ssage of His unity, none stands out in purer outline than Zarathustra." dward Clodd, in "The Childhood of Religions.")

"It is through the spiritual power, the gift of God, that he, Zoroaster, s the messenger who revealed Divine mysteries." (Ernest de Bunsen, in he Hidden Wisdom of Christ and the Key of Knowledge.")

(3) "When he was born he burst out into a loud laugh and such a ht shone from his body as illumined the whole room." (Sir John Malcolm, "The History of Persia").

(4) See Farvardin Yasht, *v*. 94.

(5) Vandidad, XIX, 9.

(6) Gatha Ahunavad, Ha 30, *v*. 2; Gatha Ushtavad, Ha 45, *v*. 1,4,6.

Reject ill counsels, and Untruth abjure; (7)
Keep holy Fire ablaze, so ye be pure. (8)
To reach Hormazd Ashoi's the only Way; (9)
Choose right, else ye might wail 'Alackaday!' (10)
For sake of Righteousness ye righteous be;
The path to Grothman is through Purity." (11)
The Prophet's solemn and inspired Word
Promised eternal bliss to all who heard
The message and accepted Mazda's Laws, (12)
Mazda, The One, The Cause of every cause.
Farshoshtra, Mediomah, and wise Jamasp,
Good Queen Katayun, and King Kai Gushtasp,
Were first to listen to the Word of Grace,
And ardently the New Faith to embrace.

અશો જરથોસ્ત ઉપર યજદી ખોરેહની અસર.*

જે યજદી ખોરેહ પાક જરથોસ્ત ઉપર
ઉતર્યું હતું, તેની યશવંત અસર–

---

(7) " " " 31, v. 18.

(8) " Ushtavad " 43, v. 4.

(9) " " " 45, v. 8; Gatha Spentomad, Ha 49, v. 5, Ha 50, v. 2.

(10) See v. 7 of Ha 53, Gatha Vahishtoisht. In his latest work "Evolution and Creation" Sir Oliver Lodge declares what Zoroaster declared thousands of years ago. Says he, "Freewill is a reality, a fact of experience. We can really choose. If we persist in choosing wrong, a terrible form of soul-death may supervene."

(11) Gatha Ushtavad, Ha 46, v. 10.

(12) Gatha Ahunavad, Ha 31, v. 21; Gatha Ushtawad, Ha 45, v. 5.

* જુઓ જમ્યાદ યશતનો ફકરો ૭૯મો:—યત ઉપંધહચત અષવનેમ જરથુશ્ત્રેમ, અનુમતેએ દએનયાઈ, અનુખ્તેએ દએનયાઈ, અનવરશ્તેએ દએનયાઈ; યત અસ વીસ્પહે અંઘહેઉશ અસ્તવતો અષેમ અષવસ્તમો, ક્ષથ્રેમ હુક્ષથ્રોતમો, રએમ રએવસ્તમો, ખરેનો ખરેનંઘઉહસ્તમો, વરેથ્ર વરેથ્રવસ્તમો.

થી એ અશો નરે વિચાર્યાં વિચાર,
ઉચાર્યાં સખુનો, કીધાં સર્વે કાર,
ભલી દીનના કાયદાઓને અનુસાર.
વળી આએ હાડમંદ દુનિયા અંદર
એજ ખોરેહની બરકતથી એ નામવર
ઘણોજ હતો રાસ્તીમાં રાસ્ત પાયદાર,
ને સત્તામાં સારી સત્તા ભોગવનાર,
તથા વળી નુરમાં અતિશય બુલંદ,
અને તેમજ ખોરેહમાં બહુ ખોરેહમંદ,
ને ફત્તેહમાં વળી અતિ ફત્તેહમંદ.

એબાદત.

નીજ મોંહ પર બાંધી ભેદી ધોળું પદાન,
એબાદતમાં મશગુલ, ને એક ચિત્તે ધ્યાન,
ખડો મોબેદ રહી નુરી કેબલાની સામ,
પઢે છે સુસ્વરે પાક માથ્ર-કલામ,
ને શ્રધ્ધાથી મેલે છે આતશ ઉપર,
સુગંધી સુખડ ને લુબાન ને અગર.
કમ્મરથી વળી વાંકો કરે કુરનેશ,
મુગે મોહોડે બંદગી કરતો દુરવેશ:
છે કાબા તરફ એણે ફેરવેલું મુખ,
ને અલ્લાહના ચિન્તનમાં માને છે સુખ.
દેવાલયના ઘંટ પર કરી ડોકાડોક,
ભણે બ્રાહ્મણ સંસ્કૃતના શ્લોક પછી શ્લોક.
ભજનો ભજે તે ભકિત ભાવની સાથ,
નીજ ઇષ્ટદેવની મૂરતિ સન્મુખ જોડી હાથ.
કુરાન કે અવસ્તા કે વેદ ને પુરાણ,
કરાવે છે સર્વે જગદેશ્વરનું ભાન.
ખુદા કહો કે હોરમજદ કે કહો શ્રી ભગવાન,
છે પરમાત્મા એક જ, રે રાખો ઇમાન.

એક જરથોસ્તીની ભકિત.

ગઝલ.

(રાહ—હીફાજતમેં રખે જો દાદાર હમકો,
તો દુશ્મનસે કયા હોવે આઝાર હમકો.)

ઓ હોરમજદ! ઝુકાઉ છું તુજ દરગાહમાં સર હું,
કસું છું તુજ ખીદમતમાં માહારી કમ્મર હું.

ભલી દીન જે લાવ્યો છે જરથોસ્ત સાહેબ,
તે એકીનથી પાળું કશા શક વગર હું.

અશોઇની દેખાડી છે જરથોસ્તે જે રાહ,
તે રસ્તે જો રહીશ તો ન ખાવશ ઠોકર હું.

ભલાં મનની જીંદગી, સંપત્તિ, આશીષ,
રે માગું છું, આરમઇતિ લીધે, બશર હું.*

ઉમેદ છે જે રાસ્તીને ખાતર જ રહી રાસ્ત,
ખોદાઇ દરગેહ સુર્ખરૂ જઇ પોહોંચીશ આખર હું.†

---

*અષેમ દેરેદયાઇ તત મોઇ દાઓ આરમઇતિ—રાયો અષીશ વંઘહેઉશ ગઓમ મનંઘહો (ગાથા ઉશ્તવદ, હા ૪૩, ફ. ૧). આરમઇતિનો અર્થ તાબેદારી થાય છે. બશર એટલે આદમી, મનુષ્ય.

†ગાથા ઉશ્તવદ, હા ૪૬, ફ. ૧૦માં પેગમ્બર સાહેબનો કોલ છે કે જે કોઈ શખ્સ રાસ્તીને ખાતર રાસ્તી અમલ કરે તથા ભલી મનશ્નીથી સત્તા ચલાવે તેને એઓ હોરમજદની આરાધનાનો માર્ગ બતલાવશે અને ચિન્વત પુલ પસાર કરાવી લઈ જશે. કોરાને શરીફના બાબ છઠઠામાં કહયું છે કે આવતી જેહાનમાં અલ્લાહને મળવાનું છે એ વાત એક જુઠાણું ગણી, જેઓ તુચ્છકારી કાહાડે છે તેઓ ગુમરાહ છે કયાં સુધી કે કાળ ઓચીતો આવી લાગે છે અને તે વેળા તેઓ કહેશે કે અફસોસ! અમારી જીંદગી દરમ્યાન અમોએ અમારૂં વર્તન ગાફેલ્યતમાં રાખ્યું.

ન્યાએશે ખુરશીદ.

જો પોપટીઓ લીલી, પીળી, ચકચકિત,
ફુલે ફુલ ઉડે છે ખુશાળ ખુશ ખચ્ચીત,

ઉડી અહીંથી તહીં ચગોર ચલ્યાં સુંદર
તિણાં તાણી રહ્યાં છે સૂર હરખભર.

દેવા ઉગતા ખુરશીદને વેહેલો આવકાર
ગજાવે છે કેવો રે બામદાદનો બહાર!

દરખ્તોનાં પાનો પર ચહડયો ચલકાટ,
ચમેલી, જાઇ, જુઇનો પમર્યો પમરાટ.

સવારી સૂરજની ચહડી ઉગમણે,
દિપાવતી જગત રૂપેરી કીરણે.

નમાવી એ કેબલાની સાંમે મુજ સર,
ઉભો હું મુથા-મુલા* સંગમ ઉપર.

સર જમશેદજી બંડ પરથી મેં લીધું આબ,
કરી દસ્ત ને મૂખ પાક, બજાવી આદાબ.

ભલા ભાવથી ભજ્યું મેં, રોકીને મન,
અવસ્તાનું ખુરશીદ ને મેહેરનું ભજન.

પંખેરાંનાં સ્વર તથા પુષ્પની સુગંધ,
સાથ ભેલાયા અવસ્તા કલામ બુલંદ.

---

* પુના શેહેરમાં જે બે નદીઓ એકઠી થાય છે તે મુથા અને મુથા. ત્યાં નામદાર સર જમશેદજી જીજીભાઈ પેહેલા બેરોનેટે બંડ બંધાવ્યો છે.

ખોરેહવાળા, નુરી, આકાસી આફતાબ!
તું ઉગવે રોશન થાય છે સૃષ્ટિ શેતાબ.

જીવન શકિત આપનાર, ઓ રોશનીનાં ઠામ!
કરૂં છું તને માહારા નમ્ર પ્રણામ.

અસંખ્ય જુગો જુગ થયા છે પસાર,
આ પૃથ્વી પર વિટયાં વિટંબણાં હજાર.

પણ ગતિમાં મેળતો તું સારી ખલકત,
ઉગે છે અચૂક તું દિપાવતો જગત.

ઉભો છું હું જેમ મુથા-મુલાને તીર,
કદીમ માહારા ન્યાગાનો, રંક વા અમીર,

સરોવર ચએચસ્ત* કે કારૂનને કીનાર
ખુરો મોહેરનુ† કીર્તન પઢતા સાંહાંજ સહવાર.

ફરી કયારે આવશે મુબારક તે દીન,
મુજ ન્યાગાનો, એકઠા થઇ અલબુર્ઝની ખીણ,

તે પર્વતના બુલંદ હિંમમય શિખર
પર ઉગતા આફતાબ ભણી ઠેરવી નજર,

સેતાયશ ન્યાએશના ભજતા ભજન,
તેમ પાછા મુજ હમવતની હમદીનો પણ

ઇરાન સરજમીન જઇ ન્યાએશ કરે,
ઇરાનમાં અહુરની સેતાયશ કરે?

---

* ચએચસ્ત સરોવર હાલ ઉરૂમીઆ સરોવરનાં નામથી જાણીતો છે.

† ખુરશેદ અને મેહેર.

આતશ બેહેરામનો ઘંટ.

ગઝલ.

(રાહ—દીવાના તેરા આશકે ઝાર હું મએ.)

રે સાંભળ! ઘંટ વાગે છે આતશબેહેરામનો,
અહુરમજદ, અહુરમજદ, અહુરમજદ, નામનો.

હે જરથોસ્તી! બેહોશી છોડી બેદાર બન,
એ ઘંટ–નાદે જાગે નહીં તો તું શું કામનો?

પરોઢિયે વાસે કુકડો ઉંચી કરી ડોક,
"ખોદાયા તું એક" એમ પોકારે હરખામણો.

ને ન્હાનકડાં ચલ્યાં પણ બામદાદના પોહોરમાં
તિણા સ્વરે પઢે છે પાઠ ખુદ શ્રી રામનો.

બગીચામાં મઘમઘતાં મોંહ ખોલતાં મોગરાં
ખુદા–સ્તૂતિ કરતો દેખાવ દે દેખામણો.

અરે સાંભળ! ઘંટ વાગે છે બંદગીનો,
રે દોડ, રસ્તો લે, ભાઇ, તું ધર્મ ધામનો.

એ ઘંટનો હર ડોકો યાદ દે છે ભજનની,
એ હર ડોકે ભજ પાઠ અવસ્તા કલામનો.

આથ અહુરેમજદાહો પુથ.

અશો પુત્ર હોરમજદના આથ રોશન,
અહો નુરમંદ કેબલા! ભજું હું ભજન,

જેના માંથ્રો ઉંચે આકાશે ચહડે,
તુજ એજમતી શકિતની મારફત વડે.

સુગંધમય સુખડ તને અર્પણ કરૂં,
પ્રકાશ મળે મજને એવી અર્જ ધરૂં,

કે પરદો જાય ઉંચકાઇ ખુલ્લા થાય ભેદ,
જે ભેદ નહી સમજવે જ ઉપજે છે ખેદ.

અજ્ઞાનતા માંહ્ય માનવ માત્ર ડુબાય,
સિવાય જેનાં અંતરચક્ષુ ખુલી જાય.

વિદેશ દેશે ફરીએ, કે એક શેહેર મુકામ,
યા એકાંત એક અરણ્યમાં રાખ્યે નીજ ધામ,

પણ દીલમાંનો અંધકાર દફે નહીં થશે,
ન જયાં તક મીનોઇ રોશની માંહે ઉતરશે.

હે હોરમજદના પુત્ર! આતશ ઝલેહદાર!
મુજ હ્રદયમાં તુજ નુરનો અંશ કાંઇ ઉતાર.

ઓ આતશના ખોરેહ! ઓ ખોરેહ સુંદર!
રે આવ અને ઉતર તું માહારી ઉપર.

ઓ આથ! કર રોશનમંદ તું માહારો પ્રાણ,
બને જેથી કંઇક મજને પ્રાપ્ત અંતર જ્ઞાન *

* મ્હોટી હપ્તન યશ્તના બીજા કરદાના પેહેલા ફકરામાં એવું પઢવામાં આવે છે કે આ આતશ મારફતે, અમો સોથી વૃધ્ધિ કરનાર હોરમજદ !, સોથી પેહેલાં હમો તને પોહોંચીએ છીએ.

THE HOLY FIRE.

A Hymn.

Emblem of Purity !
Symbol of Might !
A'tar I pray to thee
Make my home bright. *

O Mazda's Puthra, radiant Sacred Fire !
Mayst thou with lofty thoughts my mind inspire !
Oh brighten up my home and do impart
High courage and pure joyance to my heart. †
To us, the Behter Din's associates,
Thou art a symbol and a mystic sign:
Thou signifiest the Energy Divine,
Which, whilst consuming, cleans and re-creates.
When the good A'tharvan, clad in pure white,
Performs, geh after geh, the mystic rite,
And tolls the Temple bells, the chimes proclaim
The greatest of the Yazads, ‡ A'tars fame.
Men of the Behter Din devoutly bring
Dry fragrant sandalwood as offering

---

* રઓચહિ બુયે અહ્મ્યન્માને=આએ ઘરમાં (અએ આતશ!) તું ચળકાટમાં રેહેજે.

† આતશ નીઆએશમાં આતશને એમવન્તેમ, સતાઇ રપેન્તેમ, તથા ચિથ્રા-અવંઘહેમ, યાને હિંમત આપનાર, હંમેશ ખુશી કરનાર, તથા ઘણી રીતે મદદ કરનાર જણાવ્યો છે.

‡ મજીસ્ત યજત=સોથી ચઢતો યજદ.

To feed the Sacred Fire that ne'er goes out;
And as the flames shoot up, their thoughts devout
Ascend, attuned to Heavenly harmony: *
They lift their hands in holy ecstasy,
And low their heads they reverently bow,
Shouting enraptured Khshnothra Ahur Mazdao! †

Great Mazda! Thy praises
Sing we enraptured
In resonant phrases
From th' Avesta captured.

દીનના કલ્મા પ્રમાણે જરથોસ્તી દીનની મોહોટાઈ અને એક જરથોસ્તીનો એકરાર.‡

ખોદા પાક એકનો પરેસ્તાર હું,
ને જરથોસ્તી દીનનો વખાણનાર હું,

---

* ઈજશ્નેના ૬૨મા હાના જે ફકરાઓ આતશની નીઆએશમાં આપેલાછે તેમાંનો છઠો ફકરો જુઓ.

† ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ=હોરમજદની ખુશનુદી હોજો.

‡ ઈજશ્નેના બારમા હામાં જે દીનનો કલ્મો આવેલો છે તેનો આ તરજુમો છે.

"ઓરીએન્ટલ એન્ડ લીંગ્વીસ્ટીક સ્ટડીઝ"માં ફીલસુફ વીલ્યમ ડવાઈટ વ્હીટની લખે છે કે જરથોસ્તી ધર્મે જે અસર નિપજાવી છે તે કારણે, તેમજ એનાં પોતાનાં જાતી લક્ષણના સબબે, દુનિયામાં જે મજહબોએ પ્રસાર કીધો છે તેઓમાંના સહુથી આગેવાન મજહબોમાંનો એક એ ધર્મ છે. વળી એ લખનાર ઉમેરે છે કે ઈંડો યુરોપ્યન

પસંદગીથી એ દીન પર છું એકીનદાર,
વખાણું વિચારેલા સારા વિચાર,
વખાણું હું ઉચરેલા સખુનો સાર,
વખાણું હું નેક સહુ બજાવેલાં કાર.
છે જરથોસ્તી દીન કજીઓ કંકાસ તોડનાર,
પોતાપણું આપે, છોડાવે હથિયાર;
હું એ સત્ય દીનનો છું સ્તૂતિ ગાનાર.
જે જે દીનો પૃથ્વી પર હાલ મોજુદ છે,
તથા આવશે હવે પછી દીનો જે,
તે સઘળીમાં જરથોસ્તી હોરમજદી દીન
છે શ્રેષ્ઠ ને સર્વોત્કૃષ્ટ; છે મુજ એકીન
કે હોરમજદ તરફથીછે ન્યામતો સહુ:
આ દીન માજદયસ્નીની સ્તુતિ હો બહુ!

મૂળવાળા સઘળા ધર્મોમાં તેમજ પ્રાચીન જેન્ટાઇલ આલમના તમામ ધર્મોમાં જરથોસ્તી ધર્મ, એની ફીલસુફીની ઉંડાઇના સબબે તથા એના આદર્શો ને શિક્ષણોનાં આત્મીકપણા અને એના નીતિશાસ્ત્રની સ્વચ્છતાના સબબે, સૌથી ઉમદા અને સૌથી વધારે વખાણને લાયક છે એમ એને માટે વાજબી દાવો કરી શકાય.

મેરી, કાઉન્ટેસ ઑફ કેથનેસ, ડચેસ ડી પોમાર, "ધી મીસ્ટરી ઑફ ધી એજીસ"માં લખે છે કે પારસી ધર્મમાં છે તે કરતાં વધારે પ્રૌઢ યા વધારે ઉંડી આત્મીક સચાઇઓ કોઇ પણ બીજા ધર્મમાં નથી.

દીનના કલમાનો અર્થ મી. ફીરોજ શાપુરજી મસાની, એમ. એ., એલ એલ. બી., નીચે પ્રમાણે કરે છે:—

I attune myself with the good Mazdayaonian Law, which is efficient in putting down the dual incessant fight between good and evil principles in man,—which helps one to put down the weapon of body by effecting liberation of the soul,—which leads to the union of the soul with its self counterpart, divorced so far down here for a purpose; which teaches the Divine

દીનનો કલ્મો.*

પવિત્ર ને સર્વથી સાચું ડહાપણ,
છે હોરમજદ દાદાર જેનો પેદા કરનાર,

ને દીન માજદયસ્નીની જે ભલી તદન,
થાઓ ખુશનુદી તેની! (એમ ચાહે પરેસ્તાર.)

જે હોરમજદી દીન છે, જે દીને જરથોસ્ત,
ભલાઇ ને સચ્ચાઇવાળી, ખાલેસ, દરોસ્ત,

જે હોરમજદે મોકલી આ ભુમિ ઉપર,
જે લઇ આવ્યો જરથોસ્ત અશો પેગમ્બર,

ફેલાવો આ દુનિયાંમાં કરવા બધે
ખોદાવંદે જરથોસ્તને આપી દીન એ.

Moral Order governing the entire Universe,—which is the best, the greatest, and the most excellent of all the laws leading to the evolution-stage of the soul, and even to the most advanced goal of the soul—which pertains to Zarathustra of Ahura.

ખ્વએત્વદથામનો અર્થ મરહુમ એરવદ કાંગા "પોતાપણું આપનારી" કરે છે. તા૦ ૧૨મી નવેમ્બર ૧૯૨૬ના જામે જમશેદમાં વયોવૃદ્ધ શેઠ ન. દો. ખંડાલાવાળા, સી. આઇ. ઈ., ખ્વએત્વદથનો અર્થ નજદીક નજદીકનાં સગાઓમાં પરણવાનો કરે છે, અને એવી સગાઈથી ઓલાદ નબળી પડે છે તે કારણે એઓ શેઠ આપણા દીનના કલ્માની કિંમત ઉતારી પાડે છે. પરંતુ મી. મસાની ખ્વએત્વદથામનો જે અર્થ સમજાવે છે તે એ કલ્માની ખુબી દેખડાવી આપે છે.

* રજીશ્તયાઓ ચિસ્તયાઓ મજદધાતયાઓ અષઓનયાઓ, દએનયાઓ વંઘહુયાઓ માજદયસ્નોઈશ. દીન બેહ રાસ્ત વ દરોસ્ત કે ખુદાએ બર ખલ્ક ફ્રરસ્તાદેહ ઈન હસ્ત કે જરતોશ્ત આવોરદેહ અસ્ત; દીન દીને જરતોશ્ત, દીને અહુરમજદ દાદેહ જરતોશ્ત.

જરથોસ્તી દીનની મોતેબરી, વંદીદાદ પ્રમાણે.*

જેમ વોઉરૂકશ † દરિઆવ છે વધુ વિશાળ
બીજાં આબો કરતાં, છે તેવી મીસાલ
કલામો બીજા કરતાં દીને જરથોસ્ત,
જે દેવ-રીતથી વેગળી છે, રાસ્ત ને દરોસ્ત,
તે મોહોટાઇ ને શોભા ને ખુબી અંદર
છે ચહડતર વધુ, એવું માન શક વગર.
જેવી રીતે ગંજાવર દરખ્ત જબ્બર
છોટાં ઝાડોને ઢાંકે છે સદંતર,
તેમ દેવ-રીતથી વેગળી એ દીન મોતેબર
સખુનો બીજા કરતાં વધુ પ્રમાણ-
માંછે મોહોટી ખુબીવંત, ને શોભાયમાન.
જેમ આસ્માન તમામ ઘેરી લે છે જમીન.
તેમ દેવના તરીકાથી વેગળી એ દીન
છે શોભા ને ખુબી ને મોહોટાઇ અંદર
બીજાં કુલ કલામોથી શ્રેષ્ટ સદંતર.

માથ્રવાણીનું મહત્વ, અવસ્તા પ્રમાણે.

જે જાણવાનું જીંદગીનું પેહેલું ફરમાન,
તે બાબતમાં સર્વજ્ઞ હોરમજદે જ્ઞાન

---

* જુઓ વંદીદાદ, પરગરદ ૫. ફ. ૨૩-૨૫.

† વોઉરૂકશ દરિયાને હાલનો કાસ્પીઅન સમુદ્ર સમજવામાં આવે છે.

જે જરથોસ્તને આપ્યું, તેનો પેગમ્બર
ખોલાસો કરે છે એમ ગાથા * અંદર,
કે જેમ માથ્રવાણીને હું લેખું છું,
જેમ હું પૂજ્ય બુદ્ધિથી એ દેખું છું,
તેમ ન કોઇ તમોમાંનો કરશે અમલ,
તો જીંદગીના છેવટે નુકસાન જ ફળ.
કરે છે જે શખ્સ માથ્રવાણીને યાદ,
પઢે એ કલામો જે શખ્સ ખુલ્લે સાદ,
અને પઢતાં પઢતાં જે ખેંચે છે કશ,
બચાવે બુરાઇથી પોતાને તે શખ્સ. †
જે શખ્સ પાક માથ્રો ભણી ચોખ્ખે મન
બીજાંને કરે સાજાં, તે વૈદને ગણ
બીજા બધા વૈદોથી ઘણો ચહડતર,
બનાવે છે બાતેનથી સ્વચ્છ એ જીગર,
ને આપે છે બહુ તનદરોસ્તીનું સુખ,
મગજને કરી શાંત, મટાડે છે દુ:ખ. ‡
વખાણીએ હમો સ્તોત યેસન્ય તમામ,
વખાણીએ પાક હોરમજદના કહેલા કલામ.

---

* ઉશતવદ ગાથા, હા ૪૫, ફ. ૩.

† જુઓ ખોરદાદ યશતનો ચોથો ફકરો.

‡ જુઓ અરદીબેહેશ્ત યશતનો છઠો ફકરો, જેમાં કહયું છે કે અશોઈથી સાજું કરનાર (યાને રીમન નહવાડનાર તયા બરશનુમ આપનાર યોજદાથ્રગર મોબેદ), ઈનસાફથી સાજું કરનાર (ન્યાયાધિશ), વાહાડકાપથી સાજું કરનાર (શસ્ત્રવૈદ), છાલાપાલાથી સાજું કરનાર, તથા માથ્રવાણી ભણીને સાજું કરનાર, એ બધા વૈદોમાં પવિત્ર માથ્રવાણી ભણીને સાજું કરનાર ઘણોજ તનદરોસ્તી આપનાર છે, તે અશો માણસનાં બાતેનથી તનદરોસ્તી આપે છે, બધા વૈદોમાં તે ખચીત ઘણો તનદરોસ્તી આપનારછે. મરહુમ એરવદ કા. એ. કાંગા ખોલાસો કરે છે કે બધા સાજું કરનારાઓમાં

વિચારો, વચનો, ને કાર્યો બુરાં
તેઓને કરેછે એ નાબુદ પુરાં. *

ાથવાણી ભણીને સાંજા ધણીનાં મનને આરામ આપનાર શખસને સોથી ગણેલો છે, તેનું કારણ એવું જણાવ્યું છે કે તે શખ્સ અશો માણસનાં બાતેનને છે. તેનું દીલ ઠેકાણે લાવે છે, તથા તેનું મન જો બેકરાર થયલું હોય છે નજદીક માજદયસ્ની દીનના બરક્કત ભરેલા તથા પાક કલામો ભણીને, તથા ની ખુબીઓ સમજાવીને તેને સુખ આપે છે.

ાણી પુરાણી અવસ્તામાં જણાવેલા ઘણીએક ખુબીઓ, સચાઈઓ, રીતિઓ, અને મ જેમ સાયન્સમાં વધારો થતો જાય છે તેમ તેમ વધારે ને વધારે ટેકો અને મજબુતી થ છે તેમ ઉપલી બાબતમાં પણ બન્યું છે, એ આપણ જરથોસ્તીઓને ખુશી તથા ાને જેટલું કારણ આપે છે, તેટલુંજ આપણા પવિત્ર કલામોનો વધારે ખંતથી કરવાને તથા તેના ઉપર પુરતી શ્રદ્ધા રાખવાને અને અમલ કરવાને સબળ સબબ છે ઈંગ્લંડના સર્વોપરી ધર્માચાર્ય કેન્ટરબરીના આર્ચબીશપે ઈ. સ. ૧૯૨૦ના ીસ્ટી ધર્મગુરૂઓની એક કમીટી નેમી હતી, જેનો ઓક્સફર્ડનો બીશપ અધ્યક્ષ િના સંબંધમાં ધર્મગુરૂઓનું મુખ્ય કામ શું હોવું જોઈએ તે બાબતમાં આ જે સામાન્ય સિધાંતો પ્રગટ કીધા છે તેમાંનો એક સિધાંત નીચે પ્રમાણેનો છે :—

bring together those who care for the soul and those who · the body in co-operation, to insist upon hygiene and plain as part of the ordinance of God, the Church must sanction ; of religious treatment of bodily disease, but in doing so must ıll weight to the scientific discoveries of those who are ating the interrelation of spirit, mind and body. It is not the of the Church to apply its means of restoration of bodily no sick person must look to the clergyman to do what it is sician's or surgeon's duty to do."

કમીટી પોતાનું મત નોંધે છે કે જ્યારે સાચું આત્મિક ટ્રીટમેંટ ં આવ્યું છે ત્યારે દર્દ સાજું થયું છે કિંવા ઘટયું છે એટલું જ નહી, ના આબો ખવાસ ફેરવાઈને વધારે ઉંચ થયો છે એવી ખાતરી થઈ છે.

* આ યજશ્નેનો હા ૭૧ ફ. ૭.

માથ્ર સ્પેન્તની અસર.

ગઝલ.

(અગર આં તુર્કે શીરાઝી બદસ્ત આરદ દીલે મારા.—એ રાહ).

બનો જરથોસ્તીઓ બેદાર, દેખાય ખુરશીદ, ચહડી સહવાર,
બનો તૈયાર, કરી સીંગાર, ચાલો આતશબેહેરામને દ્વાર.
હમાજોર ત્યાં પરસ્પર લઇ, પાક હોરમજદ પર ખરૂં ધ્યાન દઇ,
પઢો કલામો માથ્રના, કરી સદગુણો અખત્યાર.*
ખુબીવંતા અસરકારક એવા છે શ્લોક અવસ્તાના,
વધુ ઉમંગથી ભણ્યે જેમ, વધુ શુદ્ધ થાય આચાર વિચાર.
પરેશાની જે દીલની હોય, ને મગજની બેકરારી હોય,
તે માથ્ર સ્પેન્ત કલામ પઢવે દફે થાય છે, એમ છે આશકાર.†
વળી કહે છે એમ જાણકારો કે માથ્રની અસર છે એ,
કે દ્વાર ખુલી હૈયાં કેરૂં, જણાય સાક્ષાત ખુદ કિરતાર.
વધો પ્રતાપ અને ખોરેહ આતશબેહેરામના આતશનો; ‡
બખશ તું અશની મારફતે હિંમત ને જોર, મીનોઇ દાદાર! §

---

* પવિત્ર પુસ્તક સદગર નસ્કના બારમા બાબમાં ફરમાવ્યું છે કે જો એક શખ્શ ખામીવાળો અને નીતિ વગરનો હોય તે એક ખામી વગરની એટલે પવિત્ર જગોએ માથ્ર ભણે તો તે ભણતર નાલાયક છે. (જુઓ શમ્સુલઓલમા દસ્તુરજી દારાબજી પી. સંજાણાનો દીનકર્દનો તરજુમો, વૉ- ૧૭. પાનું ૧૬)

† સરોશ યશત હાદોખ્તના ત્રીજા ફકરામાં કહયું છે કે "માથ્રો સ્પેન્તો મઇન્યવીમ દુજેમ નિજબઈરીશ્તો," એટલે કે માથ્ર સ્પેન્ત મીનો દરૂજને ઘણોજ બહાર કાઢી નાખનાર છે, યાને, મરહુમ એરવદ કાવસજી કાંગા એ સમજાવ્યું છે તેમ, કોઇના મનમાં દરૂજ પેવશ થયો હોય યાને મનની બેકરારી અથવા દીલની પરેશાની થઈ હોય તો તે માથ્ર સ્પેન્ત ભણવાથી દફે થાય છે.

‡ ગૈરજે ખોરેહ અવજાયાદ આતશબેહેરામ આદર ફરા (જુઓ આતશની નીઆએશ).

§ સ્પેનિસ્તા મઇન્યુ મજદા વંઘહુયા જવો-આદા અખા હુનરે એમવત (જુઓ આતશની નીઆએશ).

અહુનવર યાને યથા અહૂ વઈર્યો કલામની ફેતૂત, અવસ્તા પ્રમાણે.

તમામ ભક્તિઓમાં કલામ અહુનવર
છે ફેનેહ અખશવામાં સહુથી ચઢતર. *
અગર વચમાં બીજું બબડયા વગર,
કે પદ એનું એકુ પણ છોડયા વગર,
સરોદ ઢબે, સમજીને, જો એ પઢાય,
તો સો ગાથા ગાવા જેટલું પુન્ય થાય. †
અતિશય અશોઇવાળું રાખીને મન,
અતિશય અશોઇવાળાં વદી વચન,
કરીને અતિશય અશોઇવાળાં કામ,
જો કોઇ શખ્સ પઢે અહુનવરનો કલામ,
તો દીન-દુશમન, જાદુગર, દેવ-પરેસ્તાર,
જોરાવર લુટારા, બેહદ જુલમગાર,
એવાઓના ત્રાસનો ન તેને રહે ભય,
હિમ્મત દે છે હોનવર સંકટને સમય. ‡
અશોઇની તોખમવાળી કુલ પેદાયશ-
માં સચ્ચાઇને દે છે જે ટેકો વિશેશ

* જુઓ સરોશ યશ્ત હાદોખ્ત, કરદો પેહેલો, ફ. ૩.

† જુઓ ઇજશનેનો હા ૧૯ મો.

‡ જુઓ ઉપલી યશ્ત, ક. ૧, ફ. ૩-૬.

મરહુમ એરવદ કા. એ. કાંગાએ ખોલાસો કીધો છે તેમ પાક નૈયતથી સમજીને કીધેલી બંદગી આપણામાં એક જાતનું શૂર ઉત્પન્ન કરે છે અને તેથી આપણી સાંભે ઉભી થતી મુશ્કેલીઓને ઘણે દરજજે દૂર કરવાને આપણે શક્તિવાન થઇએ છીએ. અરશીસંગ યસ્તમાં અલંકાર રૂપે અંગ્રેમઇન્યુના મોહોડાંમાં શબ્દો મુકયા છે કે જરથોશ્ત

તે જરથોસ્તનો કાયદો ને મજદાની દીન,
જેના ઉપર ચોંટાડવું જોઇએ આફીન. *
અશો સાહેબ જરથોસ્તના સઘળા કલામ,
તથા થઇ ગયાં છે જે શુભ કામ તમામ,
કે થશે અત્યાર પછી જે રૂડાં કામ,
હમો તેની સ્તુતિઓ ગાઇએ મુદદામ. †

અશેમ વોહુની ખુબી.

અશેમ વોહુ કલામ છે બુઝોર્ગ ને બુલંદ,
યાદ વારંવાર કરવી એ ભક્તિ દીલબંદ.
સમાવ્યું છે એમાં ધર્મનું તત્વ મૂળ,—
અશોઇ છે સરસ સુખ ને નેઆમત બેમુલ; ‡
જે સર્વોત્તમ અશોઇને ખાતર અશો
ખરૂં સુખ તેને છે, નહીં સંદેહ કશો. §

મને મારે છે તે અહુનવરના હથિયારે. જે હથિયાર આસ્માન જેવું મોહોટું માહારી ઉપર પડે છે; જરથોસ્ત મને બાળી નાખે છે તે સહુથી ઉંચી સચાઇના આતશે; તાપ દેવાથી ધાતુ પીગળીને જેમ વેહેતી થાય તેના કરતાં બી વધુ જરથોસ્ત મને સચાઇના આતશે પીગળાવી નાખે છે અને ધરતિ ઉપરથી મને ધોળી નાખે છે (યાને નાબુદ કરે છે).

* જુઓ ઉપલી યશ્ત ક. ૧, ફ. ૩.

† „ „ „ „ „ ફ. ૮.

‡ "અશેમ વોહુ વહિશ્તેમ અસ્તી, ઉશ્તા અસ્તી". આ સાથ કવિ એલેક્ઝાન્ડર પોપની નીચલી લીટીઓ સરખામણીમાં જુઓ:—

Know then this truth, enough for man to know,
Virtue alone is happiness below.

§ "ઉશ્તા અહ્માઇ હ્યત અષાઇ વહિશ્તાઇ અશેમ."

મનુષ્ય અહિયાં લે છે જયારથી જનમ,
છે ત્યારથી અશોઇ તેને વાસ્તે ઉત્તમ.*
પરહેજગાર ભલો દારાબ પાહાલન દસ્તુર
જણાવી ગયો છે આ સુખન મશહુર,
કે જે એહદીન પ્રભાતમાં ઉઠતાંને વાર
બને છે તુરત અશેમ વોહુ સાથે યાર,
ને તે વેળા અશેમ વોહુ એક જો પઢે,
તો અશેમ વોહુ સો જેટલી મકદુર વધે.†
જો આવડે નહીં પઢતા બીજા અવસ્તા,
તો પઢવા સવાબ વાસ્તે 'અશેમ,' 'યથા.'
હજિશ્ને હા ઓગણીસ, વીશ, એકસઠ અંદર
અશેમ ને યથાની છે સરેહ સુંદર.

હુમત, હુખ્ત, હવરશ્ત.

છે નીચલા સવાલ ત્રણ ને તેના ઉત્તર
હા ઓગણીસના ઓગણીસમા ફકરા અંદરઃ—
હુમત શું? અશો શખ્સનો પેહેલો વિચાર,
શું હુખ્ત? એ છે માથ્રનો વૃદ્ધિ કરનાર,
શું હવરશ્ત? સ્તોત, યા જગ-ઉત્પત્તિ—
ના પેહેલા સિધાંતો પવિત્ર અતિ.
સદ બુધ્ધિ થકી થાય છે ઉત્પન્ન તમામ
વિચારો ભલા, ભલાં વચન ને કામ.
વિચારો, વચનો ને કામો બુરાં
પેદા થાય છે કુબુધ્ધિ લીધે પુરાં.

---

* "યઓઝદાઓ મશ્યાઈ અઈપી ઝાંથેમ વહિશ્તા" (વંદીદાદ, પરગર્દ પાંચમી).

† જુઓ દસ્તુર દારાબ પાહાલનનું ફરજીયાત નામું. હાદોખ્ત નસ્કની પેહેલી પરગરદમાં કહયું છે કે જે ધણી ઉંઘમાંથી જાગ્રત થતાં બીછાના ઉપરથી ઉઠતી વખતે મનમાંથી ખરાબ વિચારો દૂર કરી એક અશેમ વોહુ ભણે, તો તે એક અશેમ વોહુ બીજી વખતે દશહજાર અશેમ વોહુ ભણે તેની બરાબર જાણવી.

ખચીત બેહેસ્ત ભણી દોરવી જાય છે તમામ
વિચાર સારા, સારાં વચનો ને કામ.
પણ ભુંડા વિચારો, વચનો ને કામ
નક્કી ખેંચી લઇ જાયછે દોજખ મુકામ.
છે જાહેર અશોઓને છે રોશન બેહેસ્ત
વિચાર, વચન, કામ સારાંનું છેવટ શ્રેષ્ટ. *

PURITY IN THOUGHT, WORD, AND DEED.

The greatest Sage that lived on Earth
Said "Purity is good from birth:
Be Pure in thought and word and deed,
For Purity doth Heavenward lead."
Dost thou to godliness aspire?
Then cleanliness thou must acquire,
Keep clean thy heart and clean thy hands,
So guardian angels be thy friends.
An ancient saying teaches this—
Who handsome does he handsome is.
Beauty is Truth and Truth is Beauty,
Maintain thou Truth as thy first duty.
Be pure so that thou mayst be strong,
Be strong that thou mayst ne'er go wrong.

---

* ઉપલી કવિતાની છેલ્લી દશ લીટીઓ ખોરદે અવસ્તા માંહેલી "વીસ્પ હુમત" વાળી નાહાની બંદગીનો તરજુમો છે.

"પૂર્વ કાળોમાં પુર્વના ઈરાનીઓનો સુધારો" નામનાં જરમન પુસ્તકમાં ડૉ. વીલ્હેમ ગાઈગર લખે છે કે વિચારો, વચનો ને કામોમાં અશોઈ જાળવવી એ જરથોસ્તી ધર્મનો મૂખ્ય બોધ છે; આમાં બીજું બધું સમાઇ જાય છે, બધા ઉપદેશોનો એ તત્વસાર છે, તથા ફરી ફરી એ શિક્ષણ તાજું કહ્યા કરવામાં આવ્યું છે, એટલે કે અવસ્તામાં પાને પાને એ શિક્ષણ મળી આવે છે એમ હું હિમ્મતથી કહી શકું. આ ત્રેવડું ફરમાન એક જરથોસ્તીનાં નીતિમાન જીવનનો મુખ્તેસર સાર છે. પાપી વિચારોને પાપી કામો

વંદીદાદ પ્રમાણે આથ્રવન કોણને કેહેવો અને કોણને નહિ.*

જણાવ્યું છે હોરમજદે શખ્સો ઘણા
છે જેઓ દીની કામના ભંડોળ વના
કરે છે ખોટો ઉપયોગ રાખી પદાન,
ને છળથી ખપવા માગે છે અથોરનાન:
પણ જરથોસ્ત તું સાંભળ આ માહારો સુખન,
એવાને નહિં કેહેવા જોઇએ આથ્રવન.
જે જે શખ્સો ઇજશને કીધા વગર,
ને ગાયનો ગાથાનાં ગાયા વગર,
ન યાદ કરવે, કથવે, અવરતા કલામ,
વગર કરવે કશાંય ઉદ્યમ ને કામ,
ને શીખવા વગર ને શીખવ્યા વગર
તમામ રાત પડી રહે બિછાના ઉપર,
અને તોય મુવા બાદ આત્માને કાજ
ફૂતેહની ઇચ્છા રાખે, એવા ઠગબાજ
છે આથ્રવન ખપનારા દગલબાજ જણ,
એવાઓને ખચિત ના આથ્રવન ગણ. †

ગણવાં જોઇએ, અને, આ કારણથી, હરેક સારાં કે બુરાંનું વાસ્તવિક મૂળ ઉત્પત્તિ મનમાંજ મળી આવે, એ ખરા સાર ઉપર અવરતા જમાનાનાં લોકો, કંઇ નહિં તો તેઓના ધર્મગુરૂઓ, આવ્યા હતા, એ બીના જ એઓની જબરી ન વળણની, તેમજ વિચાર કરવાની એઓની ઘણી ગંભીર તથા અતિ ઉંડી, ખરેખરી સાબેતી પુરી પાડે છે.

બેહેસ્ત અને દોજખ એ શું તે બાબતના ખુલાસા માટે જુઓ માહારાં "મહાન જરથોસ્તી ધર્મ, ભાગ બીજો" નો વિષય છઠો.

* જુઓ વંદીદાદ, ફરગરદ ૧૮, ફ. ૧.

† જરથોસ્તી ધર્મમાં ઘણી ગમ ઉદ્યમી પુરૂષની તારીફ અને આળસુ આદમીનો ધિક્કાર કરવામાં આવ્યાં છે. ૩૧મા હાના ૧૦મા ફકરામા કહયું છે કે આબાદી

પિડા, આફ્તોમાંથી આપનાર છુટક,
કુશાદગી દઇ, પોહોંચાડે ચિન્વત તલક,
ફ્તેહ આપી ઉતારે દુનિયામાં પાર,
અશોઇ યાને રાસ્તી તરફ પોહોંચાડનાર,
ને ખુબી સર્વોત્તમ ભણી લઈ જનાર,—
એવી જે અક્કલ જેણે કીધી અખત્યાર,
તેનેજ માત્ર કેહેવો જોઇએ આથ્રવન,
તે સિવા બીજાને ના આથ્રવન ગણ. *

કર તેવું ભર, ગાથાઓમાં જણાવેલો કાનુન.

આ કાનુન છે દીનનો કે કર તેવું ભર;
થુવડ રોપતાં ઉગે નહીં સુંબુલ સુંદર.
અગર વાવ્યાં કવડાં બીઆં વેરનાં,
ઉગી આવશે વેર જ, એમાં ફેર ના.
વવાય બી જો પ્રેમનું, ઉગે પ્રેમનું ઝાડ,
કરે પમરાટ પ્રેમ તણો ઘર-બારને શાદ.
પરાયું પચાવવા ઠગી કે લુટી
જે રાખે ઉમેદ તેની અક્કલ ખુટી.
પોતાનું જે હોય તે નથી રહેતું પાસ,
તો પારકું પચી જશે કેમ રાખવી આશ?
અશો દાદાર હોરમજદે જે મોતેબર
નિયમ સુખ ને દુઃખનો કીધો મુકરર,
તે એ છે કે દુષ્ટોને લાંબો કાળ દુઃખ,
ને નેકોને ફાયદો જેને લીધે સુખ. †

કરનાર ખેડુતને ભલી મનશ્નીનો વધારો કરનાર તરીકે પસંદ કીધો છે, ઠગાઈ કરનાર આળસુ માણસ દીનના સારા કાનુનનો ફાયદો મેળવનાર હોતો નથી.

* પવિત્ર નસ્ક વશ્તૈમાનસરમાં જણાવ્યું છે કે જે કોઈ દીન સારી રીતે જાણતો હોય અને એક ડાહ્યો એરવદ હોય તેની આગળ દીન વિષે પુછપરછ કરવી, તેનાથી દીન સાંભળવી, અને ડહાપણથી તે બરાબર સમજવી.

† ગાથા અહુનવદ, હા ૩૦, ફ. ૧૧.

પેદાયશના સેવટના અંત તક કિરતાર
દેશે, તેની ઇન્સાફી રીત અનુસાર,
વચન તથા કામોનો બદલો આબાદ,
બુરાંને બુરૂં, ભલાંને આશિર્વાદ. *
સવાબકાર હશે અને નેકી કરનાર,
તથા રાસ્તી કીધી હશે અખત્યાર,
તેવાજ શખ્સો મેળવશે બેહેસ્તમાં મુકામ,
છે હરેકની સાચવટ પર આધાર તમામ.
બખસ્યાં છે હોરમજદે અકલ ને જ્ઞાન
કે તે મારફત નેકીની કરવા પિછાન
મનુષ્યો શીખે ને ભલાં કામ કરી
મીનોઇ જહાનની ખુબીઓ મેળવે ખરી. †

ફરોહર અને રવાન.

પુરાવા ફીલસુફોએ બહુ શોધ્યા છે,
ને દાખલા દલીલવાર ઘણા નોધ્યા છે,
કે જાળવે છે જીવતાં સાથ પ્રેમ ને સંબંધ
ગુજર પામેલાં આપણાં ખેશી ભાઇબંધ,
ને અણુદીઠ છતાં આપે છે વારંવાર
અગમચેતી, ચેતવણી, રક્ષણ ને પ્યાર.
ગવાહી એવીજ મતલબની આપે છે સ્પષ્ટ
જુઓ આપણી પુરાણી ફરવરદીન યશ્ત.
એનો ત્રીસમો ફકરો કરે છે સ્વીકાર
કે નેક, બહાદુર, ફરોહર, વૃધ્ધિ કરનાર,

---

* ગાથા ઉશ્તવદ, હા, ૪૩, ફ. ૫.

† ગાથા અહુનવદ, હા, ૩૧, ફ. ૧૧, ૨૧.

અતિ ઘણો રાખે છે જીવતાં પર પ્યાર,
ને અતલગનાંઓને છે સરસ ચાહનાર.
વળી કહે છે એ યસ્ત કે નેક ફ્રોહર
નીજ દેશ, કસ્બા, મોહોલ્લા, ને ખેશી ઉપર
દુઆઓ ગુજારે છે રહો સહુ આબાદ,
ખુશાલી, ફરાખી ભરેલાં ને શાદ.
હાદોખ્ત નરકમાં એવી જણાવીછે વાત
અશોનાં રવાનને નહિં દુઃખ કે ગભરાટ;
પણ "સુખ તેને જેનાંથી બીજાંને સુખ" *
ખુશાલ એ કલામ ગાતાં મલકાતે મુખ,
ભલાંનાં રવાન બેહેસ્ત તરફ ચહડે છે,
(બીજે બોલમાં સ્થિતિ સુખી મેળવે છે).
બુરાંનાં રવાનો પિડાતાં, બેફામ,
અનુભવતાં વેદના ને સંતાપ તમામ,
ને અકળાયલાં, પોકારે "કામ ને મોઇ જાંમ"
("રે અફસોસ ! હમે જઈએ કીએ મુકામ !").
છે આ પરથી લેવાનું આ બોધ શિક્ષણ,–
મરણ બાદ ચાલુ રહે છે લાગણી તીક્ષણ,
તેથી ખાકી આલમમાં કાહાડવી અચ્છી
એવી આપણી જીંદગી કે મૃત્યુ પછી
ન આપણને જરાય દુઃખ સંતાપ થાય,
પણ આપોઆપ ઉત્કૃષ્ટ સુખ જ મેળવાય. †

---

* ઉશ્તા અહમાઇ યહમાઇ ઉશ્તા કહમાઇચીત.

† પ્રોફેસર એલ. એચ. મીલ્સ ખુલ્લાં દીલથી આ વાત સ્વીકારે છે કે માનસિક બેહેશ્ત અને દોજખ જે માત્ર જ ભવિષ્યની (એટલે મરણ પછીની) હાલતો તરીકે બુધ્ધિમાન આસામીઓ હવે સમજવા અને સ્વીકારવા લાગ્યાં છે, તથા બીજા ઉમદા વિચારો જે હવે સામાન્ય મતા થઈ પડયા છે, છતાં જેની અગત્યતા કબી ઓછી થાય નહિં, તે ગાથાઓમાં, અને આપણે જાણ્યે છીએ ત્યાં સુધી સપર પેહેલા ગાથાઓમાંજ, જણાવવામાં આવ્યા છે.

મન આનો આવાયદ શુદન.

થયાં ઝાડે ફળ પુષ્પ, મીઠા રસથી પુર,
ન તોડયાં વેળાસર, સુકાશે જરૂર.
ચમેલી, જાઇ, જુઇ, સુસન, મોગરાં, ગુલાબ,
વખતસર ન વિણ્યાં કરમાશે શેતાબ.

ડૉ. વીલ્હેમ ગાઈગર જણાવે છે કે મરણ પછીની ભવિષ્યની જીંદગી બાબતનો એતેકાદ અવસ્તા જમાનાનાં લોકો કરતાં બીજી કોઇ પણ પ્રજામાં વધારે આગળ પડતો નથી, તેમજ નથી બીજી કોઈબી પ્રજામાં એ બાબતના વિચારો વધારે મક્કમ રીતે જાહેર કીધેલા કે વધારે વિગતે પળાયલા. આત્મા અમર છે તથા કરણી મુવાફેક બીજી જહાનમાં બદલો મળશે એ આખી જરથોસ્તી દએનના મૂળ રૂપી સિધાંતો છે.

આત્માનું અમરપણું, રિસ્તાખેજ વિગેરે બાબતો બીજા ધર્મોએ જરથોસ્તી ધર્મમાંથી લીધી છે એવું રેવરંડ જાન મીલન, ડૉ. વાઈલ્ડર, ડૉ. એલ. એચ. મીલ્સ, ઈત્યાદિ, વિદવાનોએ પુરાવાઓ આપી સાબેત કીધું છે. ડૉ. માર્ટીન હાઉ ખાતરીથી જણાવે છે કે યાહુદીઓના દેશવટા પછી તેઓના જુડાઈઝમ ધર્મે અને પછી જુડાઈઝમ મારફતે ખ્રીસ્ટી ધર્મે જરથોસ્તી ધર્મમાંથી અગતની અસર મેળવી છે કે જે અસર, યજદો, અંગ્રેમઈન્યુ, અને રિસ્તાખેજને લગતાં ફરમાનોના બાબમાં અચૂક જણાઇ આવે છે. સી. પી. ટીએલ (C. P. Tiele) "જરથોશ્તનો ધર્મ, બેકટ્રીઆમાં તેની ઉત્પત્તિથી તે પુરાતમ ઈરાની શેહેનશાહતના પડી ભાગવા સુધી" નામના ગ્રંથમાં કહે છે કે જરથોશ્તી ધર્મે જુડાઈઝમમાં ફેરફાર કીધો અને તેમ થતાં ખ્રીસ્ટી તથા ઈસ્લામી ધર્મો ઉપર તેની અસર થઈ છે એ બીના એ ધર્મ તરફ આપણી જીજ્ઞાસા ખેંચવા હક ધરાવે છે. પ્રોફેસર ડૉ. રોથ આગળ વધીને કહે છે કે આપણે સાચે સાચું માનવું જોઉએ કે (યાહુદીઓના પેગમ્બર) મોઝીઝે પોતાની સઘળી બંદગીઓને અવસ્તામાંની બંદગીઓમાંથી તારવી કાહાડી છે. અને એની પ્રાર્થનાઓ એજ કાયદે અને તેજ બાબદોથી ભરેલા તરજુમાંજ જણાઈ આવે છે; અને માજી જરમન શેહેનશાહ કએસર વિલયમે કહયું છે કે ખ્રીસ્ટીઓના ધાર્મિક પૂર્વજો યાહુદીઓ નહિં, પણ જરથોસ્ત તથા ઈરાનીઓ એટલે આર્યનો છે. અને ખોદા બાબતનો ખ્રીસ્ટી ખ્યાલ ઈરાનીઓ તરફથી આવ્યો છે. મરણ પછી માણસની સમાપ્તિ થતી નથી, પણ તેનું વક્તિત્વ હયાત રહે છે એનો કોઇને પણ ઉઘાડો પુરાવો મળી શકે એ માટે પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી ટોમસ એલ્વા એડીસન એક એવું યંત્ર શોધવા પાછળ મથેલો છે કે જે, તેની નાજુક બનાવટના સબબે, મૃત્યુ બાદ હયાતી જારી રહે છે તેનો આપોઆપ સીધો પુરાવો આપી શકે. (જુઓ ઑગસ્ટ ૧૯૨૨નું સ્ટ્રેન્ડ મેગેઝીન, પાનું ૧૬૨).

ચઢાઇ લાવે શત્રુ લઇ સેના ખુનખાર,
લુટાઇ જશે મુલ્ક જો ન લશકર તૈયાર.
વગાડશે નોબત આવી એકદમ અજલ,
ઝુંટાવી જશે જાન, ન આપશે મેહતલ.
ન આપશે મેહેતલ કરવા છેલ્લી તોઝેશ;
તું કેહેશે રે થોભ! તો શું થોભશે તે લેશ?
તૈયાર રેહે, તૈયાર રેહે, રેહે હુશિયાર હંમેશ;
ન કામ આવશે દોલત, ન દોસ્તદાર, ન ખેશ.
મનશ્ની, ગવશ્ની, ને કુનશ્ની ફકત
એ ત્રણ આવશે કામ તને અજલને વખ્ત.
એ ત્રણ આવશે કામ, તો કાંય બેદરકાર?
ભલાઇ, નેકી, અશોઇ તું કર અખત્યાર.
જનમથી મનુષ કાજ અશોઈ સારી જાણ,
અશોઇ એટલેજ દીન માજદયસ્ની પિછાણ.*
ફકત માર્ગ એકજ છે, છે અશોઇનો તે;
બીજા બધા માર્ગો કેવળ ખોટા છે.†

થોડુંક ઉપર બાહોશ લેખક સર આર્થર કૉનન ડૉઈલની એક ખબરપત્રિએ મુલાકાત લીધી હતી જેનો એહેવાલ ૧૫મી સપટેમ્બર ૧૯૨૬નાં ટાઈમ્સ ઑફ ઈન્ડીઆમાં આપ્યો છે, તેમાં જણાવ્યું છે કે એક ભાષાણ વેળા સર આર્થરને તેના તુરતના ગુજર પામેલા એક બેટા તરફથી હિમત અને મદદ મળી હતી, અને એક વર્ષ પછી એક સેઆન્સમાં તે બેટાનો એણે સાદ સાંભળ્યો અને તેણે એને ફોટી વતીક કીધી, વળી ત્યાર પછી એઓને અનેક વાર વાતચીતો થઈ હતી તથા ખાનગી કુટુંબી બાબતોનાં વિવેચન થયાં હતા. વિશેશમાં સર આર્થરે તે ખબરપત્રિને જણાવ્યું કે એ ગુજર પામેલા દીકરાનો ફોટો પણ લેવાઈ શકાયો છે, અને તે ફોટો તે ખબરપત્રિના હાથમાં મુકતાં સર આર્થર બોલ્યો, "મોહોત! મોહોત જેવું કશું જ નથી, ગુજરેલાંઓ બધાં હજી જીવતાં છે, અને આએ અપટ દુનિયા એ વાત સમજી શકે તે વાસ્તે પ્રયત્ન કરતાં રહ્યાં છે."

* વંદીદાદની પાંચમી પરગરદના ૨૧મા ફકરામાં કહયું છે કે પવિત્રાઈ મનુષ્યો માટે જન્મથી સારી છે કારણ કે ઓ જરથોશ્ત પવિત્રાઈ એજ માજદયસ્ની દીન છે.

† અએવો પન્તાઓ યો અશહે વીસ્પે અન્યએષામ અપન્તાંમ,

અરે હોરમજદ ખુદ છે અશોઇ સર્વોત્તમ, *
જેના ઉપર ચીટકાવ્યે દીલ જાન મકમ. †

અરદા વીરાફની સરોશ યજદ સાથના મુલાકાત અને એણે જોયલો ચીનવદ પુલ.

ધરી બાજ, ખાણાને આપી ઇન્સાફ,
"તેડાવો નવીસંદો," બોલ્યો વીરાફ,
કે બેહેસ્ત ને દોઝખનો જે આપું એહેવાલ,
રોશન કરવા સહુને તે લખે તતકાળ,
થાય વાકેફ જેથી લોક આલમનાં તમામ
ભલાંને ભલાઇનું કેમ આપે ઇનામ
ને ભુંડાંને ભુંડાઇની કરે સજા
પેલી જહાનમાં કેમ પાક પરવર ખુદા."
વીરાફે જે દીઠું તેનું લખવા બ્યાન,
નવીસંદો બેઠો ધરી પૂખ્ત ધ્યાન.
નીચે મુજબ બોલ્યો પાક અરદા નેકનામ:
"મેં જેવી પુરી કીધી હોમ-રસની જામ,
ને કીરતારની ભકિતમાં રોકયું મુજ મન,
કે લાગ્યો તુરત માહારો જાન છોડી તન
ઉંચે ઉડી જતો બીજી જહાન અંદર,
જયાં યઝદ સરોશ મને પડયો નજર.

---

* મ્હોટી હફતન યશતના પેહેલા કરદાના પાંચમા ફકરામાં કહયું છે કે હોરમજદ સહુથી ઉત્તમ અશોઇજ છે તેની તરફ હમો મન લગાડીએ છીએ.

† આ કવિતાને મથાળે મુકેલા શબ્દો ન્યાએશો તથા યશ્તોના ગોરજે ખોરેહ વજાયાદ વાળા ફકરામાં આવે છે, અને એનો અર્થ "મને ત્યાં (એટલે બીજી જહાનમાં) તું જોઇએ" થાય છે,

પરસ્પર સલામ થઈ, ને બોલાવ્યો ખાસ
સરોશે, ઇશારત કરી, મને પાસ,
ને બોલ્યો, "વીરાફ! કરી લાંબી સફર
તનોમંદ જગ છોડી તું આવ્યો ઉપર.
ભલે આવ્યો છે તું આ મીનોઇ મુકામ,
ખુશી છું તને અરદા જોઇને આ ઠામ.
સમાપ્ત તાહારો વખ્ત થાય તું તેની પેહેલાં
શું કામ આવ્યો છે આએ મીનોઇ જહાનમાં?"
કરી સેજદો મેં તેને દીધો ઉત્તર,
"સરોશ યઝદ! શાહ અર્દશીર નામવર
ને દરબાર ને મોબેદ ને દસ્તુર વિદવાન
તરફથી હું આવ્યો છું આ મીનોઇ જહાન,
કે બેહેસ્ત ને દોઝખ તણું લઇ જ્ઞાન પુર,
અધર્મ, અસત્ય તમામ કરીએ દૂર,
ને દાદાર હોરમઝદ, જે એકજ ખુદા
તેનેજ માનીએ અંતઃકરણથી સદા."
સરોશ મારો કર ઝાલી બોલ્યો, "વીરાફ!
અગર તુજ મનશ્ની હોય નિર્દોષ સાફ
ને નૈયત પવિત્ર જો હોય તાહારી તો
તું રેહે ઉચે ચહડવાની ઢબે ઉભો,
જેમ દાદર પર ચહડતાં પગ કરીએ ઉંચો."
તુરત મેં તેમ પગ માહારો ઉંચો કીધો.
સરોશ બોલ્યો પાછો, "જો ગવશ્ની સાફ
હોય તાહારી તો પગ બીજો ઉંચક, વીરાફ."
મેં તેમ કીધા બાદ, સરોશ બોલ્યો "અગર
હોય નેક તુજ કુનશ્ની તો એક કદમ ભર."
મેં જેવું કીધું તેના કહયા સર કે
દીઠો ચીનવદ પુલની મેં આગલ મને.

છે જીંદગી ને મરણનો ચીનવદ પુલ,
મેં દીઠો તે પોહોળો ને સપાટ બીલકુલ.
સરોશ બોલ્યો, "કર હેઠે જગ પર નજર."
નીચે જોતાં, મેં જોયું અશો એક નર-
નું રૂહ જે બની ખાકી તનથી છુટું
તરતનુંજ, બીછાના પર બેઠું હતું.
તે ખુદ સાથ હતું બોલતું નીચલાં વચન,
"અશો પાક શખ્સો જે પામે મરણ
બને છે ખરાં તેમનાં રૂહો ખુશાલ;
મેં કામ કીધાં નેકજ, ને નેક રાખી ચાલ,
ખોદા પર ઇનબાર રાખ્યો, રાખ્યો મેં વહાલ,
તો જોઉંછું આજ ચીનવદ પુલ સપાટ વિશાળ."
સરસ સુંદર બાગ મને પડયો નજર,
જ્યાં ઉગ્યાં છે ફુલો ઘણાં મનોહર,
પમરતાં મીસાલે કસ્તુરી, અંબર;
પવન ફુકતાં દક્ષિણથી, આવી નજર
જવાન એક કુમારીની સુંદર સુરત,
અનોપમ હતી જે મનોહર મુરત,
તેનાં લાંબાં ઝુલ્ફાંનાં પેચવાળા બાલ
પવનની લેહેંકી અંદર ઉડતા ખુશાલ.
મેં ઠેડવી તેણી ઉપર માહારી નજર,
પેલો નીચલી દુન્યા પરનો અશો નર,
જેનું છુટું રૂહ મેં દીઠું હતું ત્યાં,
તે રૂહ ભણી વધી તે મનહર કન્યા.
તન ખાકીથી મોકળાસ પામેલું રૂહ
હવે જોવા લાગ્યું તે કન્યાનું મુહ.
મીઠાશ, માયાવાળી પ્રકાશિત સુરત
જોતાં રૂહને આવી બહુ ધીરજ, હિમ્મત.
"તું કોણ છે," તે બોલ્યું, "કર મને ખબર,

જગત હાડમંદમાં સોહામણી સુંદર
આવી કન્યા મેં નહીં દીઠી ઉમ્રભર.'
"હું છું," બોલી કન્યા, "નેક તાહારી કેરદાર,
તેં જીંદગી કીધી અશોઇમાં પસાર,
છું હું તાહારી નેકી, ભલાઇનો આકાર.
સખાવત, આશ, વિશ્વાસગાં દહાડા સમાન
ગુજાર્યાં તેં તેનું કરૂં જેમ હું બ્યાન,
મુજ સુંદરતા તેમ તેમ વધે છે ઘણી;
પાક આતશની કીધી છે તેં જાલવણી;
પેગમ્બર અશો જરાથોસ્ત સ્પીતમાન
તરફથી મલેલી દીન માઝદીઆન
મુજબ કીધી ક્રિયાઓ તેં બેગુમાન."
જે ખુશ ઢબે ઓચરી તે કન્યા સુખન,
તે સાંભળીને રૂહ બન્યું અતિ મઘન.
હિમ્મતથી લીધો હાથમાં કન્યાનો હાથ,
પસાર કીધો ચીનવદ તેની સાથેસાથ.
કદમ પે કદમ તેઓ આગળ વધ્યાં,
ધરી હાથમાં હાથ પાંચે બેહેશ્તે ચહડયાં.

ખેતીની ખુબી, વંદીદાદ પ્રમાણે.*

રે ધરતિ કરવી જોઇએ ખેડી ખુશાલ,
ન રાખવી તેને ઉજડ ને પાયામાલ.
જ્યાં સુસ્તીમાં સબડી રહે આદમી ભુંડા,
ત્યાં કેમ મળે ધરતિના આશિષ રૂડા?
અરે ધરતિ આપે કેમ ધાન્યના ઢગ,
જો ઉદ્યમને બદલે આળસ રગેરગ?

---

* જુઓ વંદીદાદ ફરગરદ ત્રીજી, ફ. ૪, ૩૦, ૩૧, ૩૨.

અનાજની જે શખ્સ સારી ખેતી કરે,
તે અશોઇ ખેડે છે એમ માનવું ખરે;
વધારે છે મજદાની દીન તે વધુ,
વધારે છે સો ધણી દીનની આબરૂ. *
જે ઘરમાં હોય આટો ત્યાં માર દેવો ખાય,
જ્યાં પુષ્કળ અનાજ ત્યાં દુઃખ દેવને થાય. †
અનાજ અન્ન પુષ્કળ ઉત્પન્ન થાય છે જે વાર,
એવી કળાતર દેવોને થાયછે તે વાર,
કે તાતવેલો સલિયો બહુ ગરમાગરમ
ઘુસાડયો હોય તેઓનાં મોંહગાં એકદમ.

મરહુમ એરવદ કાવસજી એદલજી કાંગા નોંધ કરે છે કે ખેતી કરવાથી યની દીનનો વધારો થાય છે એટલે અગર જો માણસો ખેતી કરીને પોતાનું સારી રીતે કરી શકે તો તેઓને ચોરી, લુંટફાટ કરવી નહી પડે. જો ખેતી રે અને ભુખે મરે તો અનીતિમાં તેઓ ફસે છે. માજદયસ્ની જરથોશ્તી દીનની ામ એજ કે એ અનીતિનો તદન અટકાવ કરવો. મી. જે. એચ. મોલ્ટન y religious poetry of Persia" નામની ચોપડીમાં લખે છે કે, tract and profound though Zoroaster's thought was he haracteristically Iranian in his outlook—free from mysticism sceticism and dreaminess. * * The attainment of wisdom rough the characteristic stages of 'good thoughts, good , good deeds,' and for Zarathushtra's disciple 'good deeds' not futile sacrifices, or vain austerities, but diligent of the soil, hatred of deceit and lying, and kindness to eatures of Ahura."

મરહુમ મી. કાંગા સમજાવે છે તેમ આ ફકરો અલંકાર ભાષામાં લખાયલો છે, ાબારતમાં કહયે તો એની મતલબ એ કે ખોરાકને વાસ્તે લોકોને બારણું ાધાને બદલે, જે શખ્સ જાતી મેહેનત કરી ખેતી કરીને પોતાને માટે તથા કુટુંબને માટે અનાજ પાકવી તેને ખાવા લાયક કરી એકઠો કરી મુકે છે, તે ખરાબી કરનારા જેવા કે ભુખમરો, કંગાલિયત, ચોરી, ઈત્યાદિ, દેવોનો નાશ ઉદ્યોગી તથા ઉદ્યમવાળા માણસનાં ઘરમાં કોઈ બી દેવ પેવશ થઈ શકતો નથી.

' એટલે દુર્ગુણ, કંગાલિયત, નાપાકી, દુર્દશા, એવું સમજવું.

પતેત* પશ્ચાતાપનો પ્રતાપ.

સૂરજ ઉગે જ્યારે, નમો તેને તમ,
સૂરજ આથમે ત્યારે, નમો તેને તમ.
નમનતાઈ બતાવનારો મેળવે છે માન;
દેખાડે છે નમ્રતા ગૃહસ્થની નિશાન.
જે ફળવાળી ડાળી તે નમી પડે;
અહંકાર ન ગુણવાળ પુરૂષમાં જડે.
ગુમાન, ગર્વવાળો થાય અળખામણો નર;
નમે નર તેનું આખર ઉંચું રહે સર.
ગરૂરીનું મૂળ કમસમજમાં જણાય,
ગરૂરીનો ઘાટ અંતે ગમમાં ઘડાય.
ગરૂરીની આખરે પશ્ચાતાપ થાય,
પણ પશ્ચાતાપથીજ અંત્યે મુકિત મેળવાય. †
જો પસ્તાઇ પુરો સ્વસુધારો કરો
તો ભવસાગર પાર સહિસલામત તરો. ‡
દીએ પશ્ચાતાપ ભૂલ્યા માનવીને લાગ
થવા પ્રેમી હોરમજદ સાથ પાછો એકરાગ. §

---

* "ગુનાહ" એટલે ખોદાએ નેમેલા કાયદા અથવા નિયમથી બહાર જવુ અને "પતેત" એટલે તે બહાર ગયલા માર્ગ પરથી પાછું હટવું યાને પસ્તાવો

† યજશ્નેના પેહેલા હાના ૨૧ મા ફકરામાં કહયું છે કે ઓ હોરમજદ ! જાણ ય અજાણથી, મનશ્ની, ગવશ્ની અથવા કુનશ્નીથી તાહારી જે પણ નાફરમાની થઇ હો તે માટે બંદગી તથા ન્યાયેશ બજા લાવી માંફી ચાહું છું, કાંય જે ખરાં દીલ બંદગીથી તું માફી બખશનાર છે.

‡ વંદીદાદની ત્રીજી પરગરદના ૨૧ મા ફકરામાં કહયું છે કે જો કોઇ શખ બીજાં ગુનાહ ભરેલાં કામોથી દૂર રહે તો પસ્તાવો તેની શિક્ષા છે, પણ જો બીજાં ગુનાહ ભરેલાં કામોથી દૂર નહીં રહે તો તે હંમેશ સુધી ગુનેહગાર થાય છે

§ પશ્ચાતાપ કરવો તેનો અંગ્રેજી બોલ **to atone** છે. To *atone* એટલે **to be** *at one* **with,** એકરાગ થવું.

કરી પ્રાયશ્ચિત, * ભૂલી આગલા વિચાર,
પવિત્ર નવી વાટે નિકળવું બહાર.
ખુદા ખુદ છે પ્યાર, એટલે દૂષિ નવ હોય,
કરે માફ ગુનાહ જ્યારે પસ્તાય છે કોય.

પારસી કોમની જગ-પ્રખ્યાત.

તમામ હિંદમાં છે પ્રખ્યાત પારસીનું નામ,
સબબ કીધાં, કરે છે, પુણ્યવંતાં કામ.
એક લાખ જેટલાં આસામી, કોમ એવી ટુંક,
છતાં છાપ બેસાડયો છે ઉંચો અચૂક.
નથી કોણુને મોહોડે સર જમશીદનું નામ,
સખાવતમાં હાતમ જેવાં જેનાં કામ?
ભલા સાહાસીક રેડીમની ને પીટીટ.
સખાવતથી જેઓએ મેળવી છે પ્રિત,
કંઇક સેંકડોને રોજીના દેનારા એ,
કંઇક સેંકડોની દુઆઓ લેનારા એ.
ને ગામોના માલેકો વાડીઆ માતબર,
ને બેરામજી ખાનદાનના નામીચા નર.

---

* ફારસી રેવાએતોમાંથી એવી મતલબનું લખાણ મળી આવે છે કે ગુનેહગાર શખ્સે પોતાના ગુનાહનો એકરાર તથા તેની તોજેશ તે જમાનાના રાસ્ત, કાબેલ અને દીનઆગાહ દસ્તુરની હજુરમાં કરવો. અને પતેત પશેમાનીના ત્રીજા કરદા ઉપરથી જણાય છે કે દીનના સરદાર અથવા દસ્તુરની ગેરહાજરીમાં કોઈ રાસ્ત અથવા દીનઆગાહ જરથોસ્તીની હજુરમાં પણ ગુનાહનો પસ્તાવો થઈ શકે છે.

દસ્તુર શાહજાદ સદદર કેતાબમાં જણાવે છે કે એક જરથોસ્તી જ્યારે ૧૫ વર્ષનો થાય ત્યારે તેની ફરજ છે કે પોતીકો એક દસ્તુર કબુલ કરે; શા વાસ્તે કે જે કોઈ કામ અને સવાબ દસ્તુરની રજા વગરનું તે ખોદાને પસંદ નથી, શા વાસ્તે જે ખોદાતાલાની નજદીક દસ્તુરનો એ મરતબો છે જે ગુનાહનો ત્રીજો હીસ્સો એ દસ્તુર બખ્શી શકશે. પણ જાણવું જે જે શખ્સ ઘણો એક કાબેલ અને ફાજેલ અને દાનાવ અને કુલ એલમમાં માહેર હોય તેને જરથોસ્તી દીનનો દસ્તુર કરી કહે છે.

કેળવણી ને ધર્મોનાં ધામો સ્થાપી,
મળવતા રહ્યા છે આશિશ અદ્યાપિ.
રે તાતાઓ જેવાં કોણે મોહોટાં કામ
ઉપાડયાં, ને કાહાડયાં, સખાવતમાં નામ?
સર હોરમસજી ને એમના ભાઈ કએકોબાદ,
સખાવતમાં શૂરા, વેપારમાં આબાદ,
બહુ જીતે છે પ્રિત અને મેળવે છે જસ,
ઉન્નતિ હમકોમની કાજ લેતા રહી રસ.
ઇરાનના હમદીનોના મિત્રો મેહેરબાન
ભલા ગારકર શેઠોએ કર્યાં જ્ઞાન-દાન.
બનાજી, પટેલ, દાદીશેઠ, એવા નર,
બનાવી ગયા પારસી નામ મોતેબર.
ઘણા બીજા હમદીન, આવા દાખલા લઈ,
યથાશકિત દાન ધર્મ ઠીક કરતા રહી,
વજાડતા રહ્યા છે ડંકો પારસીનો,
ઉરાડતા રહ્યા છે ઝુંડો પારસીનો.
પ્રજા-હિતમાં અગ્રેસર, જીવે સાદા,
નેક પ્રોફેસર દાદાભાઇ, હિંદના દાદા,
વયોવૃદ્ધ સર દીનશાહ *, કવિ મલબારી,
એ લોકરક્ષી ફીરોઝો † સિંહ રાજદ્વારી,
એવા દેશ-સેવકો લઇ ભાગ આગેવાન,
વધારતા રહ્યા જબરૂં પારસીનું માન.
ભલા દાદાભાઇ તથા સર મીનોચેહેર ‡
બની એમ. પી. પ્રખ્યાત થયા શેહેરેશેહેર.

---

* સર દીનશાહ એદલજી વાછા.

† સર ફીરોઝશાહ મે. મેહતા, કે. સી. આઇ. ઈ., તથા સર ફીરોઝ ખ. શેઠના, ઓ. બી. ઈ.

‡ સર મંચેરજી મે, ભાવનગરી કે. સી. આઇ. ઇ.

સપર પેહેલાં સ્વરાજનું મંત્ર ફુકનાર
ને પ્રજાનાં હૈયામાં જોરસો મુકનાર
હતા વીરલા પારસીજ, કરે છે કબુલ
બધા આજના નેતા ને હિંદી બુલબુલ. *
પરોપકાર ને દીનદારી, ઉદ્યોગ ને સાહાસ,
જે ગુણોથી પારસી નામ પામ્યું પ્રકાશ,
તે ગુણોની ચાલુ ખીલવણી કરી,
તથા રાહે હોરમજદને સાબુત ધરી,
બીજી ભાઇબંધ કોમોનો લઇ હાથમાં હાથ,
ઓ હમદીનો! રેહેજો ભલી ભલાઇ સાથ.
જે હિંદ-મુલ્કમાં લીધો છે આશ્રય તમે
તે મુલ્ક માટે ધપકાવજો હૃદય તમે.
ઇરાન અવ્વલ, બીજી છે હિંદ આપણી માત,
એ માતાના કેહેવડાવશું બેટા સજાત.

જંગે સંજાણ.

હતો એક વખ્ત લાખો પારસી સિપાહ,
ફોલાદી બખ્તર દીલપર, સર પર કોલાહ,
પ્રતાપવંતો કાવ્યાની દરફશ હરગમ
ફતેહ ભર્યો ઉરાડતા હતા હરદમ.
અગર સેલેમીસ ને મેરેથોનનાં જંગ
જો ખોતે નહિં પારસીઓ, ઓર થતે રંગ.
તવારીખનવેશો એમ કેહે છે ખચીત,
જો આ બે લડાઇમાં થાત પારસીની જીત,

---

* તા૦ ૮ મી નવેમ્બર ૧૯૨૬ ના દીને પારસી મજાકિય સભાની બાંહેધરી હેઠળ મળેલી જાહેર સભાનાં પ્રમુખસ્થાનેથી "હિંદી બુલબુલ" મીસીસ સરોજીની નાયડુ બોલી હતી કે સ્વરાજનો પાયો પારસીઓએ નાખ્યો હતો, પારસી કોમે નેશન-બીલ્ડર્સ પેદા કીધા છે, અને એ કોમ પોતાની પ્રાચિન કીર્તી જાળવી રાખશે એવી આશા છે.

તો પારસી પાક મોતેબર માજદયસ્ન દીન
આજ યુરોપનું હોત મોહોટે ભાગે આકીન. *
અરે નથી તે વખ્ત કંઇ ઘણો દુર
કે પારસી મુઠ્ઠીભર પણ મરદાના પુર,
ધસ્યા હિંદુ રાણાને કરવા મદદ
ચઢાઇ જ્યારે સંજાણ પર લાવ્યો મહમ્મદ.
શૂરા અર્દશીરની સરદારી હેઠળ
મચાવ્યું જુધ્ધ કાતીલ, ને થયા કતલ.
કતલ તો થયા, પણ રહી કીર્તિ અમર,
અસંખ સેના સામે લડયા મુઠ્ઠીભર.
દીલાવર એવા પારસી ન્યાગાન નામદાર
કરી ગયા પારસી નામ જગતઆશકાર.
તે નામીચા ન્યાગાનના નબીરા હમ,
હિમ્મત હંમેશ રાખી, ને સાબુત કદમ,
ફતેહમંદ ને પુન્યવંત કરતાં રહી કામ,
પ્રકાશતું હજી રાખશું પારસીનું નામ.

જંગે વરીઆવ.

સુરત શેહેરની નજદીકમાં વરીઆવ છે ગામ,
ત્યાં જરથોસ્તી બાનુઓએ રાખ્યું નામ.
ઘણાં વર્ષો પર બન્યો બનાવ યાદગાર,—
એ વરીઆવના પારસીઓ કરવા ગહમ્બાર,
હતા ગયલા તે ગામથી બીજી કોઇ ગમ,
એક હિંદુ ગરાસીઓ ફોજ લાવ્યો એકદમ.

---

* "દુનિયાની તવારીખમાં એવા કીયામો આંવ્યા હતા કે જ્યારે બીજા તમામ દેવતાઓનાં મંદીરો ખંડિયર બની હોરમજદની પરસ્તેશનો ત્યાં ફતેહમંદ ફેલાવો થઈ પડવાની અણી પર હતો. મેરેથોન અને સેલેમીસની લડાઈઓમાં જો ગ્રીકોની હાર થઈ હોત અને ગ્રીસ ઈરાનને તાબે ગયું હોત, તો સાઈરસની શેહેનશાહાતનો રાજધર્મ, જે હોરમજદની પરસ્તેશ હતી, તે તમામ સુધરેલી દુનિયાનો ધર્મ થયો હોત." (પ્રોફેસર મેકસમ્યુલર).

જે વાર હાજર નહીં મર્દો વરીઆવમાં કોઇ,
ચઢી આવ્યો દીન-દુશ્મન તક ફાવતી જોઇ.
મગર ત્યાંના દસ્તુરની બેટી હતી
વિચારવંત, ધિરજવંત, હિમ્મતવાન અતિ.
ભેગી હમદીન બેહેનોને તેણે કીધી,
ને હિમ્મત બધાંઓને એવી દીધી,
કે આવ્યું ઉછળી તેમનું જરથોશ્તી લોહી,
પોકાર્યા ન પારસી નામ હમ દઈશું ખોહી.
ઈરાની શૂરાતન ચઢયું તેમને અંગ,
થયાં તૈયાર અજમાવવા શત્રુ સાથ જંગ,
લીધા વેશો મર્દાના, બીડયાં હથિયાર,
બચાવવા પાક દામન, સાચવવા ઘરબાર.
બહુ સંખ્યા નાહાની ને આખર અબળા,
છતાં લડયાં હોય જાણે મર્દો સઘળા.
ચલાવ્યું જંગ જોસથી, રે શાબાસ, શાબાસ!
હઠાવ્યો દીન-દુશ્મન, પણ આખર નિરાશ!
ન કીસ્મત થયું તેઓને મદદગાર,
ને જોયું કે હવે તો નક્કી છે હાર,
કસદ કીધો શત્રુને હાથ નહીં જવું,
પણ આબરૂને જાળવવા બેહેતર મરવું.
થયાં બધાં આવાં યજદને સરણ,
કુદી પડી દરિઆમાં પામ્યાં મરણ.
હા, પામ્યાં મરણ, છતાં અમર રહ્યાં;
શૂરાતન ને સ્વમાન વખણાવી ગયાં.

પારસી વૉલન્ટીઅરીંગ.

રે યાદ છે, ઓ ભાઇઓ, ઝુંદો કાવેયાન,
ફોલાદી કોલાહ, બખ્તર, ગુર્ઝ ગાવેયાન,

કમંદ ને કમાન ચાચી, તીક્ષણ કટાર,
ને વિજ સમ ઝપકવાળી તેજી તરવાર!
તમુને છે તે સીપેહસાલારો યાદ,
ચશમ જેમની ચંગી ને બાઝુ ફોલાદ,
તુરી જેમના બહાદુર, કદાવર, મજબૂત,
ઝડપ જેમની હરણી સમ, ધિરજ અખુટ.
જે જોધ્ધાઓ મેળવતા શત્રુ પર જીત,
દઇ ધર્મ પર એકાન ને સ્વદેશ પર પ્રિત,
સદા દેશની સેવામાં ઝીપલાવનાર,
ને પડયો બોલ બાદશાહનો ઉઠાવનાર,
દાનાઇ તેમજ નેકી પણ જેમની ઉમદા,
મેદાનમાં મરદાનગી, દરબારમાં અદા.
એ સ્યાણા શૂરાઓની લ્યો હેયે યાદ,
કે જે નામી નરોની તમ છેઓ ઓલાદ.
શૂરાતનનો સીલસીલો રકતમાં જે વેહે,
હજાર સાલ જાય ગુજરી તોય ધીકતો રેહે.
પરાક્રમી જુસ્સો, અમીરી ખમીર,
મળેલો એ છે તમને વારસો અકસીર.
કાંહ હિંદમાં તમે નામના કીધી નથી!
શૂરાતનમાં અમરતા લીધી નથી?
કરો યાદ સંજાણનું તે રણ-સંગ્રામ,
જ્યાં દેશ કાજે લડવા ધરી પુરી હામ,
હિંદુ રાયની સેવામાં પડયા મેદાન
શૂરા અર્દેશીર ભેગા પારસી મરદાન.
અદા કરવા રાજ-સેવા નીમકહલાલ,
મેદાન પડી આપ્યા નીજ જાનો ખુશાલ.
મરાઠા ને મોગલાઇની સત્તા દરમ્યાન
ધરાવ્યાં છે લશકરી અમલ ને માન.

છે વસ્તી હાલ ટુંકી, એક લાખથી બી કમ,
બનાવી શકાય નહિ એકાદ ફોજ તમ.
પણ દેશ વાસ્તે થાઓ વોલન્ટીઅર ખુશી સાથ,
કવાયદ કરી, ફોજી ગુણ કરો હાથ.
તમ લશકરી તાલીમ સંપાદન કરો,
ને દેશ, શેહેનશાહ–સેવામાં શિર તમ ધરો.
વખત આવવે દર્શાવજો પારસી ખમીર,
તમ શેહેનશાહ ને દેશ કાજ બહાર પડજો રણવીર!
સમય આવતાં દેખાડજો હિમ્મત અખુટ,
ઓ રૂસ્તમ ને સોહોરાબના વારસ સપુત!

THE CALL TO DUTY.

Listen to the rattling drum,
Listen to the battle's hum,
Hearken to the bugle-call,
Forward heroes one and all!
'Tis the hour to show your worth,
When stern Duty calls ye forth.
When the time is come for work
Volunteers ye won't shirk.
Show your mettle, prove your merit.
Seize the crown of bay and wear it.
Hasten oh ye warriors bold,
Glory's greater meed than gold.
Hark! it is your country's call,
Rush ye forth from hut and hall.
Listen to the pipe and tabor,
Grip your gun, and grasp your sabre.
From this land of mystery
Go ye forth, and history
Will inscribe on fadeless pages,
To apprize succeeding ages,

How the loyal Parsis ran,
At their Emperor's firman;
How they hied to join their standard,
Not a soul from duty wandered;
How they sped without a pause,
In defence of country's cause,
Taking up the cause of right
'Gainst the bloated foeman's might.
Scions of heroic birth!
Sons of Pars that ruled the earth!
Courage is your heritage,
Chivalry your privilege.
'Tis the time for you to prove
For your land your loyal love.
On! Advance! the country bids you;
Forward! March where Duty leads you.

રણ પર જતો પારસી રણવીર.

નીકળ્યું છે બાદશાહી ફરમાન મર્દોને,
"બોલાવેછે રુડો જવાન મર્દોને".
થયો છું હું જંગ પર જવા ઉલટભર;
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

ઓ માતા! મને તાહારા આશિષો આપ,
દિલાવર હતો માહારો દેશભકત બાપ,
ને હું પણ છું દેશ ખાતર લડવા તત્પર,
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

હુ બેટો શુરા બાપનો છું વફાદાર,
તો માતા લાવ તું માહારી તેજી તલવાર,
ને તે વડે શોભાવ તું માહારી કમ્મર,
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

ઓ વાહાલી મુજ મોહોરદાર! મને ચુંબન લે,
તું પણ મને તાહારી ભલી દુઆ દે,
ને વળગી મને ચાંપી કોટી તું કર,
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

રે ન્હાનાં મુજ ભુલકાં! તું કેડે મુજ ચહડ,
તું મોહોટો થતાં થજે બહાદુર મરદ.
તું પણ હસને ચેહેરે વિદા મને કર,
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

ઓ વાહાલી! એ ભુલકાંની રાખજે સંભાલ,
એ બાળકનું ચુમું છું નિર્દોષ કપાળ.
તમ પ્યારાંનો રેહે પાળક પાક પરમેશ્વર,
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

છે શત્રુ દગાબાજ ઘણો જબરદસ્ત
બનેલો લડાઇની ખુમારીમાં મસ્ત,
એ મસ્ત થયલા હાથીનું રગડોળવા સર
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

હવે વહાલાં તમ લેવો મહારી સલામ,
લડીશ મહારાં જીગરમાં લઇ તમનાં નામ,
લડીશ પ્યારાં સ્વદેશ ને ઘરબાર ખાતર,
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

હા, સાંભળું છું લશકરનાં રણસીંગનો નાદ,
હા, સાંભળું છું કુચ કરતી સેનાના સાદ,
હા, આવું છું, આવું છું તમ સહુ અંદર,
બોલાવે છે દેશ મને રણભૂમિ પર.

જંગ પર જતા ભરતારને વિદાય કરતી નાર.

દલેર માહારા ભરતાર વિદા થા ભલે,
દુઆ સાથ રજા દઉં છું, તું જા ભલે.
આ શસ્ત્રો તુજ લાવી, તું થા એથી સજ,
શુરાઓની આ વાર છે દેશને ગરજ.

છે પ્રજાને પ્યારો પરોપકારી નર,
છે રાજ્યને પ્યારો દેશહિતકારી નર,
ને માશુકને પ્યારો શુરો આશકજ,
શુરાઓની આ વાર છે દેશને ગરજ.

છે ગણગણાટ યુદ્ધનો રહયો ગાજી હાલ,
ને આવ્યો છે દેશના બચાવનો સવાલ,
વસાવી વેર વેરી રહયો છે છેકજ,
શુરાઓની આ વાર છે દેશને ગરજ.

વતન વાહાલું વેરી કરી લે જો સર,
તો સ્વતંત્રતાની બસ ખોદાય કબર.
છે દેશહિત કાજ મરવું કે મારવું ફરજ,
શુરાઓની આ વાર છે દેશને ગરજ.

જા, સાથીઓ તાહારા તાહારી જોય છે વાટ,
જા જંગને મેદાને તે બહાદુરો સાથ,
ફતેહ ભર્યો ફરજે બજાવી ફરજ,
શુરાઓના આ વાર છે દેશને ગરજ.

દુઆ માંગતી રહીશ આવજે ફતેહ કરી,
દુઆ પતિવ્રતાની ફળે ખરી,
રેહે યજદાં તુજ રક્ષક એ છે મુજ અરજ
શુરાઓની આ વાર છે દેશને ગરજ.

તું અલબત પળેપળ મને આવશે યાદ,
એક પળ પણ કેમ વિસરૂં, વહાલા, તાહારા લાડ.
પણ જા જ્યારે તેડે છે લશ્કરી ધ્વજ,
શુરાઓની આ વાર છે દેશને ગરજ.

જાગૃત બનો, ના ખોતા વક્કર!

કમ્બાઇસીસ, કુરૂશ, ઝરકઝીસ, દાર્યવુશ,
એવા નામી બાદશાહ, ને ધસતહમ ને તુસ,
ને જાંબુલી જાલ, સામેસ્વાર, નરીમાન,
ને રૂસ્તમ, સોહોરાબ, બરઝો જેવા પેહેલવાન,
ને બુઝરચેમેહેર, અશો અરદા, તનસર,
ને જામાસપ હકીમ જેવા દુરઅંદેશ નર,
જમાવી ગયા જેઓ કીર્તિ અખંડ,
ઓ પારસીઓ! તેઓનાં તમ છો ફરજંદ.
તો ઓ વહાલાં હમદીન! ખબરદાર થાઓ,
તમ ન્યાગાનો જેવાં તમ ઓસ્તવાર થાઓ.
કદીમ નોક ને નામના તણો મજબુટ કોટ
ટકાવો હજી બી; ના સઈ કરતા જોત
તમારાં હૃદયમાં તમ મહજબ તણી,
વિચાર ફેંકો આગળી તવારીખ ભણી.
રે હમદીનો પ્યારાં! ધરી રાખો યાદ
કઇ યશવંતિ પ્રજાની તમ છો ઓલાદ.
એ ન્યાગાનો નામવરનાં પ્રતાપી નામ,
એ ન્યાગાનો દીનદારનાં મોતેબર કામ,
તમે તાજાં રાખો હૃદયમાં સદા,
વધુ યાદ આવવે વધુ હો ફિદા.
ધરો ઉંચા આદર્શ, નેક આચાર વિચાર;
વિચાર જેવા કરશો તેવા પડશો પાર.

પેગમ્બર અશો જરથોશ્ત સ્પીતમાન,
ને શાહપુર ને શાહ અર્દશીર બાબેકાન,
જે ટોળાએ એવા પેદા કીધા નર,
તે ટોળો હવે શું ગુમાવે વકર?
તે ટોળો હવે શું રહે પડતો પછાત?
શું ડુબ્યો છે આફતાબ ને આવી શું રાત?
અરે ના, રે ના, ના! ઇમાન જો હશે,
જો દીનના કાનુન મુજબ અમલ થશે,
જો ઉંચ નેમ તમે પકડી રાખી હશે,
તો આખર નકકી જય તમારો થશે. *
રે બાજુનું બળ જાઓ વધારતા તમો,
ને આળસાઇને ને ટેહેંકરાઇ મટાડતા તમો.
અશોઇ ને ભલાઇ સાથે પરાક્રમી સાહાસ
ને સહુ સાથે સુલેહનો રાખશો પ્રયાસ,
ને આંખ રાખશો ખુલ્લી ને હુશિયારી પુર,
તો માનો ને જાણો છે ફતેહ જરૂર.
એતેકાદ રાખી તમો ભરો કદમ,
ને ટુક વસ્તી છતાં રહેશો મોખરે તમ.

રૂસ્તમ પેહેલવાનની યાદમાં.

જેણે ભાંજ્યું દીન, દેશના દુશમનનું જોર,
જેણે તોડયો દેવો હરામણાનો દોર,

---

* ડૉ. એન ચટ્ટોપાધ્યા, પીએચ. ડી., જરથોશ્તી ધર્મ ઉપરનાં એક ભાષાણમાં
હે છે કે જો અશોઇ એક પ્રજાને ઉંચ સ્થાને ચઢાવે છે તો હિંદુસ્થાનની બીજી
ામામ કોમોની ઉપર જરથોશ્તીઓએ ઉંચ દરવજ્જો મેળવવો જોઇએ, જો માત્ર તેઓ
ાતાના મહાન પેગમ્બરનાં ઉમદા નીતિશાસ્ત્ર ઉપર સારી રીતે અમલ કરતા રહે.
ળી આ ચોપડીના દિબાચાની શરૂઆતમાં આપેલાં મીસીસ બેઝંટ તથા પ્રો. જૅકસનનાં
ાતો જુઓ.

જેના ઉપર નહીં ફાવ્યાં જાદુનાં ફન,
જેની માત્ર ત્રાડ સાંભળી ભાગતા દુશ્મન,
ડરી જતો જેનાથી શાહે તુરાન,
ધ્રુજી રેહેતો જેનાથી ચીનનો ખાકાન,
કીધું જેણે સર જબરદસ્ત માઝંદ્રાન,
વટાવ્યાં જેણે હેબતનાક હફતેખાન,
જેણે માર્યાં નાશકારક અજગર, અજદ્હાહ,
ને ત્રાસેલાં લોકોને આપી પનાહ,
જે નામીચા રખ્શ અસ્પનો અસ્વાર હતો,
જે ગાવ્યાની ગુર્ઝનો ઘુમાવનાર હતો,
હતું જેનું બખ્તર પ્રખ્યાત બબ્રેબ્યાન,
ખેતાબ જેના તેહેમતન ને જહાંજોય પેહેલવાન,
હંમેશ જે રહયો તાજને પુર વફાદાર,
ઇરાનને બનાવ્યું જગતમાં આશકાર,
ખુદા પર જે રાખતો પુરો એતેકાદ,
ને કરતો રેહેતો તેને ભકિતથી યાદ, *

ઓ રૂસ્તમ! તુજ રૂહ પર દરૂદ હો હજાંર!
આ નાપાયદાર જગમાં તું નામ પાયદાર
ગયો છે મુકી, તાહારૂં રૂહ રેહેજો શાદ!
રે રૂસ્તમ! હમો ભુલશું નહીં તાહારી યાદ.

નેકી ને ગરૂરી.

કંઇ દેવ-અવતાર હતો નહિં રૂસ્તમ પેહેલવાન,
દિલાવર, પરાક્રમી, જંગી પીલતન,

* શાહનામાનો અંગ્રેજી તરજુમો કરનાર મી. એટકીનસન જણાવે છે કે "રૂસ્તમ જેટલી તેની બહાદુરી માટે તેટલો તેની ભકિત માટે જાણીતો છે. દરેક એની ફતેહ ખોદાની મેહેરથી થવા પામેલી છે એમ એ સ્વીકાર કરતો. હફતેખાનો માંહેલી એની મુસીબતો વટાવતાં ખોદા તરફનો એનો ભકિતભાવ ચાલુ ઓસ્તવાર રહેછે, અને હરગમ હરદમ એ વાજબી રીતે કબુલ કરેછે કે બળ અને ફતેહ માત્ર પરવરદેગાર તરફથી મળે છે."

એઇીન રાખતો સાબુત અને ધર્મ–ધ્યાન,
થઇ ધર્મી, પરાક્રમી રૂસ્તમ તું બન.
ન દેવ-પુરૂષ હતો ફરીદુન શાહ,
ન કસ્તુરી, અંબરતું તેનું બદન,
ધરી તેણે પુણ્ય, સખાવતની રાહ,
કરી પુણ, સખાવત, ફરીદુન તું બન.
પ્રતાપવંતો કોણ થયો જમશીદ સમાન?
જેનાં નુર ને ઓરેહ ફિરેશ્તા મીસાલ,
પેગમ્બરી, આગાહીનું રાખતો જે જ્ઞાન,
ગરૂરીએ કીધા કંગાળ તેના હાલ.
શાહ બખ્તાવર ગુશતાસ્પનો પુત અસફંદીયાર,
ધરાવતો હતો મજબૂટ લાંબાનું તન;
પણ ગુસ્તાખ બની લાવ્યો અહંકાર જે વાર,
બની આંધળો બેઉ આંખે પામ્યો મરણ.

જહાંપેહેલવાન કેરશાસ્પની મરતી વખતની નસિહતો.*

ઇરાન દેશનો નામીચો સપેહસાલાર
ને જાંબુલના મુલકનો નામવર તાજદાર
નેક કેરશાસ્પ હતો જોરેમંદ નરેશેર,
ન એના જમાનામાં એવો દલેર
બીજો કોઇ બી કુલ જહાનમાં પેહેલવાન હતો,
ન કોઇ બી એના સરખો બળવાન હતો.
લુટારા, દેશ–દુશમનો, દેવ, જાદુગર,
જહાંગાર અઝદાહ ને અજગર જબ્બર,

* શેઠ કરાણીનાં કેરશાસ્પનામાના ૧૧૯માં બાબ ઉપરથી આ બેતો બનાવી છે.

એનાં ગુર્ઝ, કમંદ, નેજા, તીર, ને તરવાર-
થી આજેઝ ને ઠાર થયા કંઇ બેશુમાર.
એ પેહેલવાન એક દહાડે શેકારગાહ ગયો,
એકાએક ત્યાં સુસ્ત પડી બેભાન થયો.
પછી હોશમાં આવતાં તે ઉઠયો પેહેલવાન,
ઘોડા પર સવાર થઇ, જઇ પોહોંચ્યો અએવાન.
બોલાવ્યો નજુમી ને પુછયો સવાલ
"હજી કેટલી મુજ ઉમ્ર બાકી છે હાલ?"
સેતારેશનાસે જોયો અસ્ત્રોલાબ,
ને કેરશાસ્પના સવાલનો આપ્યો જવાબ,
કે "અએ નામદાર કેરશાસ્પ જાહોજલાલ,
હું કહું છું તપાસી સેતારાની ચાલ,
અગર દશ દિવસ તાહારા જો વિટી જાય,
તો કયામત તલક તાહારૂં મોહોતજ ન થાય."
સેતારેશનાસનો આ સાંભળી સુખન,
અંદેશમંદ થયું સપેહસાલારનું મન,
કે મુજ ઉમ્રે તોડી આ જહાનથી મોહોબત,
હવે વાગી છે મુજ અજલની નોબત.
બોલાવ્યા પોતા પાસ નરીમાન ને સામ,
બોલાવી અમીરોની મીજલસ તમામ,
ને બોલ્યો, રે નામદારો! સાંભળો વચન,
ખલાસ થવા આવ્યા હવે માહારા દન.
છે દાદારની દરગાહથી આવ્યો પેગામ,
જવું છે હવે મજને મીનોઇ મુકામ.
તેથી બાંધી જીન જહાનના તુરી ઉપર
તેયાર થઇ રહયો છું કુચ કરવા આખર.
અરે! હું છું તેજ જંગી સપેહસાલાર
જેણે જહાંગાર અઝદાહોને કીધા ઠાર,

ને જાદુગર, દેવો, ને જબ્બર હેવાન
બનાવ્યાં જમીનદોસ્ત ને કબ્જ કીધા જાન.
બદ દુશમન પર ગાલેબ હું હંમેશ થતો,
હરેક જંગમાં હરદમ ફતેહમંદ હતો.
મગર હાલ એવા સાથે લેવી છે જંગ
કીધા જેણે પેહેલવાનો લખ્ખો બતંગ,
ન જેના મુકાબલે ઉભું રહી શકાય,—
હા, આવ્યું છે મોહોત, કશો ચારો ન થાય.
એ કારણથી તે જહાનની રાહ ઉપર મેં
કમેર માહારી હવે કસી બાંધી છે.
હવે સાંભળો અએ! તમ અન્જુમન તમામ,
જે છેવટ નસીહતના કહુંછું કલામ.
તમો બધા માહારાં ગુજર પામવા બાદ
કદી છોડતા ના રાહે નેકી ને દાદ.
હમેશાં પાક યઝદાંની રાહ ધરજો તમ,
વખતો વખત મને યાદ કરજો તમ.
મળે માત્ર નેકીથી બેહેસ્ત—આરામગાહ,
બદીથી બસ મળવાનું દોજખ સીઆહ.
પાક યઝદાંનો હોકમ જેમ માની લેવો,
તેમ પાદશાહનો હોકમ પણ જાણી લેવો.
જુડાંની ના કરતા તમ સંગત બી સેહેજ,
ને કરતા ના દાનાવના ઠઠ્ઠા હરગેજ.
તમુને કંઇ વાત કહે કોઇ પુરૂષ નાહાન,
તો પૂખ્ત વિચાર કીધાં પછીજ આપજો ધ્યાન.
ભલાઓ સાથ ના કરતા તુંડાઇથી વાત,
અદબ હંમેશ સાચવજો બુઝર્ગો સાથ.
દીવાના કે મસ્તને ન નસિહત ધરવી,
દુ:ખી દર્દી શખ્સની ન હાંસી કરવી.

લડાઈ ટંટો કરવો નહિં એશીઓ સાથ,
ન કરવી ફકીરલોક સાથ ગાળાથી વાત.
પરણતા ના ઓરતને મૂખડો જોઈ ફકત,
પણ કરજો પસંદ નેક બુનિયાદ, નેકબખ્ત.
પરાયાના માલની અદેખાઇ કરી
જીગર નહિં જળાવવું અફસોસથી ભરી.
હરામ કોઇનો માલ ના પડાવતા તમો,
દગો દોસ્ત તરફ ના બતાવતા તમો;
ને ક્રોધ આવે ત્યારે પકડજો સબર,
ના દીલ બાંધતા સરાએ સેપંજ * ઉપર.
આ દુનિયામાં અવ્વલ છે મેહેનત ને રંજ,
સિવાય મોહોત નથી બીજો આકેબત ગંજ.
સલામત રહગો નહિં આ દુનિયામાં કોઇ,
જો હસશે એક શખ્સ તો બીજો રહેશે રોઇ.
છે જાહેર દેખાવમાં દુનિયા દોસ્ત મીસાલ,
પણ છુપી ચલાવે છે દુશમનની ચાલ.
છે પકડેલી દુનિયાએ હાથમાં બે જામ,
છે શરબતની એક, બીજી ઝેરની તમામ.
રે દુનિયાનો ખાસ એવો રવૈયો છે
કે ધન છીણવી એકનું, બીજાને તે દે.
વડીલોથી સાંભળેલા મેં બોધ વચન,
તે યાદ કરી સંભળાવ્યા તમને સુખન.
તમામ મજનો ઉપદેશ તમો રાખજો યાદ,
અનુસરી એને તમ ચાલજો આબાદ.
રે જાઉંછું હવે; માહારી થઇ હોય કસુર
તો માફ મને કરજો તે તમો જરૂર.
અરે મીજલસીઓ ! છે જહાનનો રેવાજ
કે બાપ મરવે બેટાને મળે છે રાજ.

---

* સેપંજ=તીણ પાંચ દિવસનું મુસાફરખાનું, યાને આ ફાની દુનિયા.

તે મુજબ અરે તમો નેક અન્જુમન!
મુજ બેટા નરીમાનને સર્વે સજ્જન
બેસાડજો મુજ મોહોત બાદ માહારાં તખ્ત પર,
અને જેવાં નેક દીલથી તથા તત્પર
તમો માહારા હોકમો કરતા અદા,
તેમ રાખી મુજ બેટા પર મોહબત સદા,
તમામ રહેજો એને વફાદાર તમો,
ને રહેજો એના ફરમાનબરદાર તમો.
બજાવજો હોકમ એના, માંગજો ભલે
એના પાસ તમારી જે ખાહેશ હોય તે.
દુઆ ચાહું છું ખુશીમાં રહેજો હર જણ!
સુખી તમને જોઇ થઇશ હું બેહેસ્તમાં મગન.
મુજ રોશન ચેરાગો, નરીમાન ને સામ!
રે બેટાઓ પ્યારા, લેઓ છેલ્લી સલામ!
થવા ચાહે છે અસ્ત આફતાબ મુજ ઉમ્રનો,
વિચાર બસ રહયો છે હવે કબ્રનો.
જ્યાર આવ્યું છે મોહોત ત્યારે ચારો નથી,
ઇલાજ એના આગળ ગુણકારો નથી.
આબાદ કીધું છે શેહેર મેં નામે 'જેરંજ,'
જમાવી ત્યાં રાખ્યો છે મેં મબલખ ગંજ.
તે શેહેર તથા ત્યાંનો ખજાનો તમામ
તમુને હું બખ્શું છું, બેટા નેકનામ!
એ શેહેર નેક રવેશથી તમ રાખજો આબાદ;
જુલમગાર થતા ના, ના બનતા બેદાદ.
લડાઈ કરવી પડે કોઇ દુશમેનની સાથ,
તો ઇન્સાફની રાહે તમો બીડજો બાથ.
અરે પ્યારા ફરઝંદો! મુજ મૃત્યુ બાદ
એવાં કરજો કામ રહે રવાન માહારૂં શાદ.
તમો પાસે ના રાખતા રે એવાં કોય
જે હલકાં, રજાળાં, ને બેગુન્યાહ હોય.

કદી પણ ના કરતા તમો એવાં કામ
કે થાય જેથી ખાનદાન તમારૂં બદનામ.
કદી ભેદ ના આપતા એવા આદમીને
જે વાત આપણી લઇ જઇ બીજા શખ્સને કહે.
તમો દિવસ રાતના કરી ભાગો ચાર,
એક હીસ્સામાં ભજજો પાક યઝદાં કિરતાર,
બીજે હીસ્સે આટોપજો દુન્યાઇ કારભાર,
કરો આનંદ, ખાનપાન, માં ત્રીજે પસાર,
ને ખુશ ખ્વાબમાં ચોથો તમ કરી ગુજાર,–
ઉતારજો તમો દહાડા એ રવેશ પાર.
અગર બખ્શે યઝદાં તમુને ફરઝંદ,
અવ્વલ તેમને આપજો અકલ દીલપસંદ,
ને લખવાનો હુનર શીખવજો જરૂર,
હજારો કોશ જઇ હરફ રહે છે મશહુર.
કોતાહ થાય છે ગમથી ખચીત આપણાં સાલ,
તે વાસ્તે જીગર રાખજો હંમેશ ખુશાલ.
ગમીમાં ગુજારવાં નહિં રાત અને દન,
પુગાડવાં પહરેઝગારને પોષાક ને અન્ન.
જે નાવારસ હોય અને મુફલીસ દરવેશ
તેવા તરફ મેહેરબાની રાખવી હંમેશ.
ભલે માર્ગે ચાલતી ખોદાની ખલક
પર જાસ્તી ગુજારતા ના તમો મુતલક.
અગર બખ્તના બળથી જો શાહી મળી,
તો મગરૂર નહિં બનતાં ચાલ ચાલજો ભલી.
ગરૂરી કરે પાયામાલ ને ખુવાર,
તે વાસ્તે ના બનતા તેમાં ગીરફતાર.
ગરૂરી છે દુર્ગુણ બુરામાં બુરો,
છે પ્રથમ આપણાં તનનો દુશમન પુરો.

જેના પર અદેખું બને આપણું મન,
તે તો અયશમાં બેસી કરે છે ચમન,
ને નાહક જીગર આપણું ફોકટ જળે,
બળાપે શરીર આપણું ફોકટ બળે.
કદાપિ એક બેબુનિયાદ થાય ધન્યવાન,
નથી ઘટતાં તેને બુઝર્ગી ને માન,
એવાને જો આપશો તમો માનપાન,
તો લોકમાં હીણાશે તમારૂં ખાનદાન.
છે ભેદ ફરતા આસમાનના છુપા ઘણા,
કરે મોહબત કોઇ વાર ને કોઈ વાર ફના.
જમાનો નથી રહેતો રે વફાદાર,
ના તે વાસ્તે એના પર મુકજો એતબાર.
જે એના ભરોસા પર રહયો નચિંત,
તે આકેબત થશે પશેમાન ખચિત.
કરો ખુદ મુજ હાલત પર તમો નજર,
હતો હું અજીત, જંગી, જોધ્ધો જબ્બર.
પણ આવ્યો હવે માહારો અંત આકેબત,
બધું મેળી અહિં, જાઉં છું પેલી જગત.
હવે નજદીક આવ્યું છે માહારૂં મરણ,
તમો તેથી રહો માહારી નજદીક સહુ જણ.
કમાનમાંથી તીર માહારૂં છુટશે હવે,
મુજ દોરી આવરદાની તુટશે હવે.
મને યાદ કરાવતા રહો નામે યઝદાન,
કે તેની મદદથી જાન છુટે આસાન.

અરે યઝદાન! તાહારો કોઇ હરીફ નથી;
અધર આસ્માન ટકે છે તુજ હોકમથી.
તું બધાનો છે સર્વોપરી સુલતાન,
આ વાત ઉપર છું હું ગવાહ બેગુમાન.

તું કામેલ ને કાએલ, બુઝોર્ગ, બેગીસાલ.
ન આવે તુજ બાદશાહીને કદી ઝવાલ. *
ગુજારી છે ઉમ્ર મેં રાખી તુજ ડર,
મગર આદમી હોય નહિં કોઇ ગુનાહ વગર.
કીધા હોય અજાણ જાણ મે જે બી ગુનાહ,
તેની માફી માગું છું, શાહોના શાહ !
ગુનાહ બખ્શ તું માહારો, થઇ મજ પર મહેરબાન,
બોલાવ મને સુર્ખરૂ તુજ નજદીક, યઝદાન !

નોશીરવાન અદલને રોમન શાહનો સવાલ.

પ્રતાપવંતો શેહેનશાહ અદલ નોશીરવાન
દિપાવતો હતો જયારે તખ્તે ઇરાન,
એને રોમના કએસરે પુછયો સવાલ,
જણાવ મજને, અએ શાહે પારસ નેકફાલ !,
એવું કીયું કારણ છે જેથી તુજ રાજ
અડગ ને અચલ રહ્યું છે સરફરાજ.
એવો વાળ્યો નોશીર શાહે ઉત્તર,
હું કહું છું, અએ કએસર, તે પર ધ્યાન ધર.
અગર માથે કોઇ સાહાસ ઉઠાવું છું હું
તે આગમચ વિચાર પુખ્ત ચલાવું છું હું,
ને જયારે મળે ગને ખાત્રી તમામ
કે નહિ જશે નિષ્ફળ મુજ ધારેલું કામ,
પણ સંપૂર્ણ ઉતરશે તે ફતેહમંદ,
કરૂં છું તોજ હાથ ધરવા તે કામ પસંદ.
વિશેશ એ કે જો મેં ઉપાડયું એક કામ,
તો જયાં તક ઉતારૂં નહિ તે સરંજામ,

* સરખાવો ખોરશેદ નીઆએશના શબ્દો "આદેલ બાદશાહી બીઝવાલ બાશદ યાને (તાહારી) અદલ બાદશાહી કાયમ રહેજો.

ન ત્યાં તક છઉં હું, ન ડગમગ વિચાર
હું આવવા દઉં મનમાં, પણ રહું ઓસ્તવાર;
ધરી પુરી ખંત, રાખું જારી પ્રયાસ,
ન જેહેમત કે કોશેશમાં રાખું કચાસ.

ઇરાન વિષે અભિમાન.

રે આવેછે યાદ જ્યારે વતન અસલ,
અજબ લાગણી જાગે છે જીગર અંદર.
ખીલાવે બગીચો વસંતની ફસલ
તેમ ખીલવે છે ઇરાનની યાદ અમ જીગર.

ન દીલ કીયું ધપકે દેશભકિતથી પુર ?
ન કેમ રહે સ્વવતન પર ધગધગતો પ્યાર ?
હરએક પારસી પુત્ર બને છે મગરૂર
નામાંકિત નીજ ન્યાંગાનની યાદ આવે જ્યાર.

ઇરાન, ઓ ઇરાન, પ્રિય વતન ઇરાન !
જ્યાં શાહોના શાહોએ ધીકાવ્યાં રાજ,
પેશદાદીઆન, કેયાની, હખામની, સાસાન,
અમલ જેમના યાદગાર છે હજીબી આજ.

ન મુલ્કે ઇરાન પર થતો સૂર્ય અસ્ત,
ફેલાયલો એવડો એનો વિસ્તાર ચોગમ,
ઘણુંએક પ્રદેશ પર લંબાયલો દસ્ત,
ઘણાએક ખંડણીયા પર. ચાલતો હોકમ.

ફેલાવવા ભલી પાક હોરમઝદની રાહ,
ફેલાવવા ઇરાની સુધારો હોંસભર,
ફરી વળતા મોબેદ ને બહાદુર સીપાહ
યુરોપ, એશીઆ, આફ્રીકા, ત્રણુ ખડો પર.

સવારી, તીરંદાજી, સત્ય કલામ,
ઇરાની યુવકો એ શીખતા પ્રથમ;
બનાવ્યું એથી એમણે કીર્તિવંત નામ,
જે કીર્તિ તવારીખમાં જલવાઇ મક્કમ.

ઇરાનની છે બેટીઓ વળી મશહુર,
કીધું જેમણે ઇરાન દેશ જગમાં આશકાર,
શૂરાતન ને ખુબસુરતી બંનેમાં પુર,
ધણી પર ફીદા, ધર્મ પર એકીનદાર *

મહા સાઇરસ, દરાયસ, નોશીરવાન શાહ,
ને બેહેરામ ને નેક અર્દશીર બાબેકાન,
શોભાવી ગયા શાહી તખ્ત ને કોલાહ,
મુકી ગયા જાવેદાન નામ કીર્તિમાન.

શરા સામ, નરીમાન, તુસ, ધસ્તેહમ,
ફરામોર્ઝ, સોહોરાબ, બરજો નામદાર,
જહાંજોય પેહેલવાન તેહેમતન રૂસ્તમ,
મચાવી ગયા જંગી મયદાન હજાર.

એ નામવંતા નરો યાદ આવે હંમેશ,
હા, ઉભરે અભિમાન યાદ એમની થતાં;
ભૂલાય નહીં કદી બી પુરાણું સ્વદેશ,
વતન વહાલું વિસરાય નહી જુગો જતાં.

---

* "ધી સીક્રેટ પાવર" નામની નૉવલમાં પ્રખ્યાત નૉવલાસ્ટ મારી કોરેલી ડૉન એલોઇશીઅસનાં મુખમાં નીચલા શબ્દો મેલે છેઃ– "માત્ર ત્રણ વસ્તુ એક પ્રજાને મહાન કરી શકે–પરમેશ્વર તરફ પ્રેમ, મર્દોની સચ્ચાઇ, અને સ્ત્રીઓની સ્વચ્છતા." એ ત્રણ ગુણો પારસી પ્રજા અચુક આકારમાં એક વાર ધરાવતી હતી, અને તેથી પૃથ્વિ પર તે એક મહા પ્રજા બની રહી હતી.

વહાલાં વતનપર સૌ પારસી કુરબાન.

હિંદુસ્થાનનો એકેએક પારસી દીલસોજ
જીગરમાં જગાડે છે આશ રોજ બ રોજ
કે તક મળતાં એક વાર પણ જોવું ઇરાન;-
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

એક આશા કહો, ઉલટ કહો, કે સ્વપ્નું કહો એ,
મગર ખાહેશ હરેક જીગર અંદર છે
કે સ્વદેશ ફરી આપણું બને ઇરાન;-
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

રે કેમ નહિં ફિદા હોય એ મુલક ઉપર
તમામ પારસી દેશભકતનાં જાનો જીગર?
ન કેમ પ્રેમથી પુજાતું રહે દેશ ઇરાન?
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

અનાર જ્યાંનાં તોફો ને તોફો ગોલાબ,
જ્યાં બુલબુલો મીઠાં ને મધ ને શરાબ,
વળી જ્યાં બોલાય મીઠી ફારસી જબાન,-
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

જ્યાં થઇ ગયો શાહ કુરૂષ જાહો જલાલ,
જ્યાં દાર્યવુશ શેહેનશાહે કીધી કમાલ,
ને ઇનસાફથી વખણાયો શાહ નોશીરવાન,-
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

જ્યાં કેરશાસ્પ, અસફંદયાર, ને રૂસ્તમ તેહમતન,
જ્યાં સોહરાબ, ને બરજો, ને બહાદુર બહમન,
ઇરાની ને જાંબુલી હતા પેહેલવાન,-
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

ફેલાવી જ્યાં જરથોસ્તે હોરમજદી દીન,
"એકજ છે ખુદા" એમ ઠસાવ્યું એકીન,
"ખરો પંથ અશોઇનો" એવું આપ્યું જ્ઞાન,—
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

એવો કોણ જેને દીલ ન સ્વદેશનો પ્રેમ?
ભલા પારસી પુત્રોની નેકબખ્ત છે નેમ
પ્રકાશિત બને પાછું આપણું ઇરાન,—
એ વહાલાં વતન પર સૌ પારસી કુરબાન.

ઇરાનનું આમંત્રણ.

ખુલ્લા બન્ને હાથે ખુશ આપવા આવકાર,
ઇરાન, પ્યારૂં ઇરાન, છે આજે તૈયાર,
શરાબ, શરબત, શાક્રેરી. શ્યાણુપત,
ગોલાબ, બુલબુલ, અંગુરની ઉમદા લેહેજત,
જબાન જ્યાંની ફારસી અતિશય મધુર,—
એ સર્વે કાજ દેશ જે બહુ કાળથી મશહુર,
તે દેશ આજ કરે છે હરખભર ઇજન,
"પધારો, ઓ પારસીઓ! અસલ વતન."
ઇરાન સરજમીન જે છે પારસીની માત,
જ્યાં એક વાર હતી આપણી જંગી શેહેનશાહત,
તે દેશ આપણી ગમ આજ કરે છે નજર,
આજ લોક ત્યાંનું બુજેછે આપણી કદર,
ને રાખેછે એવી ખરાં દીલની આશ,
કે પારસીઓ! આવી અસલનો પ્રકાશ
ફેલાવો ઇરાનમાં ફરી એકવાર તમ,
એનો ડંકો વગડાવો તમો ચોગમ.
કરો તાજો પાછો અવ્વલનો જમાન,
કરો સર્વે પ્રજામાં ઉંચ એનું સ્થાન.

બનાવ્યું છે ભારતને તમે ઉજવળ,
તો અસલ વતનને શું રાખશો બાતલ?
રે આવો! ઇરાન દેશ પ્રકાશિત કરો,
ઇરાની વતને તમ પાછા ફરો.
તમો છો અમારા બીરાદર, રફીક,
ઇરાનની ઉન્નતીમાં થાઓ હમશરીક.
એનાં સાધન ખીલવી વધારવા વેપાર,
ઓ પારસીઓ! આવો તમ ઇરાન આ વાર.
અરે આપણી માતાનો આતુર આવાજ
બહુ હેતથી બોલાવે છે આપણને આજ
શું સાંભલીશું નહી ભલી માતાનો સાદ?
શું ભૂલીશું માવતર વતન તણી યાદ?
શું નહી જઇએ ઇરાનની વાહારે હાલ ધાઇ?
દેખાડયે શું બેશરમી ને બેપરવાઇ?
ન એક પણ હશે એવો પારસીનો પુત
જે ઇચ્છે ખુદ માવતરથી રહેવા વિખૂટ.
એવો કોણ હશે, સુનતાં ઇરાનનું નામ,
ધસે નહી જેનાં હૈયે આગળાં નામ, કામ,
ચહડે નહીં જેનાં ઉરે હિમ્મત ને શૂર,
જે નહી જાય ઉશ્કેરાઇ થઇ વાજબી મગરૂર?

ઈરાનનું બેચાણુ.

શુરા પેહેલવાનોનું પ્રખ્યાત ઇરાન,
જેનો ઝુંડો જગજીત દ્રફ્શ કાવેયાન
ધ્રુજાવતો તુરાન, હીંદ, ને ચીન, ને યુનાન,
જયાં એક વાર પ્રસિદ્ધ હતી પેહેલવી જબાન,

ત્યાં પેહેલવી એક પેહેલવાને સ્થાપ્યું છે રાજ,
રીઝાખાન પેહેલવીએ પેહેર્યું છે તાજ.
મોગલ વંશનાં બેનમુન તાઉસી તખ્ત
પર ચહડયો છે રીઝાખાન શાહ નેકબખ્ત.
કમર પર શાહ નાદરની બાંધી તરવાર,
હીરાજડીત તાજ પેહેડી બન્યો તાજદાર.
જે એકવાર હતો માત્ર અદના સિપાહ
તે આપબળથી વધીને બન્યો શેહેનશાહ.
જુઓ, શું કરે છે આ ફરતું આસમાન!
અમીર થાય ફકીર ને સિપાહ થાય સુલતાન.
કેહેવાડયો છે શાહે અહીં ખાસ એક સંદેશ,
"ઓ પારસીઓ! આવો તમ પાછા સ્વદેશ;
છે તત્પર ઇરાન તમને આપવા આવકાર,
ભલા ભાતૃભાવ સાથે ભેટવા તૈયાર.
ઇરાનમાં મુબારક લઇ આવો કદમ;
ઇરાનની ખીલવણીમાં હીસ્સો લો તમ.
તમો પારસીઓ છો ઇરાનનાંજ ફરઝંદ,
હમુને તમો છો જીગરથી પસંદ.
ઇરાન દેશની કીર્તિ વધારવાને કાજ
પધારો, ઓ હીંદ દેશના પારસીઓ, આજ.
ઇરાનની પ્રગટિમાં થાઓ ભાગીદાર,
તમો પર હું મેહેરબાની રાખીશ બીસ્યાર."
ન જાણું એવાં એક પણ નર નાર સજન
જે વિસરે કભી વહાલું અવ્વલ વતન,
જીગર જેને સળગે નહીં દેશ-પ્રેમની ઝાળ,
વતનનું વસે નહીં જેનાં દીલમાં વહાલ.
ન હરગીઝ અવ્વલ માતૃ-ભૂમિ ભૂલાય,
ઇરાન ગમ દરેક દીલ વફાથી ખેંચાય.

ઈરાનના હમદીનોની દાદ લેવા એક વિનંતી.

ગઝલ.

(રાહ–ભલાઇ કર ચલો જગમે, તુમારા ભી ભલા હોગા.)

રે મુજ જરથોસ્તી બાંધવો, કરો વતન ઇરાનને યાદ!
વતન ઇરાન, કદીમ ઇરાન, ખોદા રાખે એને આજાદ!

બીરાદરો, અરે સુનો, કરેછે માંગણી હાલ એ દેશ—
"ઇરાન આવો, હે પારસીઓ!, કરો આવી ઇરાન આબાદ."

ભલા દોસ્તો! હતો વખ્ત જ્યાર હતું પારસતું બળવાન રાજ,
બધાં રાજ્યોમાં સર બુલંદ, જેમ ખીણમાં સર ઉઠાવે પાહાડ.

શું દરબારીના દોર દમામ! ને શેહેનશાહોના શા ઠઠરાટ!
અથોરનાન વર્ગ અશો દાનાવ, રથેશ્તારો શુરા નેકજાદ.

વળી કસાયલા વાસ્ત્રયોશ ખુબ રહેતા ખેતીમાં મશગુલ,
દીને જરથોસ્ત મુજબ ધરતી ખેડાતાં દેતી આશિર્વાદ.

તેજી તરવાર, નેજા નોકદાર, સેના તૈયાર પરમાંબરદાર,
પ્રતાપી પારસ-પુત્રોથી ધ્રુજી રહેતાં દુશમનનાં હાડ.

છે એજ વતન ઇરાનમાં હાલ જરથોસ્તીઓ એક મુઠીભર,
કે જેઓ બી દિવસ–દિવસ થતા જાયછે, અફસોસ!, બરબાદ.

ઉઠો તેથી, અરે જાઓ! તમો હિંદના ભલા પારસી,
ના દેઓ તેમને થવા બરબાદ, રે જાળવો એ પુરાણું ઝાડ.

એ ઝાડનું તમ કરો રક્ષણ, એ વૃક્ષનું તમ કરો પોષણ,
અરે સાહસીક પારસીઓ! એ હમદીનોની લેવો દાદ.

તમો કાપો રે દુઃખ એમનાં, કેળવણી આપો એઓને,
વળી વેપાર મચાવી ત્યાં, કરો ઇરાન આબાદ આબાદ.

નૌરોઝ.

મુબારક સગનવંતું આવ્યું નૌ સાલ,
આપો એને આવકાર સહુ ખુશ ખુશાલ.
રે હમકોમી, હમદર્દી ભાઇઓ ને બેહેન !
ફળો શુભ ઉમેદો ને મેળવો સુખ ચેન.
પેગમ્બર અશો જરાથોસ્ત સ્પિતમાન
જે જે ધાર્મિક આપી ગયો છે ફરમાન
બજાવો સ્વચ્છ અંત:કરણ રાખીને,
અને સાબુત એકીનદાર મન રાખીને.
પરસ્તેશ ખુદાની કરો દીન રાત,
કે જેથી બુરાઈ થાય તમારેથી માહાત.
આ દોરંગી દુન્યાનાં ચક્ર અંદર
ગયા છે ચગડાઇ અટવાઈ કંઇક કંઇક નર.
શું શાહોના શાહ કે શું જંગી પીલતન
થયા ચાલતા અહીંથી, ખતમ થતાં દન.
ના રૂસ્તમ રહયો કે ના રહયો કેરશાસ્પ
રહયા નહી ફરીદુન કે કવિ ગુશતાસ્પ
મગર એમની નામના છે રહી યાદગાર,
સબબ એમનાં કામો હતાં પાયદાર.
તો ઓ પ્રિય જરથોસ્તી હમદીન તમામ !
તમ નેકીનાં બી વાવી, જાઓ મુકી નામ.
સખાવત, પરોપકાર, ને એકીનદારી,
હિંમત, ખંત, દુરઅંદેશી, ને દીનદારી,
એ ગુણો ખીલવતા સદા રહો તમો,
ખુદાવંદે પાકને નમો, તમ નમો.
નમો તમ, અદબ વાળી, દાદારને,
કે નૌસાલ રહે આબાદી તમ બારણે.
વધાવી લો નૌરોજને લાવી ફુલ-ફળ,
ઝબકતું સગનવંતું શુભ ફળો સાલ !

NAVROZ.

Let Navroz gay chase griefs away,
And every home and heart enliven.
Let age and youth delight in Truth,
For Truth's the key to Heaven.

In heart instal goodwill to all,
And love pursue and simple ways.
Let discord end and foe be friend,
In all the blessed coming days.

With each New Year comes **Swaraj** near.
On **Swaraj** Hind has set her soul.
Welcome the year with gladsome cheer!
Swaraj is every patriot's goal.

નવા વર્ષે માહારા ઉદ્દગાર.

વળી એક વધુ વર્ષ થયું છે ખતમ,
ને નૌસાલે ભયું આજ પેહેલું કદમ.
કદમ એવાં ત્રણસો ને પાંસઠ ભરશે,
ચમત્કાર જે અરસામાં કંઇએક કરશે.
જે આજે તે કાલે નહીં, કાલ તે નહીં આજ,
જે આજે ઉભું છે તે કાલે તારાજ.
વખત એવા કંઇક કંઇ કરે ચમત્કાર,
વખત કિંવા સંજોગને સહુ તાબેદાર.
સમો જોઇ ખલાસી હોડી હાંકે છે,
સમો જોઇ શિકારી બંદુક ટાંકે છે.
સમો જોઇ ન વતે પ્રજા કે સરકાર,
તો નિશ્ચય એઓ વચે બગડે વેહેવાર.

તરેહવાર બતાવે છે કાળ તલેસ્માત,
વખતની ગતિ મુજબ ફેરવાય દીન રાત.
અરે કાંકણી શરમાળ સન્નારી વતીક
બતાવે આજ હક માગતાં હિમ્મત અધિક.
ભલે માગો તમો જે વાજબી હોય હક,
હશે માંગણી વાજબી તો મળશે બેશક.
પરંતુ કેવળ નીતિના પાયા પર
તમ રાજદ્વારી ઇમારત ચણજો અકસર.
નવા હક ભોગવવાની ધુંધની અંદર
જુસ્સાઓને ના છોડતા કાબુ વગર.
ઉગે સ્વતંત્રતાના વૃક્ષ ઉપર ફળ
તે સ્વાદિષ્ટ છે, ચાખજો; પણ સારી અક્કલ
દરેક કાર્યમાં તમો રાખજો પકડી
ન તાસુબી અંતર, પણ પ્રેમ હર ઘડી.
શું જૈન, હિંદુ, ખ્રીસ્ટી, બુધીસ્ત, મુસલમાન,
શું સીખ, કે શું માહારા બસ્તેકુસ્તીઆન,
એકલપેટાઇ છોડી, છોડી ઇર્ષા, વેહેમ,
બસ દેશની ઉન્નતિની રાખી એક નેમ,
આ હિંદ દેશને દોરવી જાઓ તે નેમ ભણી,
તમામ સાચાં હૈયે સહાયકાર બની.
રે દેશના ઉદ્ધાર કાજે મંડેલા રહો !
ઉમંગથી નવાં વર્ષે મથેલા રહો !
સદાચારી સરકારને મુજ નમસ્કાર !
ને સદગુણી રૈયતને માહારા જુહાર !
તમે શ્રદ્ધા, સ્વાધાર, નેક આચાર વિચાર,
ને શુભ ખાલેસ નેમ, કરશો જો અખત્યાર,
દેશોદયનું બેશક થશે ખુલ્લું દ્વાર,—
નવાં સાલે જહાંગીરના છે આ ઉદગાર.

સ્વરાજ મેળવવા છે શાની જરૂર ?

જુવાની જો કે માહારી રહી છે જતી,
પરંતુ મુજ જુની ઉમેદ નહીં ઘટી.
ઉમેદ મજની એ છે, તજી દ્વેષ ને કલેશ,
સહુ કોમો આ ભારતને સહમજી સ્વદેશ,
વસે સંપીલાં, ને હિંદુ, મુસલમાન,
ને સીખો, ને ગુરખા, ને જરથોસ્ત્રીઆન,
મરાઠા, ને જૈનો, ને જ્યુ, ને અંગ્રેજ,
સતાવે નહી એક કોમ બીજીને હરગેજ.
રે બાંધવો ! બાંધો મજબૂત પ્રેમગાંઠ,
ને સંપથી મીલાવી એકએક સાથે હાથ,
હિંદુસ્થાનને પોતીકું વતન ગણી,
ઝડપથી એને દોરવો સ્વરાજ ભણી.
છે સઘળાને સ્વરાજ મેળવવા ઉલટ,
તો કાંય કરો દાવપેચો ઉલટસુલટ ?
ખરૂં કલ્યાણ હિંદ મુલ્કનું હયે પકડી,
તમ રાખો સહુ દીલોને પ્રેમથી જકડી.
ખભાં સાથ ખભું મેળવી કરશો કોશેશ,
તો ઝટ ચડશે સ્વરાજને રસ્તે સ્વદેશ.
અરે જે મોહોટા મોહોટા ધર્મોની માત,
થયા જ્યાંના રૂષી ને મુની પ્રખ્યાત,
જે ભૂમી પર અવતર્યા મોહોટા વિદવાન
દેવા સહુને સચ્ચિદાનંદ તણું ભાન,
રચાયા જ્યાં ઉપનીશદો અને વેદ,
ખુલ્લા કરવા કુદરતના ખાવિંદના ભેદ,
પ્રગટયા જ્યાં શ્રીરામ, શ્રીકૃષ્ણ, ને બુદ્ધ,
બનાવવા અંતઃકરણ પ્રેમી ને શુદ્ધ,
પેદા જ્યાં થયો ધર્મરાય યુધિષ્ઠિર,
વળી જ્યાં થયો પેદા વિક્રમ મહાવીર,

તપો તે ભૂમીનાં ગૌરવ, અભિમાન!
તપો નીતિબળ અને વધો ઇમાન!
વધે નહીં તે દેશ જ્યાં સદાચારની ખૂટ;
તે વાસ્તે, ઓ ભારતના સજ્જન સપૂત,
ઠસાવો મગજમાં રે આએ વાત સચોટ,-
સદા રાખવી પ્રકાશતી નીતિની જોત.
છે ગાથામાં * જરથોસ્તનો આએ બોધવચન,
કરો તેનું અધ્યયન સર્વે સજન,-
કે રૂડા વિચારોનો રસ્તો મજબૂટ
જેઓ ધરવા ચાહે, પકડી રાસ્તીની પુઠ,
દબાવવો જોઇએ તેમણે ગુસ્સાનો દેવ,
ને દ્રેશભાવને જોઇએ હટાવવો તત્ખેવ.
ધરો સઘળી વર્ણો સદાચારની રાહ,
ને ચાલુ કરો મજબૂટ પ્રેમના પ્રવાહ.
બની રહી વફાદાર રાજને મક્કમ,
પોકારો હર નર નારી 'વંદે માત્રમ!'
અહિંસા તથા પ્રેમનો મંત્ર ભણો,
ને ઐકયતાનો પાયો સંગીન ચણો.
ઇમાન, પ્રેમ, ને નીતિનું થાય ભેગું બળ
તો મેળવશે હિંદ નિશ્ચય ધારેલું ફળ:
યશસ્વિ ફરી બનશે દેશ હિંદુસ્થાન,
બીજાં દેશો વચ્ચે લેશે ઉંચું સ્થાન.

ઈરાન, શાએરીનું મેદાન.

વિશાળ ક્ષેત્ર છે શાએરીનું ઇરાન,
ને સહુ શાએરમાં ફીરદોસી આગેવાન.

---

* ગાથા ઉશ્તવદ, હા ૪૮, ફ. ૭.

મધુરતા છે ફારસી જબાનમાં એવી
જેમ શાકર ને શરબતમાં લેહજત તેવી.
રે જ્યાં અનદલીએ હજાર દાસ્તાન,
ગુલેસ્તાનમાં ગુલ પર બની જાનફેશાન,
સરોદો શીરીન કંઠથી લલકારતું રહે,
નવાઇ શું જો શાએરો ત્યાં જન્મ લે,
મીઠાં જેમનાં કાવ્યો, મધુર મધ સમાન,
દેશેદેશ ચહવાય, ગવાય, મેળવે વખાણ.
કવિરાજ ફીરદોસી તુસી નેકનામ,
ને જામી, નીજામી, ને ઓમર ખયામ,
શીરાઝનો સુફી હાફેઝ, સાદી વિદવાન,
રહયા એઓ વખણાઇ જમાને જમાન.
જો શાએર થવા ચાહતો હોય, અય જવાન!
તો શાહનામું વાંચજે ઘણું આપી ધ્યાન.
દલેરીનાં એમાં છે એવાં દાસ્તાન
કે વાંચતાં એક કાયર પણ બને પેહેલવાન.
ઇરાની તવારીખનો એ છે ભંડાર,
થયા શાહો, પેહેલવાનો, એથી આશકાર.
ન માત્ર કીસ્સા કાહાણી એને તું જાણ,
ન એકસરખા હોય છે કાંઇ બધા જમાન.

પોતીકી કીતાબ માટે ફીરદોસીનું બયાન.

લખાણની મેં વાપરી મુજ નાદર કલા,
બનાવ્યું કદીમ શાહોનું નામું આ.
દમામદાર રચી બેતો મેં સાઠ હજાર,
કીધાં યુદ્ધ-કલાઓનાં બયાન વિગતવાર.
કમાન ને કમંદો, ને તીરો તલવાર,
ને ગુર્ઝો ને લાંબા નેજા અણીદાર.

ને અસ્પોની પાખરો, કવચ, કોલાહ,
જમીન, ને જંગલ, ને નદી, ને દર્યાં.
વરૂઓ, ને સિંહો, ને હાથી, ચિત્તા,
ને જીનો, મગરમચ્છ, જબરદસ્ત અજદા,
ને ભૂતોના ચાળા, ને જાદુઇ બદકાર,
આકાશ સુધી પોહોંચેલો જેમનો પોકાર.
ને નામવંતા મર્દાનો જંગને દિવસ,
ને યુધ્ધો ને રણવીરો લડનાર સરસ,
કુલ નામદારો ભોગવનાર ઇજ્જત ને આબ,
જેમ તૂર, જેમ સલમ, ને જેમ અફ્રાસેયાબ,
શાહ હોશંગ, ને તેહેમુરસ દેવ સીકડનાર,
જગતપતિ પ્રતાપી જમશેદ નામદાર,
અધર્મિ જુહાક, બુરો, વરસાવનાર કેહેર,
અકલમંદ, અદલ ફ્રિદૂન, મીનોચેહેર,
ને નોદર, ને નામવંતા શાહ કએકોબાદ,
ને કએકાઉસ શાહ, કએખુસરો પાકઝાદ,
ને લોહરાસ્પ, ગુશતાસ્પ, તથા અસફ્ન્દીઆર,
નરીમાન, ને કેરશાસ્પ, ને સામે સવાર,
ને જહાંજોય રૂસ્તમ પેહેલવાન બુલંદ,
જે ફ્રતાં આકાસ ઉપર ફેંકતો કમંદ,
ફ્રામરોજ દીલાવર ને બહમન વીર નર,
ને દારા, નેક ખસલત શાહ સીકંદર,
ને ગોદરઝ, જેના એંશી બેટા દલેર,
જેનાથી ડરી નાહાસતા જબરા નરશેર,
ને પ્રકાશિત સૂર્યથી વધુ નુરમંદ
સેતારેશનાસ જામાસ્પ હકીમ બુલંદ,
શાહ અર્દશીર, ને તેનો બેટા શાપૂર,
અદલ નૌશીરવાન, તથા શાહ બેહરામ ગુર,

ને હોરમઝદ, પીરોઝ,. તેનો બેટો કોબાદ.
તથા ખુસરો પરવીઝ પાદશાહ નેકઝાદ;
રે કયાં છે એ બઝોર્ગી દીનદાર, અદલ,
એ ગુસ્સા જુસ્સાવાળા વીરો સકળ?
છે ખાક અને ઇંટ તેમનો બીસ્તરો હાલ;
જે બી વાવે નેકીનાં તેજ ભાગ્યશાળ.
તો થા, બાદશાહ મહમ્મુદ! રે થા તું બેદાર!
હરેક નેકી બુરાઇથી રહે તું હુશ્યાર!
આ દુન્યા છે ક્ષણભંગુર. ન જાવેદાન;
નથી જમશેદ કરતાં તું મરતબે મહાન.
આવા નામી નરો ને જબરા પેહેલવાન,
મેં જેઓનાં આપ્યાં છે નામ ને નિશાન,
ઘણા કાળના તેઓ તો ગુજરી ગયા,
મગર મુજ લખાણથી સજીવન થયા.
મેં ઇસા મીસાલ, એ મુવેલાં તમામ
ફરી જીવતાં કીધાં સરાસર દઇ નામ.
મેં સેવા બજાવી છે, ઓ શેહેરયાર!
જે તાહારાથી દુન્યામાં રહેશે યાદગાર.
રે વરસાદનો મારો ને તપતો આફતાબ
ઇમારતો મોહોટી બનાવશે ખરાબ;
મગર મેં મુજ કાવ્યથી બુલંદ મકાન
ઉઠાવ્યું તે પામશે નહીં તેથી નુકસાન.
ગુજરશે જમાના આ નામાં ઉપર,
છતાં વાંચતા રહેશે તે દાનેશમંદ નર.
બનાવ્યું ઇરાન મેં મુજ કાવ્યથી બેહેસ્ત,
નથી થયું કાવ્ય કોઇ એનાથી શ્રેષ્ટ.
આ કાળમાં નથી કોઇ ફીરદોસી સમાન,
પણ બદ એ કે બખ્ત એનું નોહોતું જવાન.

મેં વેઠી લઇ ત્રીસ સાલ વેર રંજો વિશેષ,
કીધો જીવતો ફારસીથી મેં ઇરાન દેશ.

ફીરદોસીની તારીફમાં રાજકવિ અન્સરી.*

બુલંદ સ્વર્ગથી કાવ્યરસ ઉતર્યું અહિં,
તે પાછું, ઓ દાના !, તેં ચડાવ્યું તહિં.
તેં કાવ્યને આપ્યો શું ઇન્સાફ સરસ,
કે સ્તુતિ કરે તાહારી હરએક મીજલસ.
બતાવ્યો તુજ બુદ્ધિએ હુનર હદબહાર,
તુજ નામ તેમજ કાવ્ય બેઉ રહેશે યાદગાર.
દરી કાવ્યના મુલ્કનો તું રાજેશ્વર,
તુજ ખીદમતમાં અન્સરી બાંધે કમ્મર.

નીઝામી ઉરૂઝી સમરકંદીએ† કીધેલી ફીરદોસીની તારીફ.

હું કહું છું આ સત્ય વચન ખરેખાત,
ન રાખ્યું ફીરદોસીએ કંઇ પણ બાકાત.
સુખન આસ્માન સુધી પોહોચાડયા એણે,
મીઠાશમાં બેહેસ્ત-જળમાં પુગાડયા એણે:

---

* અન્સરીની અસલ ફારસી બેતો હેઠળ મુજબ છેઃ—

સુખન ગરચે આમદ ઝે ચર્ખે બુલંદ
તો બાઝશ બરાં બોર્દી, અય હુશમંદ !
તો દાદી દરીં અર્સે દાદે સુખન,
કે બાદી સતુદે બ હર અનજુમન.
નમુનદ હુનર ઉન્સરત બીશુમાર,
બેમાનદ ચું નામત સોખન યાદગાર.
તો શાહનશાહે મુલ્કે નઝમે દરી,
બે બંદદ બપીશત કમર અન્સરી.

† 'ચહાર મકાલત' કીતાબનો વિદ્વાન કર્તા જે હીજરી સને ૫૦૦ માં થઈ ગયો.

અરે કોણ ધરાવે છે એવી તાકાત
ચડાવે સુખુનો તેવે દરજજે
ચડાવ્યા ફીરદોસીએ જે દરજજે ? *

શાએરાને શાએર ફીરદોસી.

અમ માદર વતનના કવિ સરફરાજ,
સો ફારસી કવિઓના બુલંદ સરતાજ,
અબુલકાસમ ફીરદોસી તુસી અશો,
રવાન તાહારૂં ગરોથમાન બેહેસ્તમાં વસો !
જીગર જાનથી તેં લીધી જેહેમત જબ્બર,
પુરાતમ ઇરાનને બનાવ્યું અમર.
વરસ ત્રીસે પુરૂં કીધું જંગી કામ;
અમો પારસી એહેસાનમંદ તાહારા તમામ.
છે શાહનામું વખણાયલું પૃથ્વી અંદર,
અથાગ તાહારી મેહેનતનું ફળ બખ્તાવર.
પેશદાદી, કેયાની, અસ્કાની, સાસાન,
એ વંશોનાં આપ્યાં રસીલાં તેં બયાન.
શુરો પેહેલવાન તેહેમતન રૂસ્તમે જાલ,
તેના સાહાસના લખ્યા શું રસીક એહેવાલ !
હજારો લખી બેતો તેં યાદગાર
કીધું નામ તેં રૂસ્તમનું જગતઆશકાર.
એ પેહેલવાનનાં શૌર્યથી અચરત સંધાં,
એનાં દાસ્તાન વાંચે થઇ હયરત બધાં.
તેં રોદાબે-જાલ, ને મનીજે-બેજન-
ના પ્રેમનાં કેવાં કથ્યાં મનહર કથન !

---

* નીઝામીના અસલ ફારસી શબ્દો હેઠળ આપ્યા છે :-
"અલહક્ક હીચ બાકી નગુઝારેત વ સુખનરા બ આસ્માન બોર્દ દર ઉ ઝુબુલ બ માયએ મુથીન રસાનીદ વ કુદામ તબ્બરા કુદરતે આન બાશદ કે સુખુનરા બદીન દરજહ રસાનદ કે ઉ રસાનીદ".

ઓચે બહાદુર સોહોરાબે બાપને હાથ જાન,
કરૂણારસીક તેનું કેવું તુજ બયાન !
જો અબળા બી વાંચે તુજ જંગનાં વર્ણન,
તેની રગમાં ધમધમી રહે શૂરાતન.
ખોદા પાક, ખુદાવંદે હર દો જહાન,
પર હતો, ફીરદોસી, તું જાનથી કુરબાન.
સેતાયશમાં તેની શું બેતો ઉત્તમ
જગેજગ તેં ગાઇ છે, કવિ સર્વોત્તમ !
આ નીચલી ટુંક બેતો * રચી મનોહર
ખુદાની તેં સ્તુતિ શું ગાઇ છે સુંદર !—
"વખાણું હું દાદારે યજદે પાક,
બનાવી જેણે બોલતી ને જોતી ખાક.
બનાવે છે નરે શેર કીડીથી જેર,
બનાવે છે હાથી પર મચ્છર દલેર.
આ જગમાં મોહોટાઇ નીચાઇ આપનાર છે તું,
નથી જાણતો તું કોણ છે, જે છે તે તું."
હજાર હજાર બેતે દીનાર હું હજાર
કરીશ તને બક્ષિશ, ઓ શાએર નામદાર !,
એમ ગઝનવી મહમ્મુદે આપ્યું વચન;
પરંતુ કવિરાજનો છુપો દુશમન
હતો હસન મયમંદી, શાહનો વજીર,
જેનાં દીલમાં ઇર્ષાનું લાગેલું તીર.

---

* અસલ ફારસી બેતો નીચે પ્રમાણે છેઃ—

સેતાયશ કુનમ યજદે પાકરા
કે ગુયા ઓ બીના કુનદ ખાકરા,
બ મુરી દેહદ માલીશે નરે શીર,
કુનદ પશે બર પીલે જંગી દલીર.
જેહાનરા બુલંદી ઓ પસ્તી તુઈ,
ન દાનમ ચેઈ હરચે હસ્તી તુઈ.

ભંભેર્યું તેણે બાદશાહ મહમ્મુદનું મન,
જેથી શાહે તોડી પોતીકું વચન,
સોનાના દીનાર બદલે તેટલા દીરહમ
કવિ પર મોકલી આપવા દીધો હોકમ.
શાહ મહમ્મુદે ભંગ શાહી કોલનો કીધો,
તવારીખમાં અપજસ હંમેશનો લીધો.
લગાડયું સ્વકીર્તિને લાંછન સીઆહ,
જે પાળે વચન નહીં તે શું કામનો શાહ!
ખરો બુન્યાદ બાદશાહ ન કોલથી હટે,
બખીલાઇ નહીં ભૂપતિને ઘટે.
વરસ ત્રીસની જેહેમત અકારત ગઇ,
ઉમેદ ફીરદોસીની બસ દીલઅંદર રહી. *
ઘણો ચહડયો ફીરદોસીને શાહ પર ક્રોધ,
ને આપવા તે બાદશાહને ચાનક ને બોધ,
ચચરતી ચીતરી કાહાડી બહુ સખ્ત કવેત,
તે મહાન શાહને શાએરે કીધો ફજેત.
શાહ મહમ્મુદ પર છોડયાં તેજ બેતોનાં બાણ,
ઉતાર્યાં તે વિર નરનાં માન અભિમાન.
ઉતારે કલમ જંગી શમશેરનું આબ;
ઉતાર્યો એક શાએરે શાહનો રૂબાબ.
કવિઓ પર કુદરત ઉતારે છે વહી;
કવિ પોહોંચે છે જ્યાં રવિ પોહોંચે નહીં.
ન સહમજે બીજો તે કવિ ચેતી જાય,
પેગમ્બર મીસાલ એ દીર્ઘદર્શી કેહેવાય.
ગયો ચેતી ફીરદોસી શાહની બુન્યાદ,
ગયો સહમજી શાહની ગોલામી ઓલાદ.

---

* ફીરદોસી તુસીની ખરાં દીલની ખાહેશ એ હતી કે શાહનામું રચવા બદલ મહમ્મુદે વચન આપેલી મોહોટી રકમ તેને મલે તે રકમથી તુસ નદી ઉપર એક પાકો પુલ બનાવી આપી ત્યાંનાં લોકોને હંમેશની સગવડ કરી આપવી.

લખી નીચલી તે નાઉમેદ શાએરે બેત,
હંમેશ માટે મહમ્મુદને કીધો ફજેત.
"અગર શાહનો હતે જો શાહી પેદર,
તો સોનાનું તાજ મેલતે તે માહારે સર.
અગર શાહની ખાનદાની હતે માદર,
ઘૂંટણ પુર મને આપતે રૂપું ને જર." *
શાહ મહમ્મુદની કવિ પર ખફગી ઉતરી;
તે નાહાઠો ને પરદેશની રાહ ઝટ ધરી.
અનુભવી બુઢાપામાં આફત એણે;
ઘણી ભોગવી જંજાલ ને જેહેમત એણે.
ઉમર વર્ષ તેઆસીએ પામ્યો મરણ;
નથી કોણ થતું આખર મોહોતને સરણ?
નથી કોઇ રહ્યું, નથી રેહેવાનું કોઇ;
બધાંને મરણ પામતાં જગ રહી છે જોઇ.
ગયો કએકોબાદ ને કએગુશતાસ્પ ગયો,
ન સોહોરાબ જવાન કે જઇફ રૂસ્તમ રહયો.
ન સીઝર, સીકંદર, નેપોલ્યન, રહ્યા,
જેણે જીતી જગ તે પણ ચાલતા થયા.
ગયા કાલીદાસ, હોમર, વરજીલ કવિ,
થયો રે થયો અસ્ત ફીરદોસી રવિ.
કીધું જેણે આપણું ઇરાન સજીવન,
તે પણ જાલમ મોહોતને થયો રે સરણ!

---

* અસલ ફારસી બેતો નીચે આપી છે:—

અગર શાહરા શાહ બુદી પેદર,
બ સર બર નેહાદી મરા તાજે જર.

અગર માદરે શાહ બાનુ બુદી,
મરા સીમો જર તા બ જાનુ બુદી.

જમાનો બતાવે છે જાત જાતના ઢંગ,
બતાવે છે કીસમત તરેહ તરેહ રંગ.
ઘડીમાં ખુશાલી, ઘડીમાં બસ રંજ,
ઘડીમાં મુફલેસી, ઘડીમાં મહા ગંજ.
ના ફરતાં આસ્માન ઉપર રાખતો વિશ્વાસ,
ઘણાને દીધો ને દેશે તને ત્રાસ.

આ ચોપડી, ઇન્ડસ્ટ્રીયલ પ્રેસ, નંબર ૩૫, હમમ સ્ટ્રીટ, કોટ,
મુંબઇ મધે, ફીરોજશા બરજોરજી પાવરીએ છાપી છે અને
જેહાંગીર બરજોરજી સંજાણા, બી. એ., એ નંબર ૭૮૨,
પારસી કોલોની, દાદર, મધે પ્રગટ કરી છે.